Date of Publication 10th Posted on Every Month

₹ 20

પરબ

ડિસેમ્બર : ૨૦૨૨
વર્ષ : ૧૭
અંક : ૬

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

સંપાદક : ભરત મહેતા

જયંતિ રાબડિયા, *વાંદરાને નિસરણી,* કાંસું, ૨૦૨૦

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ ૧

મધ્યકાળ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦



કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓવિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજ્જ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંગ્રહી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૯૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.

ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ ૩

સાહિત્યિક પ્રકીર્ણ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્ભવ અને વિકાસનો ઈતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવિદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજજ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.



ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

PARAB 2022 December
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
Date of Publication 10th Posted on Every Month
ISSN : 0250-9747
₹ 20

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૭ ડિસેમ્બર : ૨૦૨૨ અંક : 6

સંપાદક
ભરત મહેતા

પરામર્શનસમિતિ

પ્રકાશ ન. શાહ
પ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

માધવ રામાનુજ

પ્રફુલ્લ રાવલ

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોનેઃ

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઈઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામુંઃ** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઈમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

માલિકઃ ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક, પ્રકાશકઃ સમીર ભટ્ટ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * મુદ્રણસ્થાનઃ ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૧૬

અનુક્રમ

પ્રમુખીય

◈ પડકાર રાહ જુએ છે, પ્રકાશ ન. શાહ 6

કવિતા

◈ મહેચ્છા, કેશુભાઈ દેસાઈ 10 રોજના, મનીષ પરમાર 10 બે ગઝલ, વારિજ લુહાર 11 તાવડી, જયંત કોરડિયા 12 ધગધગતું રણ છું!, યુસુફ મીર 12 લઘુકાવ્યો, અબ્દુલ ગફાર કાઝી 13 હાઇકુ, મંગળ રાવળ 'સ્નેહાતુર' 13 કાચીંડો, પરાગ ત્રિવેદી 13 બે લઘુકાવ્ય, ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ' 14 અમથે અમથું મલ્યા, રમણ વાઘેલા 14 સરકાર સારી છે, શકીલ કાદરી 15, મેઘબુંદોની ઝડી..., સિકંદર મુલતાની 16 ત્રણ કાવ્યો, વજેસિંહ પારગી 16 બે ગઝલ, હર્ષ બ્રહ્મભટ્ટ 17 ઈલાબેન - એક પ્રસંગની કવિતા, બ્રિજેશ પંચાલ 18 બગાસુ, ગૌરાંગ ત્રિવેદી 'ઢ' 20

કાવ્યાસ્વાદ

◈ આંખ વિનાનું દર્શન : 'દુનિયા અમારી', મનસુખ સલ્લા 21

લઘુકથા

◈ સિંગલિયું, પરીક્ષિત જોશી 25

વાર્તા

◈ કલિકા, હું અને સ્વામીા પ્રણવાનંદજી, શિરીષ પંચાલ 26 'હિન્દુસ્તાન મધ્યેનું એક ખાલી ઝૂંપડું', જગદીશ 32

ભારતીય સાહિત્ય

◈ ચાર્વાક દર્શન, વિંદા કરંદીકર, અનુ. નીલા જોશી 42

વિદેશી સાહિત્ય

◈ 'ફોન્તામારા'ની વર્તમાન સંદર્ભે પ્રસ્તુતતા, સુશીલા વાઘમશી 46

ગ્રંથાવલોકન

◈ નવલકથાનો નવતર પ્રયોગ, કનુ વસાવા 67

અને છેલ્લે...

◈ 'ઝટ ડહોળી નાંખો મંજળ થિર થયેલાં' (નર્મદ), ભરત મહેતા 72

◈ પરિષદવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 76

◈ સાહિત્ય વૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 81

◈ 'કોષાધ્યક્ષ'ની કલમેથી... રાજેન્દ્ર ઉપાધ્યાય 85

◈ આ અંકના લેખકો 86

◈ આવરણ ચિત્રઃ જયંતિ રાબડિયા, વાંદરાને નિસરણી, કાંસું, 2020

પ્રમુખીય

પડકાર રાહ જુએ છે

પ્રકાશ ન. શાહ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાનનો પહેલો દોર હમણાં જ પત્યો અને હું આ લખી રહ્યો છું. અલબત્ત, પ્રત્યક્ષ ચૂંટણી વિશે લખવાની ગણતરી સ્વાભાવિક જ નથી. માત્ર, જે ભાષામાં સૌ રાજકીય પક્ષો આપણી પાસે મત માગતા આવે છે એ ભાષામાં વહીવટ ચલાવવાની પ્રક્રિયા બાબતે એમની સંકલ્પશક્તિ કેમ પાછી અને ઓછી પડે છે તે હંમેશનો સવાલ ઓણ પણ ગાજ્યો તો નહીં જ – છેક જ વણઊઠ્યો, વણપૂછ્યો, વણસ્પર્શ્યો રહ્યો. સ્વરાજ અને સ્વભાષા વચ્ચે અવિનાભાવ સંબંધ હોવાનું આઝાદીની લડતમાં સાફ સમજાતું હતું તે છતે સ્વરાજે લગભગ બાષ્પીભૂત થઈ ગયું, એવું કેમ.

આ લખતાં લખતાં એમ જ એક જોગાનુજોગ સાંભરી આવ્યો. સવાઈ ગુજરાતી લેખે પંકાયેલા કાકાસાહેબ કાલેલકરનો આજે જન્મદિવસ છે. કાકાનું આ પાને સવિશેષ સ્મરણ પણ લાજિમ છે. 1955ના ગોવર્ધન શતાબ્દી અવસરે નડિયાદમાં સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું ત્યારે ઉમાશંકર જોશી ને જયન્તિ દલાલ આદિએ લોકશાહી સ્વરૂપ માટે નેજો લહેરાવ્યો હતો. મને યાદ છે કે હવે પરિષદ મુનશીની આજ્ઞાંકિતા મટીને ઉમાશંકર આદિનું સખીકૃત્ય કરશે એવું ચિત્રાત્મક વર્ણન એ દિવસોમાં ઇ.ર.દ. – ઈશ્વરલાલ ર. દવેએ એમની અખબારી કૉલમમાં કર્યું હતું. નડિયાદ પછી, નવી ભૂમિકાએ અમદાવાદમાં પહેલું અધિવેશન મળ્યું એની અધ્યક્ષતા કાકાએ કરી હતી. પ્રમુખીય વક્તવ્યમાં સમસામયિક મહત્ત્વ ધરાવતી જે એક માર્મિક ટિપ્પણી તેમણે કરી તે એ હતી કે સયાજીરાવ ગાયકવાડના રાજમાં ગુજરાતીમાં વહીવટ વાસ્તે પંકાયેલું વડોદરા રાજ્ય બૃહદ્ મુંબઈમાં વિલીનીકરણ પામ્યું ને મુંબઈ રાજને ધોરણે ગુજરાતીને બદલે અંગ્રેજીમાં વહીવટ શરૂ થયો ત્યારે વડોદરાવાસીઓને ખબર પડી – ઓહો, 'સ્વરાજ' આવ્યું!

જેમ વહીવટમાં તેમ શિક્ષણમાં પણ એક માધ્યમ તરીકે અને અન્યથા પણ માતૃભાષાનાં સ્થાન ને મહત્ત્વ વિશે ખાસું અંતર કાપવાપણું છે. ચૂંટણી સંદર્ભે જાહેર વિમર્શમાં આ પ્રકારના મુદ્દા ભલે ન ઊઠ્યા, પણ પરિષદપ્રમુખની હેસિયતથી રાજ્યના સઘળા પક્ષો જોગ એક પત્ર પાઠવી આપણા અત્યાર સુધીના ઠરાવોને અનુલક્ષીને મેં બે બાબતો તરફ ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને ઉમેદ સેવી હતી કે

પ્રચાર દરમ્યાન તેમ ખાસ કરીને પરિણામ પછીની પરિસ્થિતિમાં, તમે ભલે સત્તાપક્ષે હો કે વિપક્ષે, આ દિશામાં જરૂર સક્રિયતા દાખવશો. હમણાં મેં બે મુદ્દાની જિકર કરી તે પૈકી એક માતૃભાષાનો હતો તો બીજો અકાદમીની સ્વાયત્તતાનો હતો.

સાહિત્ય-અને-શિક્ષણ-સેવી સમુદાયે ચૂંટણી ટાણે આ અને આવા પ્રશ્નોમાં પડવું જોઈએ કે વિલક્ષણ અર્થમાં શિયળસાચવું બની ભલાભાઈ ભોળાભાઈ લૂગડાંસંકોરભાઈ રૂપે પેશ આવવું જોઈએ એવાયે સવાલો સલામતીની શોધમાં કે આળસની અનુમોદનામાં ઊઠતા રહ્યા છે. વખતે, નકરી અનભિજ્ઞતા કામ કરતી હોય એમ પણ બની તો શકે.

વસ્તુતઃ આ બે મુદ્દે (અને તે પ્રકારના બીજા મુદ્દાઓએ સભાન), સતર્ક ને સક્રિય રહેવું જોઈએ; કેમ કે આપણે લોકશાહીમાં વસીએ-શ્વસીએ છીએ અને તેમાંય જે બધી 'ઇન-થિંગો'ના હેવાયા બની રહ્યા છીએ તે પૈકીની એક વિભાવના 'સ્માર્ટ સિટી'નીયે છે. આ 'સ્માર્ટ સિટી' તે શું? ઇમારતી ખડકલા ને ચાર્લી ચેપ્લીનની 'મૉડર્ન ટાઇમ્સ'ની કોકટેલ? ભાઈ, એટલું તો સમજો કે તમારી ટેકનોટ્રૉનિક ફતેહ અને તરેહવાર સાધનો તેમ ઓજારોના અંજાપે 'સ્માર્ટ સિટી' સાચમાચ થયું નથી ને થાવું નથી.

વીસમી સદીમાં સામસામા જે બે મોટા અભિગમ આવ્યા એ તો સંભારો જરી. માર્શલ મૅક્લુહાને અલબત્ત કહ્યું કે ઓજાર અને ઓજારનિર્મિતિની ક્ષમતા એ એક એવું વાનું છે જે મનુષ્યપ્રાણીને બાકી પ્રાણીસૃષ્ટિથી અલગ તારવી આપે છે. પણ લુઈ મમ્ફર્ડે સરસ સમજાવ્યું છે કે બીજાં પ્રાણીઓથી મનુષ્યપ્રાણી જુદું પડે છે તે ભાષાને કારણે ને ધોરણે. સમાજ બંધાય છે અને ઘર ને નગર બને છે તે ખુદની ભાષિક અભિવ્યક્તિથી ને પરસ્પર ભાષિક આપલેથી.

નહીં કે ઓજારનિર્મિતિ ને નવ્ય ટેક્નોટ્રૉનિક આવિષ્કારોનું કોઈ મહત્ત્વ નથી. માત્ર, વાણી ને વિચારથી બંધાઈ શકતો જે ભાવપિંડ તે અગ્રક્રમે ખસૂસ છે. ચૂંટણીમુદ્દાની જિકર કરતે કરતે હું ક્યાંથી ક્યાં ચાલ્યો ગયો, તમને થશે. ભલે જરી ઉતાવળે પણ મારી વાત સ્પષ્ટ કરવાની કોશિશ કરું. ટેક્નોટ્રૉનિક સાધનસજ્જાએ લથપથ ને લદબદ મહાનગરોને પરબારાં 'સ્માર્ટ સિટી'માં ખતવી નાખો એ ન ચાલે. મમ્ફર્ડ પૂછશે કે કેમ છે ત્યાંનાં જળવાયુ, કેવીક છે ખોરાકની સોઇ; અને હા – ખાસ તો, કેવોક અવકાશ ને કેવીક મોકળાશ છે. ચાચર ચોક વિનાના ગીચઘોર માહોલમાં વકરતું મહાનગર સ્માર્ટ ન હોઈ શકે. તન અને મન બેઉને વાસ્તે અવકાશમોકળાશ છે? તમે હળોમળો, વિહરો, વિચારવિનિમય કરો તે નગરજીવનની શિરાઓ ને ધમનીઓને સરખી કામ કરતી રાખવા સારુ જરૂરી છે. સરસ પ્રયોગ કીધો છે મમ્ફર્ડે – 'ઑર્ગેનિક સિટી.'

આ ચર્ચા કરતાં કરતાં સાભિપ્રાય જ હું ઇતિહાસમાં એકદમ પાછળ ચાલ્યો જાઉં છું. બુદ્ધ ને મહાવીરના ગણરાજ્યકાળમાં. મગધસમ્રાટ અજાતશત્રુ વજ્જી ગણતંત્ર પર ચઢાઈ કરવા ચાહે છે. રાજા થયા એટલે હોદ્દાની રૂએ ખરાખોટા જુદ્ધઘેલ તો પાડવા જ રહ્યા. પોતાના મંત્રી વર્ષકારને એ બુદ્ધના આશીર્વાદ લેવાની ગણતરીએ મોકલે છે. હાસ્તો, ખરાખોટા પણ આશીર્વાદ ન આપો તો મહાત્મા થયા પણ શું કામના! પણ બુદ્ધ જેનું નામ, વર્ષકારની વાત સાંભળીને એ મોં ફેરવે છે શિષ્યસત્તમ આનંદ ભણી – અને એને સંબોધીને (અલબત્ત વર્ષકારના લાભાર્થે) સાત સવાલ પૂછે છે :

– વજ્જીઓ સાતત્યપૂર્વક ને નિયમિત ચર્ચાવિચારણા માટે મળે છે? એમની સભામાં પર્યાપ્ત ઉપસ્થિતિ હોય છે?

હા.

– વજ્જીઓનું મળવું, ચર્ચા કરવું, છૂટા પડવું, સરવાળે શાંતિપૂર્વક ને સુમેળભર્યું હોય છે?

હા.

– તેઓ પ્રણાલિગત કાયદા બરાબર પાળે છે અને નવા કાયદા કરવાને નામે આડુંઅવળું વેતરતા તો નથી ને?

હા.

– તેઓ વૃદ્ધોની આમન્યા પાળે છે? એમની સલાહ લેવાપણું સ્વીકારે છે?

હા.

– મહિલાઓ સાથે શાલીન વ્યવહાર દાખવે છે?

હા.

– તેઓ નાનાંમોટાં 'ધામ' (શ્રાઇન્સ)નો મલાજો જાળવે છે?

હા.

– તેઓ 'અર્હતો'નો સમાદર કરે છે?

હા.

આ સાતે પ્રશ્નો અને એમાં આનંદભણ્યા હકાર મહાપરિનિર્વાણ સૂત્રમાં સચવાયેલા છે. એક રીતે, બુદ્ધજીવનમાં આ સૂત્રનું સ્થાન હંસગાનવત્ છે. આનંદના ઉત્તર સાંભળી (મોં હજુયે વર્ષકાર તરફ નહીં પણ આનંદ તરફ જ રાખીને) બુદ્ધ કહે છે : 'હે આનંદ, તો પછી, આવા લોકને કોણ હરાવી શકે?'

પ્રસ્તુત પ્રશ્નોત્તરનું મહત્ત્વ આમ તો સર્વકાલીન છે. પણ આપણા દિવસોમાં તે કદાચ સવિશેષ અનુભવાય છે. મને એ સંભારવાનો ધક્કો કેમ લાગ્યો, કહું? નૉરબુના અનાયાસ વાચનને લીધે. નૉરબુ એક અચ્છા લેખક છે અને તિબેટની

આઝાદીના લડવૈયા ને રાજકીય કર્મશીલ છે. આપણા સમયના એક મોટા અક્ષરકર્મી એવા જોધારમલ આ પ્રશ્નોત્તરને આજના સંદર્ભમાં આમ ઘટાવી આપે છે:

વિધાનગૃહો ધોરણસર મળે છે અને એમાં લોકહિસ્સેદારી બરોબરની છે? એમના મળવામાં મોકળાશ છે કે પ્રતિપક્ષીને રૂંધવાની વાત છે? બંધારણમાં પથ્ય ફેરફારની શક્યતા સાથે આડેધડ મનગઢંત ચેડાનું વલણ તો નથી ને? વડીલોને – જેમ કે આરોગ્યનો સવાલ હોય. તો નિષ્ણાત દાક્તરોને – માન આપીએ છીએ? વિદ્વાનોને, ઇતિહાસજ્ઞોને, વરિષ્ઠ રાજપુરુષોને સાંભળીએ છીએ? સ્ત્રીવર્ગને બરોબરીનો દરજ્જો આપીએ છીએ? આધુનિક 'ધામો', પછી તે મ્યુઝિયમ હોય કે લાઇબ્રેરી અગર તો યુનિવર્સિટી કે પછી વૈજ્ઞાનિક ને બીજાં શોધસંસ્થાન, એમને સ્વાયત્તતા કહેતાં અવકાશમોકળાશ આપીએ છીએ? અર્હતો એટલે કે પ્રબુદ્ધ જનો – પછી તે બૌદ્ધ હોય કે જૈન અગર અન્યધર્મી (અથવા તો ભિન્નમતિ), એમની સારસંભાળ ને સલામતી બાબતે સમાદર ધરાવીએ છીએ? (જેમ બીજા વિશ્વયુદ્ધ પૂર્વે અમેરિકાએ જર્મનીના ટોમસ માન કે આલ્બર્ટ આઇન્સ્ટાઇનને આવકાર્યા, સત્કાર્યા ને સમાવ્યા હતા.)

ઉમાશંકરના પુણ્યપ્રકોપે અને દર્શકના વ્યવહારપટુ આદર્શવાદે ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્તિમાં વિલસતી કરી. ચુંટાયેલા પ્રમુખ અને લેખકીય મતદારમંડળ એ સ્માર્ટ બલકે ઑર્ગેનિક હોઈ શકતી આ રચનાની વિશેષતા હતી. આવી એક સરસ સર્જના ને સંભાવના, સહસા નંદવાઈ ગઈ : એની પુનઃપ્રતિષ્ઠાની વાત અને માતૃભાષાની પ્રતિષ્ઠાની વાત, મર્ફ્ડ – મૅકલુહાન અભિગમભેદની સાખે ને બુદ્ધના હંસગાનની સાખે.

આ પ્રગટ થશે ત્યારે મતદાનનો બીજો દોર પતી ગયો હશે, પરિણામ પણ આવી ગયું હશે. પરિણામને વળતે અઠવાડિયે સાયલામાં રાજસોભાગ સંનિધિમાં સમાપન બેઠકમાં પ્રતિનિધિ સભા રૂપે મળીશું ત્યારે આ દિશામાં સંકલ્પ દઢાવવાનો અને કદમ બઢાવવાનો પડકાર રાહ જોતો હશે.

કાલેલકર જયંતી
ડિસે. 1, 2022

❑

મહેચ્છા / કેશુભાઈ દેસાઈ

(સૉનેટ/મંદાક્રાંતા)

નાગોપૂગો દડબડી રહ્યો લીંટવાળો કનૈયો,
લૈ સાવર્ણી હડબડી રહી પૂંઠ પીછે જશોદા.
રે ગધ્ધીના, કદીય સખણું રૈ'શ કે ના–કહે તું :
આવી રીતે પજવી પજવી બોલ ને શું ચહે તું?
ઊઠી ત્યારે ટિબિયલ પિતા માંડ તારો વછૂટ્યો,
એના ગંદા શરીર થકી શો ગંધનો ધોધ છૂટ્યો!
તારી ભીની મળ નીતરતી ગોદડી ધોઉં કે હું –
દોડું તારા પગરવ તણું લેઈને હું પગેરું?
બોલ્યો એ ના શબદ સરખો – જાય છેટો ધસંતો,
ગુસ્સાયેલી જનની પર શો બાળ ધીમે હસંતો!
પ્હોંચી પેલા લગધીર તણી કીટલીની દિશામાં –
ક્હેતો જાણે કંઈક બનવાના ઊઠ્યા છે ઉધામા!
રે માડી, તું ખમ જરીક કાં થાય છે સાવ ઘેલી–
દિલ્લી મધ્યે કદીક સુત આ યોજશે ભવ્ય રેલી!

રોજના / મનીષ પરમાર

યાદનો ભાર લૈને ફરું રોજના,
એક ઇન્તઝાર લૈને ફરું રોજના.
શ્વાસ ચોરી શક્યો હોઉં ગુલાબના–
કેમ પડકાર લૈને ફરું રોજના?
કોઈ અજવાસ મારી તરફ, ના વળ્યો;
ભગ્ન અંધાર લૈને ફરું રોજના.
આંસુના છેક પાતાળમાં ઊતરી,
શુષ્ક આકાર લૈને ફરું રોજના.
ક્યાં પડાવો મનીષ નાખું મારા મહીં,
મારી વણઝાર લૈને ફરું રોજના.

બે ગઝલ / વારિજ લુહાર

1. અણસાર છે

ખુશ્બૂ સામે ક્યાં કશી તકરાર છે?
વાંક છે ફૂલોનો એને ધાર છે.

ચો-તરફ ફેલાઈ છે તાજી વ્યથા
રોજ જેવું આજનું અખબાર છે.

કેમ લડવું એ જ સમજાતું નથી,
સૌની પાસે આગવાં હથિયાર છે.

વાજબી ભાવે મળે છે કષ્ટ સૌ,
ખૂબ મોંઘી આપણી સરકાર છે.

જૂઠ છેવટ થાકશે હાર્યા પછી,
સત્ય પાસે એ બધો અણસાર છે.

2. પથ્થરમાં પ્રાણ છે

ખબર છે એમને અને મનેય જાણ છે,
કિનારાઓની મધ્યમાં જ સાચું તાણ છે.

કળી શકાય ના કદીયે ઇચ્છાઓ કોઈની,
હરેકનાં જુદાં જ રંગ, રૂપ, ઘ્રાણ છે.

ગમે કે ના ગમે એ જે કહે તે આખરી,
અહીં કે ત્યાં બધેય એમની જ આણ છે.

પછી એ માછલીનું કોણ જાણે શું થયું?
અર્જુનના તો હાથમાં હજીય બાણ છે.

છે સત્ય એટલું જ કે નમું છું ભાવથી,
પ્રતીત થાય છે કે એ પથ્થરમાં પ્રાણ છે.

તાવડી / જયંત કોરડિયા

આટલી બસ રીત એને આવડી છે,
રોજ ઊતરી રોજ ચૂલા પર ચડી છે.

તાપ વચ્ચે પણ સતત માથાકઢી છે,
નામ એનું એટલે તો તાવડી છે!

હા દિવસભર ધાન રંધાયું જ નહિ તો,
ફટ્ કહેતી કેટલું છાની રડી છે!

ઝગમગી ઊઠે બહુ ફુલ્લાય જ્યારે,
ચાનકી એકાદ ભાણે જઈ ચડી છે.

છીછરી આકરામાં લાગે ભલેને,
ભૂખનું દુઃખ પાર કરતી નાવડી છે.

ઠારવી બસ આગ કોઈના ભીતરની,
એ ભણેલી મંત્રની એક જ કડી છે.

છે અખેપાતર ને એનું ગોત્ર એક જ,
પણ દિશા, દરવેશની કોને જડી છે?

ધગધગતું રણ છું! / યુસુફ મીર

મને દુનિયાદારીના અનુભવ ના પૂછો,
સ્વજનથી અવરથી છેતરાયેલો જણ છું.

ભલે લાગતો હર્યોભર્યો હું સમંદર,
નજીકથી નિહાળો તો ધગધગતું રણ છું.

સંજોગોએ એટલો ફોલી ખાધો મને છે,
સમયની થપાટે ઘવાયેલી ક્ષણ છું.

હતો દોસ્તો મારો પણ એક જમાનો,
આજે જુઓ, રગદોળાયેલ કણ છું.

હતા આપણે ઓળઘોળ એકબીજા પર,
આજે જુઓ તો ભુલાયેલ સ્મરણ છું.

લઘુકાવ્યો / અબ્દુલ ગફાર કાઝી

સવારે
ફૂલોના ચબૂતરે
ઝાકળના ચણને
ધીમે ધીમે ચણે છે
તડકાનાં પંખીઓ...

*

વર્ષોથી ખોવાઈ ગયેલી
રાત્રિને
શોધવા નિષ્ફળ નીવડેલ છે
સૂરજનું પોલીસતંત્ર...

*

આકાશના દસ્તાવેજમાં
હું જોઉં છું
પંખીના
હસ્તાક્ષર...

*

પાંદડાં ઉપર
ઈયળની અજોડ, બેનમૂન –
કલાકૃતિઓનું
પ્રદર્શન જોવા
જાહેર નિમંત્રણ છે
વૃક્ષની આર્ટગૅલેરીમાં...

*

સૂર્યની લાશ લઈને
નીકળ્યા છે
અંધકારના ડાઘુઓ...

*

રામનાં પોપચાંમાં
શબરીનાં બોર મીઠાં
આંસુ થઈને જરૂર પાકશે...

હાઈકુ / મંગળ રાવળ 'સ્નેહાતુર'

ઘાસ વાઢતું
દાતરડું : ભાંભરે
ભૂખ આંગણે!

કાચીંડો / પરાગ ત્રિવેદી

વૃક્ષની નીચે
નેતાસભા, ઉપર
કાચીંડો સ્તબ્ધ.

બે લઘુકાવ્ય / ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ'

1

પરોઢ ટાણે
પનિહારીની
લચકતી
ચાલ જોઈ
એકલો એકલો
મલકાતો
કૂવો.

2

પવન સાથે
વાત કરતાં
ઝડપાઈ
બારી!
નવોઢા હસે.

અમથે અમથું મલ્યા / રમણ વાઘેલા

બસ અમથે અમથું મલ્યા,
કશું કીધું ના કશું લીધું ના કશું દીધુ ના – મલ્યા.
બસ અમથે અમથું મલ્યા!

અશે મલ્યા'તા, કશે મલ્યા'તા, કેમ કશી ના સ્મૃતિ?
વીતી ગયેલી વાત વિગત થૈ, કેમ કશી ના પ્રીતિ?
અધવચ્ચે આવીને જાણે, રસ્તા વચ્ચે જડ્યા!
બસ અમથે અમથું મલ્યા!

કોણ કુશળ ને કોણ ક્ષેમ, સહુ સુખદુઃખ ક્યાં જૈ બેઠાં?
ભાઈ-ભાભી ને કુટુંબકબીલા, રહ્યાં દિલથી કેમ છેટાં!
આંખની પાંપણ કે હોઠ હસે ના, મલવા ખાતર મલ્યા!
બસ અમથે અમથું મલ્યા!

આજકાલના દિવસો વચ્ચે રહ્યું કશું ના અંતર,
કેમ કરી કોને સાદ પાડશું, બધાંય મૂંગામંતર?
સગાંસંબંધી કોઈ કશેથી, ના હોંકારો ભણ્યા!
બસ અમથે અમથું મલ્યા.

સરકાર સારી છે | શકીલ કાદરી

કરે છે વાઇરસ પર વાર, આ સરકાર સારી છે,
છે એના ભક્ત અપરંપાર, આ સરકાર સારી છે.

ગણતરી કેટલાં મર્યાં બરોબર એની રાખે છે,
નકામી ના કરો તકરાર, આ સરકાર સારી છે.

દવાઓ, ઑક્સિજન, વૅક્સિન ખૂટે નહીં ક્યાંયે,
કરે છે એની એ દરકાર, આ સરકાર સારી છે.

કહીને બિલ્લા-રંગા કોઈને શાને વગોવો છો?
કરો નેતાનો જયજયકાર, આ સરકાર સારી છે.

મરે કોઈ તો 108 તરત જ લઈ જવા આવે,
નિવારે ડાઘુઓનો ભાર, આ સરકાર સારી છે.

વધાવો ફૂલમાળાઓ લઈ એના પ્રધાનોને,
જરા સારો કરો વહેવાર, આ સરકાર સારી છે.

બધાંને કાર્ડ આપી કેટલા આધાર દીધા છે?
બનાવો એ બધાંનાં હાર, આ સરકાર સારી છે.

ગઝલ, ગીતો, કવિતાઓ લખો પણ ગાળ ના આપો,
કરો ના એવા અત્યાચાર, આ સરકાર સારી છે.

કરે છે પૅક લાશો ને ખબર પડવા નથી દેતી,
મર્યું છે કોણ? નર કે નાર? આ સરકાર સારી છે.

લખો, કૉમેન્ટમાં કાંઈ લખો, જો હોય હિમ્મત તો–
કહ્યું મેં એનો શું છે સાર? આ સરકાર સારી છે.

શકીલ આંખો ઉપર બાંધીને પાટા ભક્તની જેમ જ,
કરો ચૉરા ઉપર પોકાર, આ સરકાર સારી છે.

મેઘબુંદોની ઝડી.. | સિકંદર મુલતાની

મેઘબુંદોની ઝડી બંદૂક જેવી હોય છે,
થાય દિલ ઘાયલ, દશા નાજુક જેવી હોય છે,

જોતરાઈ જા અશ્વ થઈને કો' બગીમાં પ્રેમની,
પીઠ પર સોળો ભલે ચાબૂક જેવી હોય છે.

સાવધાની, સાવચેતી સૌ નિરર્થક નીવડે,
આપદાની ચાલ કાયમ મૂક જેવી હોય છે,

વાટ ફાનસની કદી ના... વા-ઝડી છે હોલવે,
આડ, ફોટા*ની જ કાયમ ફૂંક જેવી હોય છે,

જે અહીં હૈયે વસી છે સાવ નાની ટેકરી,
મારે મન દાતારની એ ટૂંક જેવી હોય છે.

કે 'સિકંદર' માફ કરતાં શીખવું પડશે હવે,
પ્રીત-મૈત્રી તો બધે ભૂલચૂક જેવી હોય છે.

* ફાનસની વાટ ફરતેનું કાચનું આવરણ

ત્રણ કાવ્યો | વજેસિંહ પારગી

1. રોટલાનો વ્યાપ

પૂરી થઈ જાય જિંદગી
પણ
પૂરી ન થાય પરકમ્મા,

પૃથ્વીથી મોટો છે
રોટલાનો વ્યાસ.

ભૂખ્યાં જનો સિવાય
કોઈ જાણતું નથી
કેટલો છે
રોટલાનો વ્યાપ?

2. વિશાળ પૃથ્વી

મળી નથી મને
દેહ લંબાવવા જેટલી જગા,
સૂવું પડે છે મારે
કાયમ ટૂંટિયાં વાળીને;

મેં માત્ર વાંચ્યું છે ભૂગોળમાં
'પૃથ્વી વિશાળ છે'.

3. ટેકા વગર

હોય જોર
તો માર ધક્કો
ને પાડી જો
આકાશને
પછી તું આવજે
મને ધક્કો મારવા.

હુંય ઊભો છું વરસોથી
કોઈ ટેકા વગર.

બે ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ

1. કાળજીનું કાચપેપર

થઈ ગયો મનમાં શરૂ ગભરાટ પાછો,
મેં હૃદયમાં સાંભળ્યો ખખડાટ પાછો.

ચાલ ઘસીએ કાળજીનું કાચપેપર,
લાગણીઓને ચઢ્યો છે કાટ પાછો!

પારકી હળવાશ મહેણાં મારશે તો?
શોધી લાવો આપણો રઘવાટ પાછો.

સૂર્ય ડૂબવાની ક્ષણો જ્યાં પાસ આવે,
કોઈનો ફફડી ઊઠે ચળકાટ પાછો.

છે અબોલા આમ તો જીવનની સાથે,
રોજ કરવાનો છતાં કકળાટ પાછો.

2. વારતાની પરી

લપસણી સફર હોય છે દાદરાની,
કસોટી થતી હોય છે ભલભલાની.

કરો જો રુદન તો કરો એની સામે,
છીપાતી રહે છે તરસ આયનાની.

મુસીબત રહી હસમુખા લોકની આ
ખબર ના પડી એમના અણગમાની.

થશે રક્તરંજિત શું ચોક આજે?
સતત આંખ ફરકી રહી પાળિયાની.

હતું નામ બદનામ બહુ એ ગલીનું,
રહે ત્યાં પરીઓ બધી વારતાની.

❑

ઈલાબેન*- એક પ્રસંગની કવિતા | બ્રિજેશ પંચાલ

ઈલાબેન! તમે એ દિવસે અદભૂત કામ કર્યું.
સાહિત્યકારોને તદ્દન નવો શબ્દ શોધવાનું કામ ધર્યું!
ને એ પણ પરિસ્થિતિને આધીન બનેલા
પ્રસંગમાંથી શોધવા કહ્યું!
તમે પહેલાં કીધું–
　　　　"સંવેદનાને જોડું છું વેદના સાથે."
પછી કીધું–
　　　　"વેદના એટલે પીડા હોય... તો તો એ છે સિક્કાની એક જ બાજુ."
ઈલાબેન! બીજી કઈ બાજુ?
તમે બોલ્યા'તા-
　　　　"સ્ત્રીને પ્રસૂતિ થાય એ ઘડીએ થતી વેદનાનો પર્યાય ખુશી!"
એનો મતલબ તમે આને કદાચ બીજી બાજુ કીધી?
થોડું વિચારવું પડે એવી વાત તમને સૂઝી છે.
જે અદ્દલ બંધ પટારાની ન મળતી કૂંચી છે.
બીજું બધું જાવા દ્યો. પહેલાં એ તો કહો, બેન!
આ નવો શબ્દ શોધવાની જરૂરિયાત કેમ ઊભી થઈ?
ઘણા વખતથી બનતા પ્રસંગને આબેહૂબ વર્ણવવા કોઈ શબ્દ નહોતો મળતો,
કે પેલો પ્રસંગ બન્યો એટલે જ.
આવું તો બન્યા કરે... તમ તમારે મોજ કરો મોજ.
બાકી કરાવવી હોય તો કરાવો એક નવા શબ્દની ખોજ.
પણ તમારી વાતેય સાચી, આવો તે પ્રસંગ ભૂલાય!
તમારી આજ્ઞા સાથે આ લોકો વચ્ચે એ પ્રસંગ, તમે કહો તો જ ખોલાય! બાકી...
કહી દઉં? એમ! તો લ્યો...
કાળા ડમ્મર રોડ વચાળે બેસીને
બિચારાં ચંપાબેન રોજ વેચતાં'તાં અવનવો સામાન.
એમને ક્યાં જાણ હતી? એકદમ આવી જશે ખાખીવેશમાં શેતાન.
જે કરી નાખશે વેરવિખેર એમનો સામાન.
ખાખીવેશધારી આમ તો નિભાવી રહ્યા'તા એમની ડ્યૂટી.
બસ ખાલી એમની રીત હતી ખોટી.
સાહેબે બધાં ઉપર ધાક જમાવવા
ફક્ત ચંપાબેનની જ બધી વસ્તુ રોડ પર ખુલ્લેઆમ ઝીંકી.
આટલું કરીને જતા રહ્યા ખાખીવેશધારી.

પણ ચંપાબેન તો ગુસ્સામાંને ગુસ્સામાં સામાન પડતો મૂકી,
સેવાવાળા ઈલાબેનને મળવા ચાલી.
કોઈને કીધા વિના અડી ગયાં ચંપાબેન ઓફિસમાં ને કરી ફરિયાદ.
વિગત સાંભળી સૌએ કીધું-
"આ તો છે ખોટી વાત!"
ત્યાં ચંપાબેને પકડ્યો ઈલાબેન, જોરથી તમારો હાથ.
ને પકડી પોલીસ સ્ટેશનની વાટ,
તમે એમના પક્ષમાં રહીને, મોટા સાહેબને આવું ખોટું કરવાનું કારણ પૂછ્યું,
ત્યારે ચંપાબેને ક્યારનું આવેલું આસું લૂછ્યું.
ચંપાબેનને મળી હિંમત... ને એ હિંમતમાંને હિંમતમાં જ તમારો હાથ-
એમણે એવો ઝાલ્યો...
એવો ઝાલ્યો...
એવો ઝાલ્યો...
કે એમના વાગેલા નખથી હાથ તમારો આખો લોહીલુહાણ થવા આવ્યો.
આ જોઈને ખાખીવેશધારી મૂંઝાયા, બે હાથ જોડ્યા.
ને બોલ્યા–
"માફ કરજો બેન!"
આ સાંભળી ચંપાબેન તમને ભેટીને,
એવા રડ્યાં...
એવા રડ્યાં...
એવા રડ્યાં...
કે તમે હાથમાં વાગેલા જખ્મો ભૂલ્યા.
ઓહો... એટલે તમે ઇચ્છો છો કે
સાહિત્યકારો દ્વારા આવી પરિસ્થતિને એક જ શબ્દમાં કહેવા માટે
કોઈ નવો નક્કોર શબ્દ શોધાય!
પણ બેન! તમે આ જે બન્યું એને સંવેદનાય કહેતા નથી અને વેદનાય નહિ!
તો શું કહીશું?
હું કહું?
મને કહો–
"વિજ્ઞાન માટે ઊભા થયેલા પ્રશ્નનો ઉકેલ શોધી કાઢે એને શું કહેવાય?"
વૈજ્ઞાનિક... બરોબર!
તો બેન આ વેદના માટે ઊભા થયેલા પ્રશ્નો ઉકેલે, એને-
"વૈદનાનિક" કહેવાય ને?

એટલે ટૂંકમાં તમે શોધવા કીધેલા શબ્દ વિશે, એક જ શબ્દ કહી શકાય, ને એ છે-
વૈદનાનિક
વૈદનાનિક
વૈદનાનિક
તમે વૈદનાનિક હતા, છો અને રહેશો...

*ઈલાબેન ર. ભટ્ટ (સામાજિક કાર્યકર્તા અને 'સેવા' સંગઠનનાં સ્થાપક.) સાથે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલ સુરત ખાતેના ૩૦માં જ્ઞાનસત્રમાં થયેલ જાહેર સંવાદ સાંભળ્યા બાદ લખાયેલી કવિતા. અહીં દર્શાવેલ ચંપાબેન નામ કાલ્પનિક છે.

'બગાસું' / ગૌરાંગ ત્રિવેદી 'ઢ'

વાતને જાણી શકો ના તો બગાસું આવશે,
નીંદ જો માણી શકો ના તો બગાસું આવશે.

વાત કરશે સાવ એવી માત્ર માથું ફેરવે,
વાર થોડી ત્યાં ટકીએ તો બગાસું આવશે.

જે કદીયે દેખવા ગમતાં નથી સામાં મળ્યે,
પાસ આવી હાલ પૂછે તો બગાસું આવશે.

દિવસ મધ્યે ત્રણ કલાકે પામવાને ઇચ્છતો,
ના મળે જો ચા મધુરી તો બગાસું આવશે.

જિંદગીમાં પામવાને ખૂબ ઇચ્છાઓ કરી,
તે પ્રયાસો વ્યર્થ જાણ્યા તો બગાસું આવશે.

ખૂબ લાંબાં પ્રવચનો વક્તા કહી બેસી ગયા,
એ તરફ જો ધ્યાન જાશે તો બગાસું આવશે.

રાત આખી જાગવાની ટેવ જૂની છે ઘણી,
કો' વહેલાં ઊઠવાનું તો બગાસું આવશે.

આંખ વિનાનું દર્શન : 'દુનિયા અમારી'

મનસુખ સલ્લા

દુનિયા અમારી

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ!
પણ કલરવની દુનિયા અમારી!
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી!
કલબલતો થાય જ્યાં પ્હેલો તે પ્હોર
બંધ પોપચાંમાં રંગોની ભાત.
લોચનની સરહદથી છટકીને રણઝણનું
રૂપ લઈ રસળે શી રાત!
લ્હેકાએ લ્હેકાએ મ્હોરતા અવાજના
વૈભવની દુનિયા અમારી!
ફૂલોના રંગો રિસાઈ ગયા, જાળવતી
નાતો આ સામટી સુગંધ.
સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
અટક્યાનો સાચવે સંબંધ!
ટેરવામાં તાજી કૈં ફૂટી તે નજરુંની
અનુભવની દુનિયા અમારી!

(કાવ્યસંગ્રહ 'અડોઅડ'માંથી) – ભાનુપ્રસાદ પંડ્યા

કેટલીક કવિતા કવિની ઓળખરૂપ બની જાય છે. ભાનુપ્રસાદ પંડ્યા ગીત અને સૉનેટમાં નીવડેલા અને પ્રથમ પંક્તિના કવિ હતા. સાહિત્યપદાર્થથી પૂરા અભિજ્ઞ હતા. તેમનો વિશેષ છે સતત વહેતી સર્જકતા. એનું બળ તેમનામાં છેક સુધી અક્ષુણ્ણ રહ્યું હતું.

તેમનું ઓળખરૂપ વિખ્યાત ગીત છે : 'દુનિયા અમારી'. આમ તો કાંઈક

ખોવાનો અને પામવાનો ભાવ છે. પોતે શું ખોયું અને વિપુલ માત્રમાં શું પામ્યા એની સભરતાની આ કવિતા છે.

ગમી જાય છે કવિનો મિજાજ. ભગવાને આંખો લઈ લીધી. આંખ જતાં માણસ પરવશ, હતાશ, નિરસ બની જાય. કારણ કે જગત સાથેના સંબંધનું મુખ્ય માધ્યમ આંખ છે. આંખ ગઈ એમ નહિ. કવિ કહે છે કે નાથે લઈ લીધી છે. કવિ એને 'દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ!' એ રૂપે વર્ણવે છે. નાથ, તમે દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, પરંતુ અમારી દુનિયા તો અમારી છે. માનવીના આત્મગૌરવ અને મહત્ પ્રાપ્તિ દરેક કડીએ પુનરાવર્તન પામતી રહે છે. નાથ તમે લઈ લઈને આટલું લીધું, પણ અમારી દુનિયા આગવી, મૌલિક અને સભર છે. દેખ્યાનો દેશ ગુમાવવાથી અમે બિચારા નથી બની ગયા. આવી સભરતાની પ્રાપ્તિ દરેક કડીમાં છલકાય છે.

ગીતમાં ઘણી વાર પહેલી પંક્તિ પ્રભુદીધી હોય છે, પણ કવિ તેનું આખા ગીતમાં નિર્વહણ કઈ રીતે કરે છે તેમાં તેની સર્જકતાનો પરિચય થાય છે. કવિમાં ગ્રામસંસ્કૃતિ અને તેના વિશિષ્ટ પ્રયોગો ઝમીને પચેલાં છે. એટલે પ્રાપ્તિની દરેક સ્થિતિ બહુ રમણીય રીતે પ્રગટ થઈ છે.

'કલરવની દુનિયા અમારી'માં જગતના નાથને, પડકાર પણ છે કે તમે આ આ નથી લઈ શક્યા, એ તો 'અમારી' દુનિયા છે. ચક્ષુ ગયાં તો બાકીની ઇન્દ્રિયોથી જગતનાં સૌંદર્ય, સભરતા અને આનંદને માણશું. આ અમારી દુનિયાને નાથ, તમે છીનવી નહિ શકો. ભલે આંખ ગઈ, પણ કલરવની દુનિયા, પગરવની દુનિયા અખંડ છે. પછીનાં બે ચિત્રો કવિતાને ઊંચાઈ આપે છે :

કલબલતો થાય જ્યાં પ્હેલો તે પ્હોર
બંધ પોપચાંમાં રંગોની ભાત,
લોચનની સરહદથી છટકીને રણઝણનું
રૂપ લઈ રસળે શી રાત!

બંધ પોપચે કવિ રંગોની ભાત જોઈ શકે છે. કારણ કે આખી પક્ષીસૃષ્ટિ પ્રભાતે સંગીત પીરસવા હાજર છે. અને રાતનું રૂપ રણઝણતું રસળે છે એમાં લોચનની અનિવાર્યતા નથી. આ માત્ર ઇન્દ્રિયવ્યુત્ક્રમ નથી, શૃંગારનો ભાવ પણ વ્યંજિત થાય છે.

ચક્ષુથી મળતો વૈભવ ભલે છીનવાયો, પરંતુ મહોરતા અવાજનો વૈભવ અમારો છે. અવાજ મહોરી શકે જો કાન અને હૈયું સજાગ હોય તો. એમાં પ્રિયતમાનો અવાજ પણ ખરો જ. અવાજનાં વિવિધ રૂપો પ્રત્યક્ષ કરાવી શ્રવણ કેવી સભરતા

આપે છે એ કવિ પ્રત્યક્ષ કરાવે છે.

ફૂલોના રંગો હવે જોઈ શકાશે નહિ. (રંગો રિસાઈ ગયા છે) પરંતુ સુગંધ જે નાતો જાળવે છે એ ઘ્રાણેન્દ્રિયનો સંબંધ અકબંધ છે. એની અનુભૂતિ થઈ શકે છે.

કવિ શ્રવણ, ઘ્રાણેન્દ્રિય પછી સ્પર્શની અનુભૂતિનું અદ્‌ભુત સ્વરૂપ પ્રગટ કરે છે :

સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
અડક્યાનો સાચવે સંબંધ!

મોટો કવિ એ છે જે ઉચિત, આકર્ષક, માર્મિક ભાવસંદર્ભ રચી શકે છે. તમામ ઇન્દ્રિયો જગત સાથેનો સંબંધ જાળવવા માટે છે. ઇન્દ્રિયો સાબદી હોય તો એક ઇન્દ્રિય (ચક્ષુ) ન રહે તો પણ સૃષ્ટિ સાથે સંબંધ જાળવી શકાય તેનું આ મનોરમ ચિત્રકાવ્ય છે. લ્હેરખી અડકીને સમા સમાના સંદેશા, એટલે કે પ્રકૃતિની સમગ્ર રમણાના સંદેશા આપે છે. એ સ્પર્શની ટોચ છે અંતિમ પંક્તિમાં :

ટેરવાંમાં તાજી કૈં ફૂટી તે નજરુંની
અનુભવની દુનિયા અમારી!

હવે ટેરવાં જ નજર બની ગયાં છે. ચક્ષુ દ્વારા જોવાની જરૂર રહી નથી. ચક્ષુને નાથે લઈ લીધાં તો ટેરવાંમાં નજરું ફૂટી છે. એનો જે અનુભવ થાય છે તે દુનિયા અમારી છે.

કવિએ આખી કવિતામાં તુલના દ્વારા ભાવને વળ ચડાવ્યો છે. એટલે ખોયું તે અલ્પ છે અને પામ્યા તે વિપુલ છે, સૂક્ષ્મ છે અને વધારે વ્યાપક છે. સર્વ ઇન્દ્રિયોની આવી પોતીકી અનુભૂતિ એ મનુષ્યની વિશેષતા છે. આ ધ્વનિ આખી કવિતાને ધારણ કરે છે. સાથે જ કવિ પૃથ્વીલોકના સહુ સાથેના સંબંધનું માધુર્ય અત્યંત નાજુક, કોમળ, સ્પર્શક્ષમ રીતે પ્રગટ કરે છે. એના પ્રત્યેક ચિત્રમાં સંબંધનું માધુર્ય છે અને ચિત્રની સુષમા છે. વળી જે નથી તેના વિકલ્પે સમગ્રને કેમ પામી શકાય એનું કવિએ મનોરમ વર્ણન કર્યું છે.

કવિતામાં 'અમારી દુનિયા'નું પુનરાવર્તન અનુભૂતિને દઢાવે અને દ્વિગુણિત કરે છે. 'અમારી' દુનિયાનું દર્શન આંખ વિના કરવાનું છે. કવિએ આપેલાં ચિત્રોમાંથી બાકીની તમામ ઇન્દ્રિયો દ્વારા સૃષ્ટિ સાથેની આત્મીયતાની અનુભૂતિ થાય છે. એટલે પ્રતીતિ થાય છે કે એક ઇન્દ્રિય ગુમાવ્યા પછીની પ્રાપ્તિ ઘણી મોટી હોઈ શકે છે. આ વિશિષ્ટ દર્શન છે.

ઈશ્વર-પ્રભુ-નાથ લઈ લઈને એક ઇન્દ્રિય લઈ શકે. પરંતુ માનવીની દુનિયા ઘણી વ્યાપક અને સર્વસ્પર્શી છે. આવા માનવીય ગૌરવની પણ આ કવિતા છે. કશુંક ગુમાવતાં આવતા બિચારાપણાની જગ્યાએ વિકલ્પે જે મળ્યું, પમાયું,

અનુભવાયું તેની સભરતા અને સૂક્ષ્મતા કેટલી મહત્ છે તેની આ કવિતા છે.

કવિમાં પચેલું ભાષાપોત કવિતામાં અવતરતું હોય છે. સૌરાષ્ટ્રી ભાષાના વિશિષ્ટ ભાષાપ્રયોગો કવિતાના અવિનાભાવી અંગરૂપે પ્રગટ્યા છે.

શ્રવણ, દર્શન, ગંધ અને સ્પર્શની એક નવી જ દુનિયા પ્રગટ કરીને કવિએ ‘અમારી દુનિયા’ની મહત્તા ગાઈ છે. એટલે કવિતાના તમામ ચિત્રો સર્વેન્દ્રિય અનુભવના વાહક બની રહે છે.

ગીતનાં પ્રાસ અને લયબદ્ધતા, શબ્દોનો સુકુમાર વિન્યાસ, અનુભૂતિને પ્રત્યક્ષ કરાવતી ચિત્રાત્મકતા અને માનવીય ગરિમાની ઉત્કૃષ્ટતાને કારણે ભાનુપ્રસાદ પંડ્યાની આ કવિતા ગુજરાતી કવિતાનું નમણું આભૂષણ બની ગઈ છે.

❑

કવિતા/ગીત/ગઝલ

ત્યારે જિવાય છે : હિમલ પંડ્યા, 2021, કવિતાકક્ષ, ભાવનગર, 26+102, રૂ. 250 **ઝાકળને કોણ સમજાવે** : અંકિત વાઘેલા, 2021, 50, જયમહારાજ ડુપ્લેક્ષ, વાણિયાવાડ, નડિયાદ, પૃ. 96, રૂ. 150 **સાપસીડીની રમત** : તલકશી પરમાર, 2021, વિશ્વગાથા, સુરેન્દ્રનગર, 8+48, રૂ. 100 **મૌનમાં સમજાય એવું** : ભરત વિંઝુડા, 2021, પ્રવીણ પ્રકાશન, પ્રા.લિ., રાજકોટ, પૃ. 112, રૂ. 130 **પિરામીડ** : પ્રવીણ પોંદા, બીજી 2021, શાંતિલાલ સી. પોંદા, હબુરિયા ચોક, ભાવનગર, 4+24, રૂ. 40 **અધ્યયન** : મનુભાઈ એસ. પટેલ, 2021, સંગીત સાધના કેન્દ્ર, વડોદરા, 6 + 114, રૂ. 150 **ખાડિયાની આરપાર** : નીરવ વ્યાસ, 2021, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. 134, રૂ. 200 **પતંગિયાની પાંખે** : ગભરૂ ભડિયાદરા, 2021, ગાંધી વિદ્યાપીઠ, વેડઝી, પૃ. 180, રૂ. 250 **એક્ષટર્નલ લવ** : ડૉ. હસન લુણત, 2018, તૃષા પ્રકાશન ગૃહ, આલીપોર, પૃ. 45, રૂ. 70 **શ્વાસમાં ઝાકળ** : મંજરી ભારતન 2021, ભારતન દેસાઈ, 15, જય અંબે સોસાયટી, શાસ્ત્રી રોડ, બારડોલી, પૃ. 111, રૂ. 100 **સારથી હું** : રેખા જોષી, 2021, આર/403, આરોહી ફ્રેટસ, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ, પૃ. 88, રૂ. 101.

લઘુકથા

સિંગલિયું

પરીક્ષિત જોશી

'**ત**મે તો જાણો છો ને ફૂટપટ્ટીથી માપીને લેવાય છે. લાખોનો ભાવ થાય છે આટલી જગાનો, ભૈ.'

'પણ સમાચાર લોકો સુધી પહોંચાડવા તો આપણો ધર્મ છે, સાહેબ. આપે જ તો શીખવ્યું છે. અને એમાંય આવા સમાચાર તો...'

'ક્યાં ના છે, ભૈ? લેવા જ જોઈએ. પણ સમાચારની જેમ.'

'એટલે, ન સમજ્યો.'

'સમજાવું. કોમ મર્યું છે, એ મહત્ત્વનું કે નહીં?'

'ખરું, ખરું સાહેબ. મર્યું છે એ જ મહત્ત્વનું.'

'અહીં તો મજૂરો જ મર્યા છે ને? અને એય કેટલાં?'

'સાહેબ, મોટાભાગે આવા અકસ્માતોનો ભોગ મજૂરો જ બને છે. અત્યારે આઠ મર્યાનો આંકડો છે. કદાચ એ આંકડો વધે પણ ખરો.'

'આઠ મજૂરો માટે તમે આ કેટલાં કોલમ સમાચાર કર્યા છે?'

'આઠ.'

'આઠ મજૂરો માટે આઠ કોલમ સમાચાર કરશો, એમ?'

'અરે, સાહેબ...'

'આ કંપનીની આપણને કેટલી જાહેરાત મળેલી એ કહો તો...? યાદ છે કે...?'

'જી, ફૂલ પેઈજ. આઠ કોલમ. પ્રીમિયમ રેટસ્ પર.'

'તો પછી સિંગલિયું લઈ લ્યો. સમાચાર તો આખરે સમાચાર જ છે.'

'જી...'

'અને હા, કંપની બુકિંગ શરુ કરે એ પહેલાં જરા ફોલોઅપ કરજો. ફૂલ પેઈજ, આઠ કોલમ, જાહેરાત માટે, હોં.

❑

વાર્તા

કલિકા, હું અને સ્વામી પ્રણવાનંદજી

શિરીષ પંચાલ

ઘણા વખતથી હું સ્વામી પ્રણવાનંદજીનાં પ્રવચનો સાંભળવા જઈ શક્યો ન હતો. ત્રણેક મહિના માટે તેઓ દક્ષિણ ભારતના પ્રવાસે ગયા હતા. એ દરમિયાન વચ્ચે વચ્ચે કોઈ સાધુ આવી ચઢતા હતા. તેમણે સ્ત્રીઓની, પંકાયેલી સ્ત્રીઓની ભારે નિંદા કરી હતી. સિને અભિનેત્રીઓ વિશે તેમનો ખ્યાલ બહુ ઊંચો ન હતો. એક વેળા મહાભારતની કથાઓની વાત નીકળી ત્યારે તે બોલી પડ્યા હતા કે વ્યાસ ભગવાને એક વાત સારી કરી હતી. પેલા કૌશિક મુનિએ પોતાની અગ્નિ જેવી આંખોથી બગલીને બાળી નાખી હતી અને પછી. અભિમાની થઈને તે પતિવ્રતા સ્ત્રી પાસે જઈ પહોંચ્યા. પેલી સ્ત્રીએ તેને ધર્મવ્યાધિ પાસે મોકલ્યો. પણ એ સ્ત્રીએ કૌશિક મુનિને કોઈ વારાંગના પાસે મોકલ્યો હોત તો... એમ તો આપણા મધ્યકાલીન સાહિત્યમાં સ્થૂલિભદ્ર કોશા ગણિકા પાસે નથી જતા? પણ એ તો વૈરાગ્યને વરેલા સાધુ....

મારું મન ઝોલે ચડ્યું, ઊગતી જુવાનીમાં મુંબઈના કમાટીપુરામાંથી પસાર થતી વખતે અટારીઓમાં, ઓટલા પર, બારીઓ આગળ ઊભી રહેલી સ્ત્રીઓને મેં જોઈ ત્યારે ભારે અરેરાટી થઈ હતી. હૃદયમાં અનેક ઘા અને મોં પર પાઉડર-લાલીના લપેડા કરી, પોતાની અડધી ઉઘાડી કાયાને જે રીતે દેખાડતી હતી તે હું જોઈ શકતો ન હતો. કોઈ કવિએ આવી સ્ત્રીને જોઈ કામદેવની રતિને યાદ કરી હતી, પછી તો મને આવી સ્ત્રીઓ વિશે જાણવાની ભારે જિજ્ઞાસા થઈ. સ્વામીજી આવે ત્યાં સુધી રાહ જોઈ શકતો ન હતો. એટલે પુસ્તકાલયોમાં જઈને બધું ફંફોસવા બેઠો. રમણલાલ દેસાઈએ ‘અપ્સરા’ ગ્રંથશ્રેણી તૈયાર કરી હતી, બીજું એક પુસ્તક હાથ લાગ્યું. સીમોં દ બુવાંનું ‘સેકન્ડ સેક્સ’. પુસ્તકના આરંભે જ વાંચ્યું, In every sense the woman is under the man.

આ દરમિયાન મારા એક ઓળખીતા દંપતી થોડા દિવસ માટે મુંબઈથી અહીં આવી ચઢ્યાં. બહુ સસ્તી નહીં અને બહુ મોંઘી નહીં એવી એક હોટલમાં તે ઊતર્યાં હતાં. હું ત્યાં જતો-આવતો થયો એટલે મને ખબર પડી કે એ હોટલ બહુ વગોવાયેલી હતી. ત્યાં ઊતરનારાઓને બધા જ પ્રકારની સોઈ માલિકો પૂરી પાડતા હતા. મેં બેએક વાર તેમને હોટલ બદલવા કહ્યું પણ તેઓ ન માન્યાં તે ન જ માન્યાં.

મુંબઈથી દીકરીના દીકરાને પણ લાવ્યા હતા. દીકરો હતો તો આઠ-નવ મહિનાનો. આમ ડાહ્યો લાગે પણ હતો પૂરેપૂરો ઉધમાતિયો. એક બીજો આઘાત પણ મેં અનુભવ્યો. બાજુના ઓરડામાં પચીસેક વરસની એક સ્ત્રી એકલી રહેતી હતી. ભારે રૂપાળી ઊજળી ઊજળી, આંખો કાળી કાળી કામણગારી. મને થયું, આ સ્ત્રી એકલી અહીં શું કરતી હશે? મેં જરા ઊલટતપાસ કરવા મારા એકબે ઓળખીતાઓને પૂછ્યું, શરૂઆતમાં તો કશું જાણવા ન મળ્યું. તેઓ મને ટાળતા હોય એમ લાગ્યું. પછી આગ્રહ કરી કરીને પૂછ્યું ત્યારે ખબર પડી કે તે આજીવિકા માટે શરીર વેચતી હતી. હું આ વાત કોઈ રીતે માનવા તૈયાર ન હતો. ધારો કે એને કોઈ ઘરમાં જોઈ હોય તો? કોઈની પત્ની, કોઈની બહેન, કોઈની દીકરી જ લાગે. અને પછી જાણવા મળ્યું કે આ સ્ત્રી દરરોજ સવારે સાતઆઠ વાગે નાના દીકરાને પોતાના ઓરડામાં લઈ જઈને રમાડે-સાચવે – નવડાવે-ધોવડાવે, શીશી વડે દૂધ પિવડાવે. એ સ્ત્રીનું નામ હતું કલિકા. સામાન્ય રીતે તો બાળકો અજાણ્યાં પાસે જતાં નથી, પણ આ બાળક તો બહુ વિચિત્ર નીકળ્યું . જરાય રડે નહીં, ગેલ કર્યા જ કરે. વચ્ચે વચ્ચે કલિકા બાળકને લઈને આવી ચઢે, દાદી પોતાની પાસે ખેંચે પણ પેલો જાય શાનો? બળજબરી કરો તો રડારોળ કરવા માંડે. એટલે કલિકા ઊંચકી જ લે. દાદી બોલી પડે, 'જા, ભાઈ જા, તારી બીજી મા આવી છે ને!'

જેટલી સ્વાભાવિકતાથી બાળકનાં દાદા-દાદીએ કલિકાને સ્વીકારી લીધી હતી તેટલી સરળતાથી હું સ્વીકારી ન શક્યો. એક દિવસ સાંજે હું ત્યાં જઈ ચઢ્યો, બાળક દાદા-દાદી પાસે ન હતું. ખબર નહીં, બેએક દિવસથી મને સપનામાં એ બાળક એટલે કે અંશુ દેખાયા કરતો હતો. એકાદ વખત કલિકાની ઝાંખીપાંખી છાયા પણ દેખાઈ હતી, પૂરી દેખાય નહીં એટલે સભાન થઈને હું ઊભો થઈ ગયો. સપનું તૂટી ગયું, એનો અજંપો બહુ ભારે લાગ્યો એટલે હું અંશુને જોવા જઈ ચઢ્યો. અંશુ વિના હું ખાસ્સું હિજરાયો હતો. દાદા-દાદી સાથે ખાસ વાતો કરી ન શક્યો. એટલે મેં કહ્યું, 'ચાલો, અંશુને જરા મળી લઉં.'

પણ તેને મળવા જઉં એટલે મારે કલિકાને પણ મળવું પડે. મેં એના બારણે ટકોરા માર્યા. નરી શાંતિ હતી, કશો જવાબ ન મળ્યો, ફરીવાર ટકોરા માર્યા. તે બહાર તો જાય જ નહીં એટલે ખરાબ લાગે તો ભલે ખરાબ, પણ મેં એમ જ દરવાજાને ધક્કો માર્યો; ખૂલી ગયો. કલિકા પલંગ પર બેઠી હતી. આજુબાજુ બહુ બધાં રમકડાં હતાં. મને વધુ આઘાત કલિકાને જોઈને લાગ્યો હતો. તેણે પોતાનો કબજો કાઢી નાખ્યો હતો, અંશુ ખોળામાં હતો, તે જાણે સ્તનપાન કરાવી રહી હતી. તેના એક હાથમાં દૂધની શીશી હતી, એ શીશીમાંથી વારેવારે દૂધનાં ટીપાં પોતાનાં સ્તન પર, સ્તનની ડીંટડીઓ પર પાડતી હતી, અને અંશુ સ્તનપાન કરી રહ્યો હતો, વચ્ચે વચ્ચે પગ ઉછાળ્યા કરતો હતો. કલિકાનું ધ્યાન મારા પર જરાય ન હતું. તે

એકીટશે અંશુના મોં સામે જોયા કરતી હતી, કદાચ તેની આંખોમાં આંસુ હતાં. એકાદ-બે આંસુ અંશુ પર, તેની છાતી પર પડતાં હતાં. આંસુ અને દૂધનાં ટીપાં એકબીજામાં ભળી જતાં હતાં. હું કશુંક બોલવા જવાનો હતો 'કલિકાબેન, આ શું કરો છો?' પણ મારા મોંમાંથી એકે અક્ષર નીકળી ન શક્યો, હું થીજી ગયો. કોઈએ મૂઠ મારી દીધી ન હોય! જરા આગળ વધવા ગયો ત્યાં મારા પગમાં નાનકડી મોટર અથડાઈ, અને તેના અવાજે કલિકા ચોંકી ગઈ. તરત જ ઉઘાડી છાતી ઢાંકી દીધી. અંશુને ખોળામાંથી ઉતારીને પલંગ પર બેસાડ્યો. તે મારી સામે જોઈને હસ્યો. હું તેને લેવા આગળ વધ્યો, 'ઘણા વખતથી અંશુને જોયો ન હતો, અને આનાં દાદા-દાદી તો બેએક દિવસ પછી મુંબઈ જાય છે એટલે થયું – ચાલ મળી લઉં.'

પોતાની અસ્વસ્થતાને છુપાવતી તે બોલી, 'મને આવી હાલતમાં તમે જોઈ એટલે તમને નવાઈ લાગશે. છેલ્લા થોડા દિવસથી મારી સ્થિતિ બહુ વિચિત્ર થઈ ગઈ છે. ઋણાનુબંધ કહો કે જે કહો. હું ક્યાં જવા માગતી હતી? દૂર દૂર એક સ્વપ્ન હતું, પણ ત્યાં જવું કેવી રીતે? એક ડગ આગળ ભરું અને સ્વપ્ન બે ડગ આગળ જતું રહે. દોડવા જઉં તો ખ્યાલ આવે કે રસ્તે તો કાંટા-કાંટા છે, અણીદાર પથરા છે. પણ અહીં આવી. હું જ્યાં જવા માગતી હતી ત્યાં આવી પહોંચી છું. હું પણ નાની હતી ત્યારે મંદિરે જતી હતી, દેવ પાસે મેં શું માગ્યું હતું? મારા હૃદયની આકાંક્ષાઓ, મારા લોહીમાં વહેતો રણકાર – દેવે આપ્યું શું? ભડભડ કરતી આગ સિવાય મારી પાસે હતુંય શું?'

આટલું બોલીને કલિકા અટકી ગઈ, મારા મોઢા પરના ભાવ જાણે ઉકેલવા મથતી હતી, 'મારી કથા કહીને તમને કંટાળો આપતી હોઈશ, પણ આજે સાંભળો. મને વેઠી લો. આમેય આવી કથા મારી એકલીની ક્યાં છે? જ્યાં જોશો ત્યાં કચડાયેલી, કંતાયેલી, પીડાયેલી જોવા મળશે. કન્યા, કિશોરી, યુવતી, સ્ત્રી, માતા – કશું જ નહીં, બધું મિથ્યા હતું. નાનપણમાં ગોખલામાં મૂકી રાખેલા કૃષ્ણની મૂર્તિ આગળ દરરોજ દીવો કરતી હતી, પણ હવે આવી અવસ્થામાં હું દીવો કરું? મારા શરીર પરનાં વસ્ત્ર ઊતરતાં હોય અને પેલો કાનો જોયા કરે? હું ઓછી દ્રૌપદી હતી? એટલે મેં તો કાનાને પણ માળિયે ચડાવી દીધો. ઘરથી દૂર એક મોટું મંદિર હતું, કોઈ કથાકારે ત્યાં એક વખત કહ્યું હતું, ચમત્કારો આજે પણ બને છે. હું સાંભળીને બહુ હસી હતી. ચમત્કાર? એ તો ભગવાન માટે જમુનાએ માર્ગ કરી આપ્યો, કુબ્જાને ભગવાને સુંદરી બનાવી દીધી અને હું સુંદરી હતી તે કુબ્જા બની ગઈ! આને ચમત્કાર કહેવો હોય તો કહી શકો. અને છતાં મારા જીવનમાં આ અંશુએ આવીને ચમત્કાર કર્યો, કાનો અંશુ બનીને આવ્યો હતો?'

મને એની વાતો સમજાતી ન હતી. આ રૂપજીવિનીના હૃદયમાં આટલું બધું ભરેલું હશે તેની હું કલ્પના કરી શકતો ન હતો. સામે કશું પૂછવાનું મને મન થયું,

પણ પૂછવા જઈશ, તો એનો વાક્‌પ્રવાહ તૂટી જશે એમ માનીને હું કશું બોલ્યો નહીં. હજુ બીજા કોઈ ચમત્કારની તે રાહ જોતી હશે?

તેણે મને પૂછ્યું, ‘કેમ, શા વિચારમાં પડી ગયા??

ત્યાં અંશુ રડવે ચઢ્યો. એટલે કલિકાએ એને ખોળામાં લઈને મોંમાં દૂધની શીશી મૂકી. પણ શરૂઆતમાં તો તે શીશી લેવા તૈયાર ન થયો. શું પહેલાંની જેમ તે દૂધ પીવા માગતો હતો? બેચાર વાર વહાલ કરી કરીને અંશુને પટાવી પાડ્યો એટલે તે શીશી વડે દૂધ પીવા લાગ્યો, મેં તેની સામે જોઈને હસાવવાનો પ્રયત્ન કર્યો પણ તેણે મારી સામે જોયું જ નહીં, તેની નજર કલિકા પર જ મંડાયેલી હતી. અંશુની જન્મદાત્રી માને તો મેં જોઈ ન હતી, કદાચ અંશુ પોતાની માને આ કલિકામાં જોતો હશે? એવું બને ખરું? આ બંને વચ્ચે કયો સેતુ બંધાયો હશે, મને ઝાઝી વાત કરવાનું મન થતું ન હતું. મારા મનમાં અનેક વિચારોનું ઘમસાણ ચાલી રહ્યું હતું. મારી સામે દેખાતી કલિકાને અને તેના વ્યવસાયને શો સંબંધ?

’કંઈ નહીં? તમારા જીવનમાં કયો ચમત્કાર સર્જાયો એ વિશે હું વિચારતો હતો.’

‘મેં નાનપણમાં કેટલી બધી કથાઓ વાંચી હતી? ખાસ તો ભાગવતકથાઓ, શું પૂતના એટલી બધી ખરાબ હતી? કૃષ્ણ તો ભગવાન હતા. તેમણે કદી પોતાની જન્મદાતા માનું પડખું સેવ્યું ન હતું. ભગવાને ઘડીના છઠ્ઠા ભાગમાં દેવકી, જશોદા અને પૂતનાને એક સૂત્રે બાંધી દીધાં નહોતાં? આ અંશુએ મને મારી બધી અવસ્થાઓનો અનુભવ કરાવી દીધો. હવે તમને એક વિનંતી. આ દીકરો જેમ જેમ મોટો થાય તેમ તેમ તેની છબિઓ મંગાવતા રહેજો. તેનાં દાદા-દાદી કદાચ મારી ભાવનાઓ સમજી ન શકે, હું મારું સરનામું તમને આપીશ...આમ મોટો થતાં થતાં તે નિશાળે જશે, કૉલેજમાં જશે, લગ્ન કરશે, ક્યાંક બહુ સારી નોકરી કરશે. મોટે ભાગે તો અમારો ભેટો નહીં થાય. આ છેલ્લો અવસર.. અને હા – આપણે તો નવા જમાનામાં જીવીએ છીએ, તમે તમારા મોબાઇલ વડે મારા અને અંશુના ફોટા પાડી આપો... કુંતા માતાએ પણ પોતાના પહેલા ખોળાના છોકરાને નદીમાં વહેવડાવી જ દીધો હતો ને, પણ તેમને તો એક સુખ હતું. પોતાની આંખો સામે જ દીકરાને મોટો થતો જોયો.

મારું ભાગ્ય એવું બળવાન નથી. દાદા-દાદી જવાની વાત તો કરે છે પણ હું તેમને થોડા દિવસ રોકી રાખીશ. મારું માનશે. તમે પણ કહેજો. મને સમજાતું નથી કે તમારી આગળ શા માટે આ બધી ગાંડીઘેલી વાતો કરું છું. મારી કેટલીક બેનપણીઓ છે. તેમને મારે રૂપ સ્પર્શી ગયું છે, મારી થોડી કાલીઘેલી વાતો પણ તેમને ગમે છે. હવે હું તેમને મળીશ ત્યારે એક નવી કલિકારૂપે મળીશ. સમૃદ્ધ થયેલી કલિકા, પેટમાં કશું ન હોવા છતાં જાણે અંશુ જ ઊછરી રહ્યો છે એમ

માનીશ. હજુ એક બીજી વાત સાંભળો. હું મારો વ્યવસાય તો ત્યજી નહીં દઉં. પણ હવે પછી મારી પાસે આવનાર સાથે એક શરત કરીશ. મારા આખા શરીરને જ્યાં અડકવું હોય ત્યાં અડકજો. મારી છાતીને નહીં અડવાનું.'

આ સાંભળીને મને લાગ્યું કે કલિકા પર ગાંડપણ સવાર થઈ ગયું છે. પછી અચાનક મને વિચાર આવ્યો : 'સ્વામી પ્રણવાનંદજી આવ્યા છે, તેમની સભામાં કલિકાને લઈ જઉં.'

મેં કલિકાના, અંશુના ચારપાંચ ફોટા પાડ્યા, પછી કહ્યું,

'હવે મારી પણ એક ઇચ્છા છે – આ અંશુને લઈ તમે એક સાધુની સભામાં આવશો?'

'હું સાધુની સભામાં? હું? મારાથી અવાય? કોઈ જાણી જાય તો? હું કથા સાંભળવા જતી હતી ત્યારે તો દસઅગિયારની હતી. આજે તો પચીસ ઉપર પહોંચી ગઈ છું, રજોટાઈ ગયેલી...ના–ના– મને એમાં ના ઘસડો.'

કલિકાની આંખો ભરાઈ આવી.

મેં એને બહુ સમજાવી.

'પત્નીત્વ પ્રગટે તે પહેલાં જ માતૃત્વ પ્રગટી ઊઠ્યું છે. હવે મને કશી ચિન્તા નથી. મૃત્યુ કાલે આવતું હોય તો આજે આવે અને આજે આવતું હોય તો હમણાં જ આવે. મને હવે કશાનો ડર નથી. આ દીકરો મારી સાથે છે."

છેવટે કલિકા માની ગઈ. તેણે અંશુનાં દાદા-દાદીની સંમતિ લીધી. તેઓને એવો કશો વાંધો ન હતો.

પ્રણવાનંદજીની સાથે પેલા સાધુ પણ ત્યાં હતા. સાંજે અમે જઈએ તે પહેલાં હું સ્વામીજીને મળી આવ્યો. કલિકાની વાત કરી. વાત સાંભળીને ઘડીભર તો તેઓ કશું બોલ્યા નહીં. સામાન્ય રીતે તો સાધુજનો આવા બધાથી દૂર રહે પણ આ તો પ્રણવાનંદજી હતા. તેમને અંશુને લઈને કલિકા આવે તો કશો વાંધો ન હતો, એટલું જ નહીં, કલિકા આવશે તો તેમને ગમશે પણ.

હું કલિકાને લઈને ગયો, તેના ખભે અંશુ હતો. કેટલાંક અજાણ્યાંઓએ તો અમને બંનેને પતિપત્ની માની લીધાં. કલિકા ખૂબ જ સંકોચાતી પાછળ બેઠી, હું પણ તેની સાથે પાછળ જ બેઠો. પ્રણવાનંદજીએ અમને જોયાં એટલે ઇશારો કરીને આગળ બોલાવ્યાં. કલિકા મારા મોં સામે જોવા લાગી. હું તેનો હાથ પકડીને આગળ લઈ ગયો. દર વખતના નિયમ પ્રમાણે હું પ્રણવાનંદજીને પગે લાગ્યો. મારું જોઈને કલિકા પણ પગે લાગી. તેના આશ્ચર્ય વચ્ચે સ્વામીજીએ તેના માથે હાથ મૂક્યો. કલિકાની આંખો ભરાઈ આવી, તે કશું બોલી ન શકી. અમે આગળ બેઠાં. તેણે ધીરે રહીને કહ્યું, 'તેમણે મારા માથે હાથ મૂક્યો. આવો અનુભવ જીવનમાં પહેલી વાર થયો. શરીરમાં, મારા મનમાં, મારા હૈયામાં કશું બની ગયું. હવે હું મારો વ્યવસાય

ત્યજી દઈશ, ગમે તે કરીશ.'

મારાથી કહ્યા વગર ન રહેવાયું, 'કલિકા, જીવનનો માર્ગ એટલો સહેલો તો નથી.'

અને ત્યાં પ્રણવાનંદજીની વાણી વહેવા લાગી...

ધર્મ શું છે? અધર્મ શું છે? ઘણી વાર આપણને નથી સમજાતું. બધાં કહેશે– સત્યં વદ, ધર્મં ચર. પણ અસત્યને ઓળખ્યા વિના સત્યને પામશું કેવી રીતે? અધર્મને જાણ્યા વિના ધર્મ સમજાશે કેવી રીતે? આપણો સમાજ પુરુષપ્રધાન છે, આજનો નહીં– પરાપૂર્વથી ચાલી આવ્યો છે, એટલે જ આપણા પ્રાચીન સાહિત્યમાં પતિસેવાને કેટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે! શેષનાગ પર સૂતેલા વિષ્ણુ ભગવાનના પગ લક્ષ્મી દાબ્યા કરે છે, ભગવાન ચાલી ચાલીને થાકી ગયા હશે? કેટલાં બધાં દૃષ્ટાંતો આપણી આગળ ડગલે ને પગલે જોવા મળશે. પુરુષને બધી છૂટ મળી, સ્ત્રીને એકે નહીં. એ તો આપણી આગળ રામ આવ્યા, તેમણે મનસા-વાચા-કર્મણા સીતાને પોતાનું અર્ધાંગ માન્યું. સીતા માટે ગાંડાં પણ કાઢ્યાં. એક ઘટના કહું.

'એક વિદુષી રસ્તા પરથી પસાર થઈ રહ્યાં હતાં. તેમની નજર સામેથી આવતી એક સ્ત્રી પર પડી. તે સ્ત્રી આ વિદુષીને જોઈને હસી, પેલાં બહેન પણ હસવા ગયાં, અને ત્યાં અચાનક એ સ્ત્રીને ઓળખી કાઢી. તે ચારિત્ર્યભ્રષ્ટ હતી એમ બધાં ઉઘાડેછોગ કહેતાં. હતાં, આ ચારિત્ર્યભ્રષ્ટતા તેમની આંખે, હૈયે ખૂંચી. પેલું હાસ્ય પાછું ખેંચી લીધું. આપણે કેટલા બધા પૂર્વગ્રહો લઈને જીવીએ છીએ! ચારિત્ર્ય ઉત્તમ હોવું જોઈ એ કબૂલ, પણ ચારિત્ર્યભ્રષ્ટતા પાછળ કોઈક કારણ તો હશે ને! અને ચારિત્ર્યભ્રષ્ટતા એટલે શું? કેટલા બધા પ્રકારની આ ભ્રષ્ટતા હોય છે, આપણને એ બધા સામે વાંધો ક્યાં છે? ઉપનિષદ કહે છે– આત્મવત્ સર્વ ભૂતેષુ. બધાં જ પ્રાણીઓ–માત્ર મનુષ્યો નહીં, બધા જ જીવો આપણા આત્મા જેવા છે. એવું જ્યારે સમજીએ ત્યારે જ આપણે સાચા અર્થમાં મનુષ્ય બનીએ. એટલે અત્યારે જરૂર છે બધાને સમભાવથી જોવાની, બીજાની આંખે જો જોતા જઈશું તો ઘણી બધી મુશ્કેલીઓ શમી જશે.'

પ્રવચન પૂરું થયું, બધાં વિખરાવા લાગ્યાં. કલિકા ઊભી ન થઈ. તે બેસી જ રહી. સ્વામીજીએ અમને બંનેને બોલાવ્યાં. પાસે બેઠેલા સાધુ આદિત્યનાથજીને કહ્યું, 'આદિત્યનાથજી, આ બહેનને આશીર્વાદ આપો.'

કલિકાએ આદિત્યનાથજીને પ્રણામ કર્યા, તે સાધુએ પણ કલિકાને માથે હાથ મૂક્યોઃ

'જીવે ત્યાં સુધી સુખી રહેજે. છેલ્લી કેટલીક ઘડીઓથી હું તને જોતો હતો. તારી કાયાની આસપાસ એક પવિત્ર તેજવર્તુળ છે, ઓછી સ્ત્રીઓ આવું તેજ ધરાવે

છે અને આ તેજ પ્રગટ્યું કેવી રીતે? તારામાં જરાય અહંભાવ નથી તે કારણે તારા હૃદયમાં ચતુર્ભુજનો વાસ છે, જ્યાં જઈશ ત્યાં તું સુવાસ પ્રગટાવીશ.'

કલિકાની આંખોમાંથી હવે આંસુની ધાર વહેવા માંડી. મેં તેની પાસેથી અંશુને ઊંચકી લીધો; અમે ત્યાંથી ચાલી નીકળ્યાં. બીજે દિવસે હું સ્વામીજીને એકાંતમાં મળ્યો. 'સ્વામીજી, મને એવું લાગે છે કે મારે આદિત્યનાથજીને કલિકાનો ઇતિહાસ કહી દેવો જોઈએ.'

તરત જ તે બોલી ઊઠ્યા, 'ના–જરાય નહીં. એમના મનમાં કલિકાની જે છબિ સર્જાઈ છે તેને જરાય ખંડિત કરવી નથી. માનવમન બહુ વિચિત્ર છે. તારી વાત સાંભળીને તેમનો આત્મવિશ્વાસ પણ ઊઠી જશે."

'તો હવે મારે શું કરવું?'

'એ હું ન કહું, એ બધું તારે વિચારવાનું. તારી વિવેકબુદ્ધિ જેમ કહે તેમ કરજે. અને તું જે કંઈ કરીશ એમાં આપણા સૌનું હિત જ હશે.

મનમાં કશી ગાંઠ વાળીને હું કલિકાને મળવા ગયો.

'હિન્દુસ્તાન મધ્યેનું એક ખાલી ઝૂંપડું' / જગદીશ

બહારના અવાજો ઓછા થઈ ગયા હતા. અમારા પ્રિસાઇડિંગ ઑફિસર મોટા અંતરથી હારેલા ઉમેદવાર જેવા લાગતા હતા અને વારેવારે એમની નજર મોહેં-જો-દડોના અવશેષ જેવી દીવાલ પર ત્રાંસી થઈ ગયેલી ઘડિયાળ પર જતી હતી. ચૂંટણી પૂરી થવાને હવે વીશ મિનિટ જ બાકી હતી. બધા એ જ વિચારી રહ્યા હતા કે, 'બસ હેમખેમ પાંચ વાગે એટલે ગંગ નાહ્યા'. મહિલા પોલિંગ અધિકારી બહેન પોતાના નેઇલને પૉલિશ કરી કરીને પણ કંટાળી ગયાં હતાં અને દેખાવમાં પાસા હેઠળ પકડાયેલા તહોમતદાર જેવા લાગતા ચૂંટણી એજન્ટો મતદારયાદીની કાપલીના ફરફરિયા જોઈ જોઈને કંટાળી ગયા હોય; એમ જેમના વાળની લટ ખટખટ કરતા પંખાની હવાથી ફર... ફર... થતી એવાં મહિલા પોલિંગ અધિકારી બહેનને એવી રીતે જોતા હતા કે એ બહેન બહેન ન હોય, પણ સવારથી મળ્યો ન હોય એવો કાચી પાંતરીનો માવો હોય!

ગાડીનો હૉર્ન સંભળાયો. હું પ્રથમ મતદાન અધિકારીની બાજુમાં જ બેઠો હતો એટલે બહાર કોણ આવે છે તે સૌ પહેલાં અમને જ દેખાતું. મેં જોયું કે બે કલાક પહેલાં ભારતનું બંધારણ એમના પૂજ્ય પિતાજીએ ઘડ્યું હોય અને એમાં ગમે તેવા ફેરફારો કરી શકવાનો અધિકાર ધરાવતા હોય એમ માનીને; પ્રિસાઇડિંગ ઑફિસર અને પ્રથમ અધિકારી સાથે માથાકૂટ કરીને, ડરાવીને, ધમકાવીને ફોટો

આઇડી વગરના મતદારોને મત દેવડાવવા આવ્યા હતા, એ સરપંચ પદના એક ઉમેદવારના ભત્રીજા હતા એવા ઇન્દુભા પાછા મતદાન-મથકે આવ્યા હતા, પણ આ વખતે તેઓ ફોર વ્હીલર લઈને આવ્યા હતા. ફરજ પરના હોમગાર્ડ એમના ભાણુભાના ફુવાસાહેબના ગામના વાળંદ હતા આથી ઇન્દુભા મનફાવે એમ મતદાન-મથકમાં અધિકૃત રીતે પ્રવેશી શકતા હતા. આંકડાઓ લખીને કેટલા ટકા મતદાન થયું એ સમજવા ગડમથલ કરતા હતા, પણ કુલ મતદારો ભાગ્યા થયેલ મતદાન બરાબર કેટલા ટકા મતદાનનો અટપટો દાખલો સમજાતો નહીં તોય હથેળીમાં એકાદ આંકડો વધારે લખીને માવાની પિચકારી એજન્ટોના માથેથી બહાર એવી રીતે થૂંકતા કે છેલ્લું ટીપું એકના માથે પડે જ! પોતે કાકાને જ મત આપ્યો છે એમ સાબિત કરવા મતકુટિરમાં બેલેટનો ફોટો પાડીને એમણે વટ પાડી દીધેલો... પ્રિસાઇડિંગ ઑફિસરસાહેબે માંડમાંડ સમજાવેલા, પણ એમનું કહેવું હતું કે ફોટો પાડ્યો જ નહોતો એ પછી વારંવાર મતદારોને ગોતી ગોતીને મત દેવા માટે લઈ આવતા... આટલી બધી વાર તો માળિયે રહેતું કબૂતર પણ અંદર નહીં આવ્યું હોય! એવા ઇન્દુભા આ વખતે મોટર લઈને બૂથ સુધી આવી ગયા. મને એમની મોટર જૂના જમાનાની મારુતિ આઠસો હોવા છતાં દિવ્યરથ જેવી લાગી... સાથે એ પણ યાદ આવ્યું કે વિપુલ બારૈયા નામનો શિક્ષક આવી મારુતિ પચ્ચીસ હજારમાં ત્રણ હપ્તેથી લઈ આવ્યો હતો. ઇન્દુભાએ ગાડી બરોબર બૂથની સામે જ ઊભી રાખી હતી. આ વખતે ઇન્દુભાએ ગાડીમાંથી ખારી શીંગની કોથળી અને સ્પ્રાઇટની બૉટલ કાઢી. મને એમ હતું કે રૉયલ સ્ટેજનું નકલી ચપટું કાઢે નઈં તો સારું! પણ એમનું હૃદયપરિવર્તન કે પછી કોણ જાણે પણ દ્રૌપદી-વસ્ત્રાહરણ બાદ મહારાજ ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને એક પછી એક વરદાન આપેલાં એમ ઇન્દુભાએ ચૂંટણીના સ્ટાફને ખારી શીંગ અને સ્પ્રાઇટના ગ્લાસ આપ્યાં. પણ એ વાત જુદી હતી કે એમની ખારી શીંગ ખોરીશીંગ હતી અને સ્પ્રાઇટ ચાર વરસ પહેલાં થયેલી સંસદની ચૂંટણી વખતની હતી. મારી ધરાણા મુજબ જ ભવિષ્યના ઇન્દુભા જેવો એક છોકરો જેનું નામ યુવરાજ હતું એ એક માજીને મત દેવા લઈ આવ્યો. ખારી શીંગ ખાઈને રાજી થયેલા પ્રિસાઇડિંગ સાહેબ માજીને જોતાં જ પાછા ચિંતામાં પડી ગયા. ‘તમેય યુવરાજસિંહ... ભલા માણાં મને કે’વું’તું ને... હું ફોરવ્હીલ લઈને તેડી આવત.. બાને બાઇકમાં લવાતાં હશે?’

ઇન્દુભાની વાતથી બીજા બે જુવાનિયા પેલા માજીના હાથ પકડી તેમને મતદાન-મથકમાં લઈ આવ્યાં. એક એજન્ટે પ્રિસાઇડિંગ ખુરશી માજીને બેસવા આપી. અમે લોકોએ માજીની ઓળખ કરી, એમની કાપલી બનાવી. બહેને અવિલોપ્ય શાહીથી માજીની આંગળી પર ટપકું કર્યું અને પછી યુવરાજે માજીને લઈને મતકુટિરમાં જઈ મત દીધો. ચાર જણાં ખૂબ જ કાળજીપૂર્વક માજીને બહાર

લઈ ગયા. ઇન્દુભાએ ઓટલાની ધારે ગાડી રાખી અને માજીને એમના ઘર સુધી મૂકવા માટે ઊપડી ગયા...

પાંચ વાગી ચૂક્યા હતા. બધાના જીવમાં જીવ આવી ગયો. પણ હમણાં ગયેલાં માજીને જોઈને હું બપોરે બનેલી બીજી એક ઘટનાના સ્મરણે ચડી ગયો. આ યુવરાજ બપોરે કોઈ ડોસીમાને એમના ખેતરેથી ઉપાડી લાવેલો... માજીને કંપવા હતો. એમનું આખું શરીર ધ્રૂજતું હતું. યુવરાજ એમને લગભગ ઢસડતો હોય એવી રીતે લાવ્યો હતો. માજીના મોઢાની લાળ પડતી જોઈ બધા મોં બગાડીને હસી રહ્યા હતા. મત દેવાઈ ગયો એટલે યુવરાજ સ્ટાઇલથી બહાર જતો રહ્યો ને પેલાં ડોસીમા ચાલતાં ચાલતાં મારા જ ટેબલની સામે લથડિયું ખાઈને પડી ગયેલાં. મેં તરત જ એમને ઊભાં કર્યાં. માજીનું શરીર તાવથી ધગધગી રહ્યું હતું.

'મા, વાગ્યું તો નથી ને?' મેં પૂછેલું.

ડોસી મને આંખોની એક વર્ણવી ન શકાય એવી ઊંડાઈથી જોઈ રહ્યાં હતાં.

'હવે કેવી રીતે જશો, માડી?' મેં પૂછેલું.

'વય જઈસ બટા' આમ બોલી ડોસીમા ચાલવા લાગેલાં... મને ડર હતો કે માજી ફરી વખત ન પડે તો સારું... હું ઘણી વાર સુધી માજીને જોતો રહ્યો, પણ એમનો હાથ પકડીને ઘર સુધી મૂકવાવાળું કોઈ નહોતું!

'એ ચાલો... સીલિંગની તૈયારી કરો' પ્રિસાઇડિંગ સાહેબનો અવાજ સંભળાતા હું વર્તમાનમાં આવ્યો. ચૂંટણી-સ્ટાફના ચહેરાઓ પર નવી જ ચમક હતી. બધું ઝડપથી વાઇન્ડઅપ થવા લાગ્યું.

'બોલો સાહેબ, હવે શું કરું હું?' મેં પ્રિસાઇડિંગ સાહેબને પૂછ્યું.

'હવે તમતમારે છુટ્ટા; જવું હોય તો જાવ...'

'એમ ચાલે?' એક શિક્ષક બોલ્યા.

'હા, જેનો ઑર્ડર રિઝર્વમાં હોય અને વચ્ચેથી મદદ માટે આવ્યા હોય તો ચૂંટણી પૂરી થાય એટલે જઈ શકાય. એમણે સાહિત્ય જમા કરાવવા માટે રોકાવાનું ન હોય!'

પ્રિસાઇડિંગ સાહેબનું આ એક વાક્ય મારા માટે કાફી હતું. હું હવે ઇલેક્શન ઑન ડ્યૂટીમાં મૂકેલી ઈકો ગાડીની પણ રાહ નહોતો જોવાનો. બને એટલી જલ્દીથી ઘરે જવા માંગતો હતો. દર વખતે ચૂંટણી પૂરી થયા બાદ રાતે બબ્બે વાગે ઘરે પહોંચતો! આજે પહેલી વાર વહેલો છૂટ્યો હતો. હું મતદાન-મથક... નિશાળ... અને ગામની સીમ બહાર નીકળી ગયો. હાઈવે પરથી વાહન મળી જશે, એમ વિચારી હું ચાલવા લાગ્યો...

'લાવને ઘરે વાત કરી લઉં' એમ વિચારીને મોબાઇલ કાઢ્યો, પણ કવરેજ જ

નહોતું. હું ઝડપથી આગળ વધી રહ્યો હતો... અચાનક મને એવું લાગ્યું કે હું ખોટે રસ્તે જઈ રહ્યો છું કારણ કે હાઈવેનો કોઈ અણસાર નહોતો. સામેથી આવી રહેલા એક માણસને પૂછ્યું :

'અહીંથી હાઈવે પર જવાશે?'

'ના સાયબ! તમે નદી બાજુ ચાલવા લાગ્યો છો... અઅ... એક કામ કરો... સામે ઓલી નૅળ દેખાય? ન્યાંથી આગળ ચાલી ડાબી બાજુ વળી જજો એટલે રોડે ચડી જવાશે' આમ કહી એ જતો રહ્યો. હું એના બતાવેલા રસ્તે ચાલવા લાગ્યો. હજુ થોડે જ આગળ ગયો હોઈશ ત્યાં અવાવરું ગાડામાર્ગે મેં એક માજીને રસ્તાની વચ્ચે પડી ગયેલાં જોયાં... એમના કપાળેથી લોહી વહી રહ્યું હતું અને તે ઊભાં નહોતાં થઈ શકતાં. હું દોડીને એમની પાસે પહોંચ્યો અને ટેકો દઈને તેમને ઊભાં કર્યાં. મેં જોયું કે આ એ જ ડોસીમા હતાં જે બપોરે મતદાન-મથકમાં પડી ગયા હતાં...

'મા, તમે ફરીવાર પડી ગયાં? ઓહો... આ વખતે તો તમને લોહી પણ નીકળ્યું છે.' મેં ડોસીમાના માથે મારો રૂમાલ બાંધી દીધો.

'રે'વા દે બેટા... લોઈ સે ક્યાં તે નીકળે?!'

'તમે એકલાં કેમ આવ્યાં? ઘરે બીજું કોઈ નથી?'

'હું ક્યાં આવી બટા, દર વખતની જેમ પરાણે લય આવે કો'ક; પસી તગડી કાઢે... પણ હવે મારાથી હલાતું નથ માડી...'

'ચાલો મારો હાથ પકડી લ્યો; હું તમને તમારા ઘરે મૂકી જાવ, ચાલો.'

'ના... ના... માડી, તમે જાવ; તમારેય મોડું થતું હશે... હું તો જતી રહીશ.'

'અરે! ના મા! મારે કાંઈ મોડું નથી થતું... ચાલો પાછાં પડી જશો તો?'

'હવે હું નઈં પડું...'

'ના... ચાલો હું આવું છું. તમતમારે ચા નઈં પિવડાવતાં, બસ?'

'ભગવાન તમારું સારું કરે માડી... હાલો...'

મેં જોયું કે ડોસીમા અતિશય કૃશ હતાં અને એમનું શરીર કંપી રહ્યું હતું. આવા લોકોને એમના ઘર-ખેતરથી પરાણે મત દેવા માટે લઈ આવતા લોકો ફરી એમને ઘરે પાછાં મૂકી આવવાની તસ્દી કેમ નહીં લેતા હોય? એ વિચારીને મને દાઝ ચડી રહી હતી... રસ્તો મારી ધારણા કરતાં વધારે લાંબો હતો. નિર્જન અને બિહામણો પણ...

'હવે કેટલું આઘું છે તમારું ઘર?'

'આ આવી ગ્યું માડી... પણે ઓલી નારિયેળી દેખાય? એની નીચે જ અમારું ઝૂંપડું છે.'

મેં જોયું તો નાળિયેરી ખાસ્સી દૂર હતી અને શિયાળાના સમયને લીધે અંધારું પણ થઈ રહ્યું હતું. પણ મારે તો આ ડોસીમાને એમના ઘરે સલામત રીતે પહોંચાડીને પછી જ ખુદના ઘરે જવું હતું. આમેય જો મારો ચૂંટણીનો ઑર્ડર રિઝર્વમાં ન હોત તો તો ઘરે ક્યારે પહોંચત એ ક્યાં નક્કી હતું! આથી અહીં થોડું મોડું થાય તો કંઈ વાંધો નહીં એમ વિચારી હું ડોસીમાને લઈને નૅળમાં ઊબડખાબડ રસ્તે આગળ વધવા લાગ્યો.

હું અનુભવી રહ્યો હતો કે આ રસ્તો કંઈક અસાધારણ હતો. વાડી વિસ્તાર નહીં પણ ગાઢ જંગલ જેવો ભાસ થતો હતો માનવવસ્તીના બદલે કોઈ હિંસક જનાવરો લપાઈને બેઠ્યા હોય એવો એક ડરી જવાય એવો સૂનકાર ફેલાયેલો હતો...

થોડી જ વારમાં સાવ અંધારું થઈ ગયું... મારા મોબાઇલની બૅટરી સાવ ઊતરી ચૂકી હતી એ આસપાસ અંધારા સિવાય કંઈ નહોતું. ડોસીમાને ઝટ ઘરે છોડી મારે નીકળી જવું હતું. અમે આખરે નાળિયેરીના ઝૂંપડે પહોંચ્યાં.

‘હાઈશ માડી... માતાજી તમારું હારું કરે માડી; ઘરે પૂગી ગઈ...’

‘પણ કોઈ છે નહીં?’ ઝૂંપડામાં કંઈ દેખાતું નહોતું. કોઈની હયાતીનો અણસાર નહોતો આવતો.

‘તમે એકલાં જ છો માડી? કોઈ દેખાતું કેમ નથી?’

‘બધાં સે બટા... હમણા હંધાય આવી પુગસે. બેઠો ને...’

મોટેભાગે તો અંધારામાં કંઈ દેખાતું જ નહોતું. ક્યાં બેઠું અને શેના પર બેઠું એ બાબતે મને થોડું હસવું આવી ગયું.

‘ના માડી, હવે હું જાઉં. મારે ઘરેય બધાં રાહ જોતાં હશે, ને મારો ફોનેય બંધ થઈ ગયો છે. એ લોકો ચિંતા કરતા હશે.’

‘સંત્યા તો થાય હો, મારો રમો તયણ દિ’ હુધી ઘરે ન્હોતો આવ્યો ઈ વખતે મારો જીવ જ ઊડી ગયેલો હો!’

‘રમો? કોણ?’

‘મારો દીકરો...’

અચાનક કંઈક અવાજ થયો...

‘લ્યો, મારા રમાના બાપુ આવી પુગ્યા...’

મને કંઈ જ દેખાતું નહોતું. ડોસીમા આટલા અંધારામાં આવનારને કેવી રીતે ઓળખી લેતાં હશે! એ બાબતનું મને અચરજ થઈ રહ્યું હતું.

‘ઠીક છે, લ્યો ત્યારે હું જાઉં’ આમ કહી હું ત્રણ ડગલાં ચાલ્યો હોઈશ ત્યાં જ એક ખાડો રસ્તામાં આવતા હું ગડથોલિયું ખાઈ ગયો. મને માથામાં તમ્મર ચડી

ગઈ. અંધારાની એક નદીમાં ડૂબી ગયો હોઉ એવો મૂંઝારો થવા લાગ્યો. હું માંડમાંડ ઊભો થયો.

'વાગ્યું તો નથી ને સાયેબ?' નજીકથી અવાજ સંભળાયો.

'ના, બહુ તો નથી વાગ્યું, પણ મને અંધારામાં કંઈ દેખાતું જ નથી એટલે જરા...'

'ન્યાં ખાડો હતો સાયેબ. લીમડો હતો ન્યાં... પડી ગયો બૉવ વરહ પે'લા... ખાડો હજી સે...'

'તમે?'

'રૂખડ તળસી... ને તમે?'

'હું આ ગામમાં ચૂંટણીના કામે આવ્યો હતો. આ બિચારાં માડી રસ્તામાં પડી ગયાં હતાં એટલે એમને મૂકવા આવ્યો હતો, ને અહીંયાં હું પોતે જ પડી ગયો. ને અત્યારે મને કંઈ દેખાતું જ નથી...'

'બૉવ વાગ્યું તો નથી ને સાયેબ? તમને તાડ સડી ગ્યો સે... બાકી આંય અંધારું બૉવ સે ને તીં! કોઈને કંઈ નઈ દેખાય.'

'તમે કેવી રીતે જોઈ શકો છો?' મેં પગેથી સમથળ જમીન શોધી અને ત્યાં બેઠતાં પૂછ્યું.

'આમને તો સાયેબ, હવે હેવા થઈ ગ્યા અંધારાના...'

'તો બીજું કોણ કોણ છે ઘરમાં? આ માડી ને... મતલબ માડી જમશે નહીં? બીજું કોઈ નથી? તમે જ છો?'

'હંધાય સે... સવ સવના ટેમે આવી જાહે, અમારે ખેડુને તો બધું એવું...'

'પણ તમે આ માડીને એકલાં કેમ જવા દીધાં? બિચારાં ચાલી પણ નથી શકતાં. એ મત નો આપે તો શું ખાટુંમોળું થઈ જવાનું?'

'અમી ક્યાં મોકલીય સીયે... ઈ લોક પરાણે લઈ જાય સાયેબ... મત દેવાઈ જાય એટલે તગેડી મૂકે ઢોરની જેમ... ના નો પાડી શકાય હમારાથી સાયેબ... હવે તમને શું કે'વું?'

'કોણ લોક? કંઈ પરાણે થોડો મત દેવડાવાય? તમે ફરિયાદ કરો.'

'ઈ હંધીય વાતું... જારથી ચૂંટણી સરુ થઈ ને તારથી આખા ઘરને ઉપાડી જાય સોકરાવને સોડીને... આ આંય્ખું ગલઢી થઈ ગઈ પણ આજ લગણ ઈ નથી હમજાયું કે આવું શું કામ? એક વાર તો મોટેરાંવને મત દેવા લઈ ગ્યેલા તારે મારી સોડી આંય આવેલી સુવાવડ કરવા. એનો નાનો ગગો પાણીની ડોલમાં બૂડી ગયેલો...'

'ઓહ... પછી!'

'પસી સું સાયેબ! આ પાણી હારે અમારાં કાયમનાં વેર. મારા રમાના મોતનું

કારણ પણ પાણી જ...'

'એટલે?'

'એટલે... મારો એકનો એક દીકરો રમો... સાયેબ બસાડાને મારીને પણ કૂવામાં નાખી દીધેલો...' આ વખતે ડોસીમાનો રડતો અવાજ હતો.

'કોણે? કેમ?' મેં પૂછ્યું.

પુરુષનો અવાજ સંભળાયો :

'ઈ વખતે સૂંટણીમાં વખતુભા અને વખતુભાના કાકા ટપભા બાપુ ઊભા રે'લા. બેએક કટમ, પણ ભાયુ ભાગમાં બાધેલા. ઈ વરહે અમી ટપભા બાપુનો ભાગ રાખેલો... અગાઉ ઘણો વખત વખતુભાનો ભાગ રાખતા, પણ વેઠ કરી કરીને મરી જૈ ને તોય મણ દાણા નો'તા ભાળતા... તંયે ટપભા બાપુ પણ ઈમા ઊભા રે'લા...

મને હજીય હાંભરે સે કે આંયથી હમને હંધાયને મત દેવા લઈ ગ્યા'તા. હાસું કવ સાયેબ? અમેં બીયેલા હતા... મતેય વખતુભાને જ હાવ્વે દીધેલા... બસ મારા રમાએ ટપભા બાપુને જાત દઈ દીધેલો! ઈ વાતની કોણ જાણે કેમ, પણ વખતુભાને જાણ થઈ ગેલી... તે ઈ કારણે હોય કે પસી ભાગ ન રાખવાના કારણે હોય.. પણ સૂંટણીના પરણામને બીજા જ દિવસથી મારો રમો ગુમ થઈ ગ્યેલો...

'પછી?'

'પસી તો દાણા જોવડાવ્યા... માનતાઉં રાખી... દોરા કર્યા... ને તોય તયણ દી પસી રમાની લાશ નરશી દેવાની વાડીના શેઢે આવેલા ક્વામાંથી મળી, સાયેબ...'

'કેમ અટકી ગયા?'

વખતુભાના દીકરાએ જ મળતયાવ હારે રમાને મારી કવામાં ફેંકી દીધલો.

'હેં! તમે ફરિયાદ કરી હતી?' મેં પૂછ્યું.

'કોને કરવી? અને કેટલી કરવી? ટપભા બાપુ સૂંટણી જીત્યા ને પરધાન બની ગ્યા. મને ઈમ કે ઈ અમારી મદદ કરસે, પણ આખરે તો એમનું કય્મ એક જ ને! વખતુભા અને ટપભા બાપુનું સમાધાન થઈ ગ્યું. ટપભા બાપુએ વખતુભાને જિલે પરમુખ બનાવી દીધા. પોલીસ સોકીના જમાદાર સાયેબ વખતુભાના જમાઈ હતા તી અમને ઘઘલાવીને કાઢી મૂકેલા... મારી સોડીનું ઘરઘૈણું કરેલું ઈ વાતનો સેડો કાઢી હમને જ કોટડીમાં પૂરી દેવાની વાત કરી; પસી હું સાયેબ... રમાને યાદ કરી કરીને ટેમ કાઢવા સિવાય બીજો કોઈ સૂટકો ન્હોતો'

'પણ રમાને મારીને કૂવામાં નાખી દીધો છે એ વાતની તમને કેવી રીતે ખબર પડી? મતલબ કે તમને કોણે કીધું?'

મારા સવાલથી થોડીવાર તો સન્નાટો જ રહ્યો. પછી ડોસીમા બોલ્યાં :

'સાયેબ, બીસો તો નંય ને?'

'આંધળો તો થઈ ગયો છું... હવે કોનાથી બીવ?'

'આ વાત મને ખુદ રમાએ કરી હતી', પુરુષનો અવાજ ફરી સંભળાયો.

'શું દાદા, તમનેય માથામાં વાગ્યું નથી ને?'

'હાસુ કવ સુ... વસવા ન હોય તો તમે જ પૂસી લ્યો.. આ જુઓ, રમોય આવી ગ્યો સે... જુઓ હજીય ભીને લૂગડે સે...'

'જોવે શું? કહું છું કંઈ દેખાતું નથી ને ઉપરથી તમે મરી ગયેલો દીકરો આવ્યો છે એમ કહી બિવડાવો છો ભલામાણસ?' મને હવે ગુસ્સો ચડી રહ્યો હતો.

'ઈ હાસી વાત સે સાયેબ...' આ વખતે એક નવો જ અવાજ સંભળાયો જેમાં યુવાનીનો રણકોય હતો અને ટાઢ ચડી હોય એવી ધ્રુજારીય...

'આ કોણ રમો બોલે છે?'

'તો રમા! તું કૂવામાંથી આવી ગયો ભાઈ? ઓ કાકા... માડી... તમે લોકો ખરા છો... એક માણસ તમારી મદદ કરવા આવ્યો ને તમે એને ઘેરી લીધો?'

'માડી બીવો મા...' ડોસીનો અવાજ હતો.

'બીતો નથી, પણ તમે શું આવી બધી ગાંડા જેવી વાત કરો છો? મરેલો રમો કેવી રીતે બોલે?'

'જેવી રીતે હું બોલું સુ એવી રીતે...' પુરુષનો અવાજ ગંભીર બની ગયો હતો.

'એટલે?'

'એટલે એમ કે મારા બાપાય મરી જ ગ્યા સે', રમો બોલ્યો.

'ઓહહો... તો તમે બન્ને રાતે આવો છો બધી ડિસકસ કરવા એમ ને? આ માડી પડી ગયેલાં ત્યારે કેમ નો દેખાણા?'

'અમે તો અત્યારે પણ ક્યાં દેખાઈયે સીયે સાયેબ... અમને કોઈએ દેખ્યા હોત તો તો ક્યાં વાત જ હતી?'

'ઠીક છે રમા, બોલ... બોલી નાખ તારે શું કહેવું છે?'

'મારે જે કહેવું'તું ઈ મેં મારા બાપાને કય જ દીધું સે સાયેબ.'

'તો પછી?'

'તો પસી બોલવાનો મારો વારો સે માલિક...' આ વખતે એક ઘેઘૂર અવાજ સંભળાયો... એવું લાગી રહ્યું હતું કે ક્યાંક દૂરથી... સમયના કોઈક બીજા જ છેડેથી બોલી રહ્યું છે.'

'આ કોણ?'

'હું... તળસી જેરામ.'

'તળસી જેરામ?'

'મારા દાદા', રમો બોલ્યો.

લોખંડની મતપેટીના જટિલ નકૂચામાં આંગળી આવી ગઈ હોય એવી જ રીતે રૂખડ તળસીના ઘરના લોકો વચ્ચે હું ફસાઈ ગયો હતો.

'બોલો દાદા... તમારે શું કેવું છે? તમનેય પરાણે લઈ ગયા હતા મત દેવા?'

'ના રે ના, ઈ વખતે તો આવું બધું નો'તું. ઈ સમે ફરાંસિયાનું રાજ હતું, પણ ગરાહ વજેસંગ બાપુનો... ઈ જ હમારા માઈબાપ હતાં... જમીન હંધીય એમની આખું વરહ લોઈ 'ને પરસેવો પાઈ પાઈને જે ઉગાડ્યે ઈ હંધુંય વજેસંગ બાપુનાં માણાં લઈ જાય. પણ એક દી...'

ડોસા અટકી ગયા. મને લાગ્યું કે કંઈક ગંભીર વાત થવાની છે એટલે પૂછ્યું:

'પણ એક દી શું?'

'એક દી વજેસંગ બાપુના ભાયાત મંગળસંગ બાપુ આણકોર તરે જોવા નીકળેલા... સાયેબ, કો'કે પે'લી ધારનો દારૂ પિવરાવી દીધેલો હશીં તે આ તમીં બેઠેલા સોવાને ન્યાં પેલાં લીમડો હતો તે ઘોડા પરથી ઊતરીને બાપુ ન્યાં જ લથડિયું ખાઈને પડેલા... મેં ઊભા કર્યા, તે મને એક પાટા ભેગે ભોંય ભેગો કરી દીધેલો... પસી તો ખાટલે બેઠા... બપોરે રોટલાની હારે હાહલાનું સાકક ખાધું... અમારું ખોયડું અભડાવ્યું ને પસી...'

'પછી શું?'

'પસી... સાયેબ... મંગળસંગ બાપુએ ઈ રાતે મને ઓયડાની બારો કાઢી મૂક્યો... હું, મારો નનકો રૂખડ, મારી સોડી પાંસી 'ને મારા બાપા હંધાંય ઈ કાળી રાતે આંય ઢાળિયામાં ઠૂંઠવાતા રયા ને અંદર...'

હું અવાક થઈ ગયો હતો. હું વર્તમાનનાં દશ્યો તો નહોતો જોઈ શકતો, પણ દૂરના એ ભૂતકાળની ઘટનાના એક એક તાર મારી આત્માને ચૂંથી રહ્યા હતા. લાચાર પતિ, વૃદ્ધ અસક્ત બાપ, વિવશ બાળકો અને કોઈ રાનેરી પશુના પંજામાં સપડાયેલી નિર્બળ હરણી...

'આ તમીં બેઠા સવોને ન્યાં જ લીમડો હતો ઈ ટાણે... એની જ ડાળે મારા રૂખડની મા દોયડું બાંધીને લટકી ગઈ'તી.

'પછી?'

'પસી હુઉં સાયેબ? પસી અમે ઈ લીમડો જ હમુચો ઉખાડી નાખેલો. એનું જ આ બાંકોરું સે, તમીં ઈમાં જ પડેલા.. પણ હેં સાયેબ આ હંધુંય ક્યાં લગણ હાલસે? શું ઈ વાત હાસી સે કે સવરાજ આવયુ સે?

મારી પાસે તળસી જેરામના સવાલનો જવાબ નહોતો.

અચાનક જ બધા અવાજો બંધ થઈ ગયા. મારા કાનમાં તમરાં બોલી રહ્યાં

હતાં ’ને હું ક્યારે સૂઈ ગયો એની મને ખબર જ ના રહી...

સવારે જ્યારે મારી આંખ ઊઘડી તો મને દેખાવા લાગ્યું હતું... પણ ઘરમાં કોઈ જ નહોતું. રાતે સાંભળેલા અવાજો મારો ભ્રમ તો નહીં હોય ને! એવી મૂંઝવણ સાથે હું ઊભો થયો. આસપાસ પણ કોઈ જ નહોતું. મેં જોયું કે ઝૂંપડાની અંદર ગારથી બનાવેલા ચૂલાના પોપડા ઊખડી ચૂક્યા હતા અને અંદર રાખની એક નાની ઢગલી વરસોથી જાણે ઠરી ગઈ હોય એવી રીતે જરઠ થઈને પડી હતી. ચારેતરફ બસ સૂનકાર હતો... ચારપાંચ કાગડા ઘડીક અહીં તો ઘડીક તહીં ઊડાઊડ કરી રહ્યા હતા. એ બધા મને અપલક તાકી રહ્યા હતા...

હું ઝડપથી ચાલવા લાગ્યો... મને યાદ આવ્યું કે મારો મોબાઇલ કાલ સાંજથી બંધ થઈ ગયો હતો અને મારે ઘરે પહોંચવાનું હતું. હું જે નૅળમાં થઈને ડોસીમાને લઈને આવ્યો હતો એ જ રસ્તે ઝડપથી આગળ વધવા લાગ્યો, પણ આગળ પહોંચતાં જ મેં જોયું કે વચ્ચે લોકોનું એક ટોળું હતું. કંઈક અજુગતું બન્યું છે એમ વિચારીને હું ત્યાં ગયો. મેં જોયું કે વચ્ચે લોકોનું એક ટોળું હતું. કંઈક અજુગતું બન્યું છે એમ વિચારીને હું ત્યાં ગયો. મેં જોયું કે પેલાં ડોસીમા ત્યાં જ મરેલાં પડેલાં હતાં, જ્યાંથી મેં તેમને ઊભાં કર્યાં હતાં... હું કંઈ સમજી જ ના શક્યો કે આ ડોસીમા ફરી પાછાં અહીં કેવી રીતે આવી ગયાં હશે?! લોકમાં કંઈક ચણભણાટ થઈ રહ્યો હતો. હવે હું ગમે તે રીતે અહીંથી જવા માંગતો હતો... હું બમણી ઝડપથી ચાલવા લાગ્યો, પણ જતાં જતાં મારું ધ્યાન ડોસીમાના કપાળે બાંધેલા મારા રૂમાલ પર પડ્યું... મેં ફરીને જોયું... પણ ફરી ચાલવા લાગ્યો. નદીની ભેખડોનો સૂનકાર અને લાંબો પટ મને કંટાળો આપી રહ્યા હતા... મને મોટી મોટી ગાડીઓ અને પુરપાટ ઝડપે જતાં વાહનોના અવાજો તો સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા પણ ક્યાંય હાઈવે નહોતો દેખાતો...

❑

કવિતા/ગીત/ગઝલ

વૈભવનો વારસો : જયા કાપડિયા, 2021, બીજલ પ્રકાશન, વડોદરા, 10+91, રૂ. 150 **નિરાકારપાર** : ડૉ. ભરત જાદવ, 2021, 4634, નીલકંઠ, બહારપુરા, દાહોદ, 12+110, રૂ. 100 **મિઠાંસ** : અરુણા અરુણ ઠાકર, 2013, કચ્છી સાહિના અકાદમી, ગાંધીનગર, 6+50, રૂ. 30 **કાવ્યાંજલિ** : અરુણા અરુણ ઠાકર 2020, મંગલ સ્મૃતિ ઘાટિયા ફળિયા રીંગ રોડ, ભુજ, પૃ. 64, રૂ. 120

ચાર્વાક દર્શન

વિંદા કરંદીકર, અનુ : નીલા જોશી

ભારતીય દર્શનમાં ચાર્વાક દર્શન
નાસ્તિક તરીકે સુપ્રસિદ્ધ
બૃહસ્પતિએ તે કર્યું નિર્માણ
એમ પણ કહે વિદ્વાન
લોકોને ગમતું, લોકોમાં પ્રસૃત
તેથી પડ્યું નામ લોકાયત.
અથવા આ દર્શન ઇહલોકપ્રધાન
એટલે કહેવાય લોકાયત.

ચાર્વાક દર્શનની સમગ્ર બાંધણી
થઈ છે પ્રમાણ વિદ્યા પર.
ચાર્વાક કહે, પ્રત્યક્ષ જ પ્રમાણ
ત્યજીને શબ્દ અને અનુમાન.
ધર્મગ્રંથોનાં શાબ્દિક વિધાન
ન માને જ્ઞાનનાં સાધન,
અનુમાન હોય ભલે લોકપ્રસિદ્ધ,
જ્ઞાન તેનું તોપણ અનિશ્ચિત.
ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષનું જ્ઞાન
પ્રત્યક્ષ પ્રમાણ બતાવે.
સાક્ષાત્ જ્ઞાનનું પ્રત્યક્ષ પ્રમાણ
એ જે એકમાત્ર એકમેવ સાધન
અન્ય જ્ઞાનમાંથી ન થાય નિર્માણ
તે જ સાક્ષાત્ જ્ઞાન અનુભવનું.
ઇન્દ્રિયોની સહાયથી પ્રત્યક્ષનું જ્ઞાન
આમ માણસની બુદ્ધિને થાય છે.
ઇન્દ્રિય ને વસ્તુનો પ્રત્યક્ષ ભેટો
હોય આ ક્રિયામાં અંતરભૂત

આત્મા, ઈશ્વર, સ્વર્ગ, અને પરલોકગમન
પ્રત્યક્ષ પ્રમાણ દર્શાવે ના.
પ્રત્યક્ષને જ માને પ્રમાણ
તેથી થાય ચાર્વાકનો જડવાદ નિર્માણ.
પૃથ્વી, જળ, તેજ વાયુને
જ માત્ર માને સત્ય.
ઇન્દ્રિયજ્ઞાનના તે છે વિષય.
તેથી જ કહેવાય તે દ્રવ્યો જડ
આ જડ દ્રવ્યોના મિશ્રણથી
ઉત્પન્ન થાય વસ્તુસૃષ્ટિ.
જુદાં જુદાં મિશ્રણ થકી
ઉત્પન્ન થાય સર્વ પ્રાણી
જડ દ્રવ્યનો થઈને સંયોગ
થાય નિર્માણ ચૈતન્ય
છે ચૈતન્ય જડનો વિકાર
નથી તે તત્ત્વ જરીય સ્વતંત્ર.
જે ગુણ નથી જડ દ્રવ્યમાં
તે વિકારથી થાય ઉત્પન્ન.
પ્રાણીમાં ભાન છે આ ચૈતન્ય.
વર્તન તેથી જ નિપજ.
તોપણ વ્યવહાર સર્વ જગતના
ચાલે નિયમાનુસાર સૃષ્ટિના
કોઈ પણ સૃષ્ટિકર્તા ઈશ્વરની
એથી જ તો જરૂર ક્યાં રહી?
આત્મા એટલે ચૈતન્યયુક્ત શરીર
નથી તે અતીન્દ્રિય
થતા દેહ નષ્ટ માણસનો
થાય આત્મા પણ નષ્ટ.
મૃત્યુથી દ્રવ્યનું થાય વિઘટન
અને થાય ચૈતન્ય નષ્ટ.
શરીર ત્યજીને રહેનારો આત્મા
પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય ના.
અતીન્દ્રિય આત્માનું અસ્તિત્વ

નકારે તેથી જ ચાર્વાક દર્શન.
તેમનો જડવાદ નકારે ના
મંગલ ઉદાત્ત ને ભવ્ય,
તેમનો થાય અનુભવ
ચૈતન્ય પ્રાપ્ત માણસને.

તેમનું નીતિશાસ્ત્ર સંપૂર્ણ ઐહિક
કેન્દ્રસ્થાને રાખે ઇહલોક
નથી સ્વર્ગ, કે મોક્ષ, કે પરલોક
સત્ય છે ફક્ત ઇહલોક
છે જીવનનું ધ્યેય સુખપ્રાપ્તિ.
મનુષ્યને તૃપ્તિ ફક્ત સુખથી.
સુખદુ:ખમિશ્રિત ભલે હો આ જીવન
ટાળીને દુ:ખ ભોગવવું સુખ
અર્થ અને કામ એ જ પુરુષાર્થ
મોક્ષ પાછળની દોટ વ્યર્થ
આ લોકમાં પામવાં સુખ કેવાં?
કરવી માનવે માત્ર એ જ ચિંતા
અર્થપ્રાપ્તિ અર્થે કરવો ઉદ્યોગ
થાય ઉત્પન્ન તેથી સુખ
વ્યાપાર, ઉદ્યોગ, ખેતી, ગોપાલન
નવાજે ચાર્વાક દર્શન.
દુ:ખ નરક, સુખ જ સ્વર્ગ
સુખપ્રાપ્તિ એ જ કલ્યાણમાર્ગ.

ચાર્વાક પ્રણીત સુખવાદ
ન સૂચવે કાંઈ અયોગ્ય
સુખ બનવા કરો ગમે તે
એમ કદી તે ન કહે
સુખાર્થે ચોરી કે મદિરાપ્રાશન
ન સૂચવે ચાર્વાક દર્શન
ચાર્વાક કરે હિંસાનો ધિક્કાર
ને કરે શાકાહારનો પુરસ્કાર
ચાર્વાક માને માંસ ભક્ષણ
અમાનુષ ને ક્રૌર્યનું લક્ષણ,

વેદ વચનમાં અનેક વ્યાઘાત
નથી તેથી વેદાંત સત્ય
વેદ રચનારા નિશાચર ધૂર્ત
એ હતો ચાર્વાકનો મત
અગ્નિહોત્ર, અને વેદપઠન,
યજ્ઞમાં આહુતિ તેથી જ ઠરે વ્યર્થ
પુરોહિતકર્મ ઉપજીવિકા જેની
ચાર્વાક કરે નિંદા તેની
બુદ્ધિ ને પૌરુષ ન હોય તેમનામાં
નથી વ્યથા તેમને અસત્યની
સ્વાર્થી આ પુરોહિત ફસાવે મૂર્ખને
જુઠ્ઠાણું સ્વર્ગનું દાખવીને.

પ્રમાણિક વ્યવસાય કરવો
ને એમ સુખ ભોગવવું માણસોએ.
કાવ્ય, નૃત્ય અને સંગીત
આ કલાઓ જોઈએ માણસના સુખ વાસ્તે.
રાજકીય સ્થૈર્ય પણ આવશ્યક
બનાવવા જીવન સુખકારક

ઈહલોકમાં રાજા જ ઈશ્વર
જીવન સુખમય કરનાર
નગ્ન સ્વાર્થનો ન કરે પુરસ્કાર
સારાનરસાનો ભેદ કરે ચાર્વાકનો સુખવાદ
સત્યનો સ્વીકાર, અંધશ્રદ્ધાનો અસ્વીકાર
હિંસાનો ધિક્કાર કરીને
માનવજીવન સુખમય કરવું
એ જ ધ્યેય માનનાર
માનવતાવાદી, ઉદ્યોગપ્રવણ
એવું આ ચાર્વાક દર્શન*.

* 'અષ્ટદર્શને' (મરાઠી પુસ્તક)માંથી

❑

‘ફૉન્તામારા’ની વર્તમાન સંદર્ભે પ્રસ્તુતતા

સુશીલા વાઘમશી

1930માં જર્મન ભાષામાં લખાયેલી ‘ફૉન્તામારા’ નવલકથાના સર્જક ઈગ્નાઝિયો સીલોની છે. તેનો અંગ્રેજી અનુવાદ 1934માં થયો અને ગુજરાતી અનુવાદ આપણને 2007માં જયંતિ દલાલ પાસેથી મળે છે. ફૉન્તામારા એટલે દક્ષિણ ઇટાલીમાં આવેલું એક કંગાલ, સંસ્કારહીન ગામડું. સર્જકે આ નવલકથામાં ફૉન્તામારા ગામડાનાં લોકોનાં વાસ્તવિક જીવનઆલેખન દ્વારા તે સમયના ફાસિવાદ દરમ્યાન સમગ્ર ઇટાલીની વાસ્તવિકતા અને રાજકીય-સામાજિક સ્થિતિનું આલેખન કર્યું છે, હોદ્દાધારી અને રાજકીય શાસકો દ્વારા કેવી રીતે આ ગરીબ ફૉન્તામારાવાસીઓ (ખેડૂતો-મજૂરો)નું શોષણ થાય છે તેનું સાહજિક અને હૃદયદ્રાવક આલેખન અહીં કર્યું છે. ફૉન્તામારાનો ખેડૂત (મજૂર) તો આખો દિવસ મજૂરીને અંતે પામે છે માત્ર બે ટંકનું. બાકીનું તો દેવાં અને કરવેરામાં જતું રહે! સર્જકે પ્રસ્તાવનામાં લખ્યું છે – “ફુસિનોમાંથી આ શાહજાદા તોર્લોનિયાને દર વરસે થતી અઢળક કમાણી અને આ દા’ડિયાની કંગાલિયત વચ્ચે તુલનાનો કોઈ અવકાશ નથી. બન્ને વચ્ચે ભારે વિષમ અસમાનતા છે. શાહજાદાસાહેબને આ પ્રદેશમાંથી દર વરસે 40,000 ટન બીટ, 15,000 ટન ઘઉં અને 2,000 ટન શાકભાજી મળે છે. – ફુસિનોમાં થતાં બીટ પર જ યુરોપનું ખાંડનું એક કારખાનું ચાલે છે. પણ આ બીટ પકવતા ખેડૂતો માટે ખાંડ એ તો અપ્રાપ્ય શોખની વસ્તુ છે. ખાંડનો એમના ઘરમાં પ્રવેશ થાય વરસમાં એક વાર – ઈસ્ટરના તહેવારમાં મીઠાઈ બનાવે ત્યારે. ફુસિનોમાં પેદા થતા બધા જ ઘઉં શહેરમાં પહોંચી જાય છે. એમાંથી ધોળી ધોળી પાંઉરોટી બને, ફક્કડ વાનગીઓ બને. અરે શહેરનાં કૂતરાં અને બિલાડાંને પણ એનો આસ્વાદ કરવાનું મળતું હશે. પણ એ ઘઉં પકવતા ખેડૂતને તો વરસના ઘણા મહિના મકાઈ ખાવાની. ફુસિનોમાંથી માંડ માંડ પેટપૂર દનિયું મળે. એ દનિયા પર જિવાય નહીં, હા દા’ડો ટૂંકો થાય.” પેઢીઓથી આ ફૉન્તામારાવાસીઓની આ જ સ્થિતિ છે. તેમનામાં કોઈ જાતનું પરિવર્તન આવ્યું નથી. ફૉન્તામારાવાસી પોતાની આવનાર પેઢીને બીજું કશું આપે ન આપે પરંતુ આ કંગાલપણું અને કરજનો બોજ જરૂર આપતો જાય! ફૉન્તામારા કૃતિ 1930માં સર્જાયેલી અને તેમા સમકાલીન ઇટાલીની વાસ્તવિકતા આલેખાઈ છે. આ સમયે

ઇટાલીમાં ફાસીવાદી બેનિતો મુસ્સોલિનીનું શાસન હતું. એટલે એકહથ્થુ શાસન. જ્યારે આજે ભારતમાં લોકશાહી હોવા છતાં ખેડૂતોની સ્થિતિ તથા ભારતની વર્તમાન રાજકીય સ્થિતિમાં અને ફૉન્તામારામાં આલેખિત ખેડૂતોની સ્થિતિમાં કેટલીક સમાનતા છે!! જેમ કે કૃષિબિલને લઈને વરસ ઉપરથી ચાલતું આંદોલન તેના પુરાવારૂપ છે! 'ફૉન્તામારા' નવલકથાની અહીં વર્તમાન સંદર્ભે પ્રસ્તુતતા વિશે વાત કરવાની સાથે તેનાં વિષયવસ્તુનો વિગતે આસ્વાદ કરાવવાનો પણ ઉદ્દેશ છે.

સર્જકે આ કૃતિમાં ફૉન્તામારા ગામમાં બનેલી કેટલીક મહત્ત્વની ઘટનાઓના આલેખન દ્વારા ફૉન્તામારાની વર્તમાન વાસ્તવિક સ્થિતિનું આલેખન કરવા ધાર્યું છે. પરંતુ તેની સાથે આ કંગાલ ગામવાસીના ભોળપણ તરફ સર્જકની ઋજુતા અને મનુષ્યમાં રહેલી શ્રદ્ધા સ્પર્શી જાય છે. નવલકથાનો આરંભ જ જાણે નાટ્યાત્મક છે. જૂનની પહેલી તારીખથી ફૉન્તામારા ગામની વીજળી કાપી નાખવામાં આવે છે. કારણ કે આ ગામે વીજળી પરનો વેરો ક્યારેય ભર્યો નથી, માત્ર વીજળી પરનો જ નહિ પણ આવા અનેક વેરાઓ ફૉન્તામારાવાસી માટે સામાન્ય બાબત છે. કોઈ પણ અધિકારી કર માટે કાગળ લઈને આવે તો ગામવાસીઓ તેને સાજોસમો પાછો જવા ન દે અને એટલે જ ફૉન્તામારામાં આવા કોઈ પણ કર સંદર્ભના કાગળો લાવવાની કોઈની હિંમત ચાલતી નહીં. શરૂઆતમાં વીજળી કપાઈ એની ચળભળ આખા ગામમાં થઈ પરંતુ ધીમે ધીમે તેની આદત આ ફૉન્તામારાવાસીને પડી ગઈ! કરવેરાની ચર્ચા કરતા ગામલોકોમાંથી એક મહત્ત્વનો પ્રશ્ન કરવામાં આવે છે – આ દુનિયામાં હવે કર નાખી શકાય એવી કઈ વસ્તુ રહી ગઈ હતી? આ પ્રશ્ન ઇટાલીની રાજકીય વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની વાસ્તવિકતાને ચીંધે છે!

કરના કોઈ કાગળો લઈને જ્યારે શહેરમાંથી એક અધિકારી આવે છે ત્યારે તેના પર સહી કરવાનું કહેવામાં આવે છે, અને એક પછી એક બધા સહી કરવાની ના પાડી દે છે અને કહે છે – "બધી ખબર છે અમને. અને આ કરની બાબતમાં તો પૂરેપૂરું જાણીએ છીએ, પણ અમે રાતી પાઈ આપવાના નથી. ઘર પર વેરો, વાડી પર વેરો, ગધેડા પર વેરો, કૂતરા પર વેરો, ડુક્કર પર વેરો, વાવ્યું તો એના પર વેરો, ગલ્લા પર વેરો, દારૂ પર વેરો! બસ કરો ભાઈ. હદ થઈ ગઈ આ તો. મને કે'શો જરા, હવે શેના પર વેરો નાંખશો? રહ્યું છે કાંઈ બાકી?" (પૃ. 25)

છેક સુધી કાગળ લાવનાર શહેરી ફૉન્તામારાવાસીઓને પોતે શાના કાગળો લાવ્યો છે તે સમજાવી શકતો નથી! જે તંત્ર અને પ્રજા વચ્ચેના ગૅપને સૂચવે છે. કોરા કાગળ પર આવી સહીઓ લેવાની છે અને જે લાવનાર છે એને પણ ખબર નથી કે શા માટે આ સહીઓ લેવાની છે! માત્ર એ કાગળના મથાળે એટલું લખેલું છે – 'નીચે સહી કરનારે પોતાની રાજીખુશીથી અને અક્કલ હુંશિયારીથી મિલિશિયાના અફસર નામદાર પેલિનોને ઉપર લખેલી વાતને ટેકો આપવા સહી

કરી છે. આ લખાણની ગંભીરતા ન જાણતા ફૉન્તામારાવાસીઓ કોઈ કર આપવાનો નથી, એ બાંહેધરી મળતાં મોચી જનરલ બાલ્દીસેરા એમાં પહેલી સહી કરે છે અને પછીના બીજા. પરંતુ એકસાથે આખા ગામલોકોની ઘરે જઈને કેવી રીતે સહી લેવી? તેના સમાધાન રૂપે બધાં ગામવાસીઓનાં નામ એમને પૂછ્યા વગર જ આ કોરા કાગળ પર લખાવી દેવામાં આવે છે! આ સ્થિતિ છે ફૉન્તામારાની!

તો માઇકલ ઝોમ્પાનું સ્વપ્ન ઇટાલીના ખેડૂતોની વાસ્તવિક સ્થિતિનો નિર્દેશ છે. ભગવાન ઈસુ જ્યારે ફુસિનો પ્રદેશની જમીન ખેડનાર ખેડૂતોને વહેંચી દેવા કહે છે ત્યારનો ભગવાન ઈસુ અને નામદાર પોપનો સંવાદ સર્જકની નર્મમર્મ, કટાક્ષ-શક્તિનો પરિચય કરાવે છે –

“અને ઈસુએ કહ્યું : આ સમજૂતી થઈ છે એની ઉજવણીમાં ફુસિનો પ્રદેશની જમીન એને ખેડતા ખેડૂતોમાં વહેંચી દેવી એ યોગ્ય ગણાશે.

નામદાર પોપે જવાબ દીધો : હે પ્રભુ, શાહજાદા તોર્લોનિયા આ વાતમાં સંમત થયા નથી. અને શાહજાદા તોર્લોનિયા સંત પીટરના ભંડારમાં છૂટે હાથે દાન આપે છે એ વાત ભૂલવી ન જોઈએ.

પ્રભુ ઈસુ બોલ્યા : તો પછી આ પ્રસંગની ઉજવણીમાં ખેડૂતો માથેથી કરભાર કાઢી નાખો.

નામદાર પોપે કહ્યું : એ વાતમાં સરકાર સંમત થતી નથી. અને આટલી વાત પણ ભૂલવી ન જોઈએ. ખેડૂતો જે વેરા ભરે છે એમાંથી જ સરકાર સંત પીટરના ભંડારમાં બે અબજ લાયર ભરે છે!

પ્રભુ ઈસુ બોલ્યા : તો પછી આ ભવ્ય પ્રસંગની ઉજવણીમાં આપણે અને નાના જમીનદારોને મબલખ ફસલનું વરદાન આપવું જોઈએ.

નામદાર પોપે જવાબ વાળ્યો : જો પાક મબલખ ઊતર્યો તો અનાજના ભાવ નીચે ઊતરી જવાના. અને આપણા ધર્મગુરુઓ અને પાદરીઓ મોટા ભાગના જમીનદારો છે એ વાત લક્ષ બહાર ન રહેવી જોઈએ.” (પૃ. 30)

આ સંવાદ સ્પષ્ટ કરે છે કે પોપની મરજી વગર ઈશ્વર પણ ખેડૂતોને મદદ કરી શકતા નથી! અને આ બન્ને જ્યારે ખેડૂતની સ્થિતિ જાતે જુએ છે ત્યારે આ પરિસ્થિતિ કેવી છે? તેનાથી પણ વધારે આઘાતક પોપ દ્વારા આ પરિસ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટેનો ઉપાય છે!! – “આ દૈવી મુલાકાતીઓએ હરેક ગામમાં એક જ જાતની પરિસ્થિતિ જોઈ. ખેડૂતો કચકચ કરતા હતા, ગાળો દેતા હતા, ઝઘડતા હતા અને વધુ ને વધુ કંગાલ થતા હતા. મૂઠી ધાન ક્યાંથી મેળવવું કે અંગ ઢાંકવા કપડું ક્યાંથી મેળવવું એની એને કશી જ ગમ પડતી નહીં. જે જોયું એથી નામદાર પોપનું હૈયું ભરાઈ ગયું. એટલે એમણે થેલામાંથી લીખોનું આખું પોપડું કાઢ્યું અને માર્સિકા પ્રદેશ પર વેરતાં કહ્યું : મારાં પ્યારાં બાળકો, લ્યો અને હવે

જાતને વલૂર્યા કરો. નવરાશના સમયમાં કશા પાપભર્યા વિચાર કરવાને બદલે તમને કશું કામ મળી રહેશે." શું આજે ભારતમાં ધર્મ, રાજકારણ અને અર્થકારણનું આ વલણ નથી?

વીજળી વગરના ફૉન્તામારાવાસીઓની આ સ્થિતિમાં વધુ ઉમેરો થાય છે જ્યારે તેની ખેતી અને પીવા માટેના પાણીનો એકમાત્ર સ્રોત ફુસિનો તરફ વહેતા ઝરણાને પણ વાળી લેવામાં આવે છે! એટલે પાણી પણ બંધ કરવામાં આવે છે! આ ઝરણું વાળવાની વાત સાથે ફૉન્તામારાવાસીઓની મશ્કરીની વાત જોડાય છે. આ મશ્કરીની જાણે પરાકાષ્ઠા છે, પ્રાર્થના માટે પાદરીની વાટ જોતા ગામવાસીઓ માટે કચ્છના લોકો દ્વારા પાદરીની જગ્યાએ મોકલવામાં આવેલ ગધેડો! આ પ્રકારની મશ્કરીને કારણે જ ફૉન્તામારાવાસીઓને ઝરણાની દિશા વાળવી એક મશ્કરી લાગે છે. પરંતુ આ વાસ્તવિકતા છે! એમ જ્યારે ગામલોકો જાણે છે ત્યારે તેની ફરિયાદ લઈ પુરુષો તો જઈ શકતા નથી કારણ કે તો મજૂરીએ કોણ જાય? એટલે સ્ત્રીઓ મુખી પાસે ફરિયાદ લઈ કસ્બે જાય છે. ત્યાં પણ આ સ્ત્રીઓ મશ્કરીને પાત્ર બને છે! તરસી સ્ત્રીઓ જેવી નળમાં પાણી પીવા જાય તેવું પાણી બંધ કરી દેવામાં આવતું અને દૂર જાય કે ચાલુ. આવું વારંવાર કરી તેના પર ખડખડાટ હસતા કસ્બાવાસીઓનું દૃશ્ય કંપાવી દેનારું છે. જે મુખીને મળવા આ સ્ત્રીઓ આવી છે તેની જગ્યાએ તો કોન્ટ્રાક્ટર છે જે નવો પાદેસ્તા (વડો) છે! જે બહારનો માણસ છે, રોમથી ત્રણ વર્ષ પહેલાં જ વેપાર માટે આવ્યો હતો. અને જોતજોતામાં તો તે ત્યાંનો માલિક બની બેસે છે! આ કોન્ટ્રાક્ટર એ જ બૅન્કનો પ્રતિનિધિ છે! એટલે આખી ટંકશાળ એના હાથમાં! અને એના વિરુદ્ધ ફરિયાદ કરનાર જમીનમાલિકો પણ તેનાથી ધ્રૂજવા માંડે છે. કોન્ટ્રાક્ટરને ઘેર મળવા પહોંચેલી સ્ત્રીઓને કોન્ટ્રાક્ટરની પત્ની દ્વારા ધુત્કારીને કાઢી મૂકવામાં આવે છે. કારણ કે પાદેસ્તા બનવાની ખુશીમાં આજે ત્યાં મિજબાની છે! ત્યાંથી આ સ્ત્રીઓ કાર્લો મેગ્નાને મળવા તેના ઘરે જાય છે જે પહેલાં મુખી હતો. પરંતુ ત્યાંથી પણ કાર્લો મેગ્નાની પત્ની પાસેથી કોન્ટ્રાક્ટર ચોર છે, તેણે જ પોતાની જમીન પડાવી લીધી છે અને હવે એ તરફ પાણીનું વહેણ વાળી લીધું છે. એટલું જ નહિ, આ સ્ત્રીઓને રસ્તામાં ભરવાડ મળે છે તેને પણ કોન્ટ્રાક્ટરને મળવું છે કારણ કે જેના પર તે પોતાનાં ઘેટાં ચારતો એ જમીન પણ કોન્ટ્રાક્ટરની માલિકીની થઈ ગઈ છે. અને ત્યાંથી તેને કાઢી મૂકવામાં આવ્યો છે! આ રીતે સાર્વજનિક ઘાસચારા પણ આ સામાન્ય લોકોના હકમાંથી છીનવી લેવામાં આવે છે! આ બધી બાબતો ખાનગીકરણ સૂચવે છે! કોન્ટ્રાક્ટર જ્યારે આવે છે ત્યારે પણ તે આ ફૉન્તામારાની સ્ત્રીઓને અવગણી પોતાના કામદારો સાથે જ વાત ચાલુ રાખી ત્યાંથી ચાલ્યો જાય છે. આખરે મિજબાનીમાં વકીલ સિર્કોસ્તાન્ઝા આ સ્ત્રીઓને આવકારે છે!! કારણ આખા ફૉન્તામારાના દાવા-ઝઘડાઓ તેમની પાસે

જાય અને બદલામાં ફૉન્તામારા ગામનાં બધાં જ મરઘા અને ઈંડાં તેમના રસોડે જાય! એટલું જ નહિ, આ ભોળી પ્રજાનો લાભ લેવા સિર્કોસ્તાન્ઝાએ પોતાનું નામ અને અટક બધાને શિખવાડ્યા ત્યારથી દરેક ચૂંટણીમાં ફૉન્તામારાવાસીનો મત તેને જાય કારણ કે તેના સિવાય ફૉન્તામારાવાસીને બીજાને મત આપતાં આવડતું જ ન હતું!! આ સ્ત્રીઓ જ્યારે ઉશ્કેરાઈને કોન્ટ્રાક્ટરનાં ઘર પર પથ્થર ફેંકે છે ત્યારે કોન્ટ્રાક્ટર તેની વાત સાંભળવા તૈયાર થાય છે. અને જ્યારે આ સ્ત્રીઓની સમસ્યા જાણી તેની તપાસમાં કોન્ટ્રાક્ટર જમાદારને ખુલાસા માટે બોલાવે છે અને ત્યારે જાણે ઘટસ્ફોટ થાય છે કારણ કે આગલી રાતે એક અધિકારી દ્વારા બધા ફૉન્તામારાવાસીની કોરા કાગળ પર સહી લેવામાં આવી હતી! જેનો ભેદ હવે ઉકેલાય છે જેમાં લખેલું છે – 'એક પણ અપવાદ વિના આમાં સહી કરનાર ફૉન્તામારાનાં ઓછું ઉત્પાદન આપતાં ખેતરોને બદલે આ ઝરણાનાં પાણીનો લાભ શહેરની જમીનને આપવો!' આ જાણી સ્ત્રીઓ વધારે ઉશ્કેરાઈ ઘાંટા પાડવા લાગે છે ત્યારે ડોન સિર્કોસ્તાન્ઝા કોન્ટ્રાક્ટરની મદદે આવે છે અને ફૉન્તામારાવાસીનો બચાવ કરે છે! અને આ કહેવાતો લોકપ્રતિનિધિ ફૉન્તામારાવાસીની પાણીની સમસ્યાનો ઉકેલ લાવે છે પણ કેવો – અડધા ઝરાણાની જગ્યાએ ઝરણાનું પોણા ભાગનું પાણી પાદેસ્તાને મળે અને બાકી રહે છે તેના પણ પોણા ભાગનું પાણી આ ફૉન્તામારાવાસીઓને મળે. અને તેના પર ફૉન્તામારાવાસીઓ વતી સિર્કોસ્તાન્ઝાની મહોર વાગે છે! પણ આ સમજૂતીની શરતો કઈ હતી તેની કોઈને ખબર નથી! તો આ બાજુ ફૉન્તામારાના ખેડૂતોમાં પાણીનો ઝઘડો વધુ ઉગ્ર બને છે અને વાત મારામારી સુધી પહોંચે છે. તો ઝરણું વાળવાનું કામ કરતા મજૂરોને આ બનાવ પછી બે હથિયારધારી સિપાહીઓ અને બેરાર્દો વાયેલાનું રક્ષણ મળે છે. પાણી મળતાં પહેલાં તો પાણીના હિસ્સા બાબતે ગામવાસીઓમાં ઝઘડા અને મારામારી શરૂ થઈ જાય છે.

બેરાર્દો વાયેલા નવલકથાનું મહત્ત્વનું પાત્ર છે. પાણીના ઝઘડા સાથે તેની વાત અને સામાન્યને પરતંત્ર કરતી કથા જોડાય છે. સર્જકે તેનું પાત્રાલેખન વિગતે કર્યું છે. શારીરિક રીતે સશક્ત બેરાર્દો સ્વભાવે વિદ્રોહી અને જેવા સાથે તેવું કરનારો છે. તેનું માત્ર એક જ સ્વપ્ન છે વિદેશ જઈ કમાઈ અને જમીનનો એક ટુકડો ખરીદવો અને એલ્વીરાની સાથે પરણવું. પરંતુ જ્યારે તેને ખબર પડે છે કે હિજરત કરવા પર પ્રતિબંધ છે ત્યારે બીજા જ દિવસે ડોન કાર્લો મેગ્નાની વાડીની બધી દરાખ કપાઈ જાય છે. આવા તો અનેક વિરોધો તેના નામે છે! જે તેના પાત્રને સઘન બનાવે છે. હિજરત પરનો પ્રતિબંધ એ પાણી બાદ ફૉન્તામારા ગામ પરનો ત્રીજો પરતંત્રતા–અંધેર તરફ ધકેલાનારો પ્રતિબંધ છે. જેના કારણે આ કંગાલ ફૉન્તામારાવાસી હવે પોતાની સ્થિતિમાં ક્યારેય સુધાર પણ નહીં લાવી શકે!

બેરાર્દોની વિદ્રોહી વાતોએ ફૉન્તામારાના યુવાનો પર પ્રભાવ ઊભો કર્યો હતો. હિજરત પરના પ્રતિબંધને કારણે જ તેનું સ્વપ્ન રોળાઈ જાઈ છે. એટલું જ નહિ, પોતાના પ્રદેશોમાં વરસોથી કામ કરતા મોચી, કપડાં રંગવાનું કામ કરતી એલ્વીરા બધાંને હવે કામ કરવા માટે કાગળિયાં કઢાવવાં પડશે! બીજા પ્રદેશમાં કામ કરવા જવા માટે પણ કાગળિયાં! કામ માટે પણ કાગળિયાં કરાવો અને વેરો ભરો! આ આઘાતમાંથી બહાર નીકળો તે પહેલાં જ ઈનોસેન્ઝો લા લેગ્ગે સમાચાર લાવે છે કે નામદાર પેલિનોએ સરકારને ખબર આપી છે કે ફૉન્તામારામાં સરકારનાં દુશ્મનોનું થાણું છે અને સરકાર વિરોધી કાર્યો-ભાષણો થાય છે. જેના કારણે હવે ફૉન્તામારાના લોકો પર રાત્રી કર્ફ્યૂ લાદવામાં આવે છે! એટલે પહેલાં પ્રદેશ ન છોડવો અને હવે ઘરબંધી! જાણે વીજળી, પાણી મજૂરી, ખેતીથી વંચિત ભૂખે મરતી પ્રજા વિરોધ કરવા યોગ્ય જ ન રહે! ઘરબંધીના નિર્ણય પછી ઇનોસેન્ઝો સરકારનો નવો નિર્ણય સંભળાવે છે. જેમાં દરેક જાહેર જગ્યાએ પાટિયાં મારવાનાં છે- **'આ જગાએ રાજકીય ચર્ચા કરવાની સિનોઈ છે. – હુકમથી'** આવા હુકમો માત્ર ફૉન્તામારા માટે નથી પણ આખી ઇટાલીને આ કાયદો લાગુ પડે છે! એટલે અભિવ્યક્તિ પર પાબંદી! અને જાહેરમાં રાજકીય ચર્ચાની જગ્યાએ હવે પાટિયાંના શબ્દો ફરી જાય છે – **'બધી જ ચર્ચાની મનાઈ ફરમાવવામાં આવી છે. – પાદેસ્તાના હુકમથી'** આ પાટિયું સોર્સાનેરાનાં પીઠા પર લગાવવામાં બેરાર્દો જ મદદ કરે છે અને કહે છે – મારો તો ભાઈ, આટલો સિદ્ધાંત. માલિકો સાથે ચર્ચા કરવી જ નહીં. ખેડૂતની કમનસીબીનું મૂળ જ આ ચર્ચા કરો અને દલીલો કરો છો એમાં રહ્યું છે. ખેડૂત રહ્યો ગધેડો. અને એ ગધેડું પાછું દલીલો કરે! એ કારણે તો દલીલો ન કરતા, ખરા ગધેડા કરતાં પણ આપણી દશા બદતર રહી છે... ખરેખર દલીલ ન કરી શકે એવા ગધેડા બનવાનું પસંદ કરે તો? તો તો આ શાહજાદા તોર્લોનિયોને ભીખ માગવી પડે, ભીખ પેટ ભરવા.' (પૃ. 79-80). બેરાર્દોનું આ કથન ઇટાલીના ખેડૂતોની સ્થિતિને યથાતથ રજૂ કરે છે. આ જ સ્થિતિ વર્તમાન ભારતીય ખેડૂતોની નથી?!

જૂન માસની અધવચ્ચે વળી નવી ઘટના ફૉન્તામારામાં બને છે. રોમમાં સ્થપાયેલી સરકાર ફુસિનોનો પ્રશ્ન ઉકેલવાની છે એવા સમાચાર ફેલાય છે. ગમે તેવી નવી સરકાર આવે પણ ફૉન્તામારાની સ્થિતિમાં તો વરસોથી કોઈ જાતનું પરિવર્તન જ નથી! આ બધી સરકારો માત્ર શહેર પૂરતી છે! જનરલ બાલ્દીસેરા નવી સરકારના આ ખેડૂતના પ્રશ્નને ધ્યાનમાં લેવાની બાબતને જૂના જમાનાનાં રાજાશાહી રાજ સાથે સરખાવે છે. જેમાં રાજાશાહીમાં ખેડૂત અને પ્રજાનું સાંભળવામાં આવતું. પરંતુ લોકશાહી આવતાં રાજકર્તા અને ખેડૂત વચ્ચે જાણે દરિયા જેટલું અંતર થઈ ગયું! આજની કહેવાતી લોકશાહીને સ્થાને તે સમયની

રાજાશાહીને બાલ્દીસેરા ઇચ્છે છે!! એક દિવસ સત્તાવાળાઓ દ્વારા ફૉન્તામારામાં ખટારો મોકલવામાં આવે છે અને કહેવામાં આવે છે કે જેને આવેઝ્ઝા આવવું હોય તે આ ખટારામાં બેસી જાય અને તેને એક રૂપિયો પણ એના માટે આપવાનો નથી. માટે પોતાના પ્રશ્નની ચર્ચા થશે એમ જાણી ફૉન્તામારાવાસી પોતાની મજૂરીના ભોગે જવા તૈયાર થાય છે! ખેડે તેની જમીન પરના ભાષણ પર ચૂંટણીઓ થતી પણ આજ સુધી આવું થયું ન હતું. પરંતુ આજે પણ આ ખેડૂતોને આશા છે કે ફુસિનોની જમીન શાહજાદા તોર્લોનિયા અને એવા માતબર જમીનદારો, વકીલો, દાક્તરો અને પ્રોફેસરોની જગ્યાએ જે જાતે ખેડતા હોય તેને મળશે!! એમ માની આ ખટારામાં બેસનારા ખેડૂતો ઉત્સાહમાં આવી જાય છે. પણ આ આશા કેટલી ઠગારી છે એ વાચક તરીકે આપણે જાણીએ છીએ!! ખટારામાં ખાલી હાથે બેસવાનું નથી, પરંતુ ઝંડો લઈને બેસવાનું છે! આ શરતને આધીન થઈ પોતાનો પ્રશ્ન સરકાર સુધી પહોંચાડવા માટે એક વ્યક્તિ દેવળનો ધ્વજ લઈને આવે છે. જ્યારે તે ઝંડો ખટારામાં લઈ જવા દેવાની ના પાડવામાં આવે છે ત્યારે આ ફૉન્તામારાવાસીઓ પાસે બીજો કોઈ ધ્વજ પણ નથી. અને બેરાર્દોના કહેવાથી હાકેડુંએ આ વાત માનવી પડે છે. બીજી શરત કોઈ ગામ આવે ત્યારે ગીત ગાવાનાં! એવું લાગવું જોઈએ કે ખેડૂતો આનંદમાં છે! આ એક જ ખેડૂતોથી ભરેલો ખટારો છે, એવું નથી. અન્ય ગામોમાંથી પણ ખેડૂતોના ખટારા, મોટરો, ગાડીઓ બધું ભરાઈને આવેઝ્ઝા જઈ રહ્યા છે. જેમાં વિરોધ નોંધાવનારા કાળું ખમીસ પહેરેલ યુવાનો દ્વારા આ લોકો પોતાના ઝંડાને કારણે મશ્કરીને પાત્ર બને છે. તેમને લાગે છે કે ઝંડાને કારણે થયેલ આ અપમાનોમાંથી પાદરીબુઆ ડૉન અબાસિયો તેને બચાવશે પરંતુ તે પણ હુકૂમતની તરફેણમાં છે. ધર્મની નહીં! માટે તે પણ દેવળનો ઝંડો લાવનાર ફૉન્તામારાવાસીને ભાંડે છે.

આવેઝ્ઝામાં ભેગી થયેલી આ જુદી જુદી ટોળીઓને ત્યાંના સિપાહીઓ દ્વારા ફરમાન આપવામાં આવ્યું – ‘ઊભા થઈ જાવ! બેઠા ન રહો, ખડે પગે ઊભા થઈ જાવ. અને ખૂબ મોટા અવાજે બોલો : ‘પાદેસ્તા ઝિંદાબાદ!’ ‘પ્રામાણિક સરકાર ઝિંદાબાદ! ‘ગરીબ લોકોને ન લૂંટતી સરકાર ઝિંદાબાદ!’ (પૃ. 90) – આ સૂત્રો જ જાણે ઇટાલીની વર્તમાન સ્થિતિ પર તીક્ષ્ણ કટાક્ષ છે! એક પછી એક અધિકારી આવતા જાય છે તેમ તેમ આ ખેડૂતોને ફરી ઊભા થવાનો હુકમ આવે અને તેની જય બોલાવવાની! પ્રજાની સ્થિતિ જાણે ચાવી દીધેલ રમકડા જેવી, હુકમ આવતાં ઊભું થવાનું, હુકમ આવતાં બેસી જવાનું અને હુકમ થતાં એક પછી એક આવનાર અધિકારીઓની જય બોલાવવાની! સ્વાધીનતાના લીરેલીરા! આ નાટક પૂરું થતાં આ લોકોને ત્યાંથી જવાનો હુકમ આપી દેવામાં આવે છે. પરંતુ જતાં પહેલાં પોતે જે જમીનના પ્રશ્ન માટે આવ્યા છે તેના માટે અમલદારને મળતાં જાણ

થાય છે કે તેનો તો નિર્ણય થઈ ગયો છે. એ નિર્ણય લેનાર માનનીય પેલિનો છે. એ નિર્ણય છે – ‘રાષ્ટ્રીય ઉત્પાદનના હિતને ખાતર ફુસિનોની સાથે અપાતી જમીનની વહેંચણીમાંથી ખેડૂતને સાવ બાદ કરવો જોઈએ. આ ખાતર જે મોટા ખાતેદારો છે એમની સાંથમાં ઘટાડો કરવાનું અને નાના ગણોતિયાની સાંથમાં વીસ ટકા જેટલો ઉમેરો કરવાનું એમણે સૂચવ્યું.’ (પૃ. 94). પ્રતિનિધિ દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય નાના ખેડૂતો અને ગણોતિયાનો મૂળમાંથી સફાયો કરવાનો છે!! વક્રતા તો ત્યાં છે આ નિર્ણયને ફૉન્તામારાવાસી વધાવે છે અને અધિકારીનું અભિવાદન કરે છે! એટલી આ પ્રજા ભોળી છે!

આ ભોળા ફૉન્તામારાવાસીની વહારે એક અપરિચિત સ્વજન આવે છે જે તેમને મદદ કરવાની બાંહેધરી આપે છે! અને તેમને બળવો કરવા ભડકાવે છે, સાથે હથિયારો પૂરાં પાડવાની વાત પણ કરે છે. એવું કરી આ પોલીસનો મળતિયો આ ભોળા ફૉન્તામારાવાસીઓને ફસાવવા માંગે છે! તો બીજી બાજુ પુરુષો વગરના ફૉન્તામારામાં અનેક ખટારાઓ ભરાઈને શહેરમાંથી લોકો આવે છે અને ગોળીબાર કરવા લાગે છે. જે આ એકલી સ્ત્રીઓને લડાઈ લાગે છે! પરંતુ આ લોકો એમના જ જેવા સામાન્ય મજૂરવર્ગના લોકો જ છે, જે ફૉન્તામારાવાસીની જડતી લેવા આવ્યા છે અને એ જડતી છે હથિયારો જપ્ત કરવા માટેની!! પરંતુ તેના કરતાં પણ તેનો મૂળ ઇરાદો તો આ એકલી સ્ત્રીઓને ઘરમાં ઘૂસી તેની આબરૂ લેવાનો અને મારી નાખવાનો છે. આ જડતીના નામે જ મારિયા ગ્રાઝિયા નામની સ્ત્રીનો સામૂહિક બળાત્કાર કરવામાં આવે છે!! આ આખું દૃશ્ય કંપાવી દેનારું છે – ‘અમારા મિનારા હેઠળ જ મારિયા ગ્રાઝિયા તો ખાટકીની છૂરી હેઠળ રેંસાતી બકરી જેમ ચીસો પાડતી હતી. એક જુવાન બાઈ પાંચ પાંચ પુરુષ સામે બાખડતી હતી એ અમે જોયું. કેટલીય વાર એ એમના દાવ ચુકાવીને બારણા લગી આવે, પણ પાછા પેલા બધા એને અટકાવે, પાછી ખેંચે. એમણે એના પગ પકડ્યા અને ખભા પકડીને એને જમીન પર પછાડી. બેત્રણ જણાએ એને આમ પકડી રાખી અને બીજાએ એનાં કપડાં ખેંચવા માંડ્યાં. એના શરીર પર કપડાનો લીરો પણ ન રહ્યો. ચાર જણાએ એના હાથ-પગ પકડી રાખ્યા અને પાંચમાએ એનો દેહ યથેચ્છા ચૂંથ્યો. ગળું રહેંસાતાં બકરી જેમ બાકોસા નાખે એમ મારિયા ગ્રાઝિયા ચીસો પાડતી હતી. એકે પતાવ્યું ત્યાં બીજાએ એનું સ્થાન લીધું. એનું પત્યું ત્યાં ત્રીજો અને પછી ચોથો. આ પરિસ્થિતિ આવી ત્યાં પેલી બિચારીની ચીસો પણ ક્ષીણ થતી ગઈ. અમને હવે એની ચીસ કે ઊંહકાર સંભળાતો ન હતો. એ કશો પ્રતિકાર કરતી હોય એવાં પણ કશાં ચિહ્ન વરતાતાં ન હતાં. ચોથા અને પાંચમાએ જ્યારે એના દેહનો કબજો લીધો ત્યારે તો કોઈને એના હાથપગ પકડી રાખવા પડે એવું પણ જરૂરી ન લાગ્યું. કામ પતાવી આનંદે મલકાતાં ખડખડ હસતાં એ બધા બહાર નીકળ્યા અને સીધા

લીઝાબેતા લિમોનાના વીસ કદમ દૂર આવેલા ઘરમાં પહોંચ્યા.” (પૃ. 108).

આ ઘટનાનું કથન સ્ત્રી-કથક દ્વારા થઈ છે જે દેવળના મિનારા પર ચડી આ ધ્રુજાવી દેનારી ઘટનાને છુપાઈને પોતાની આંખે જોઈ રહી છે. આ ઘટના પછી કથક-સ્ત્રીની માનસિક સ્થિતિ એવી થઈ જાય છે કે આગળની ઘટનાનું કથન કરી શકતી નથી અને તેનો પતિ કથાનું કથન કરે છે. પુરુષો આવ્યા બાદ આ દશા જોઈને બધાથી જાણકાર જનરલ બાલ્દીસેરા પાસે પણ આનો કોઈ જવાબ નથી. કારણ કે ભૂતકાળમાં આ પ્રકારની ઘટના વિશે એણે પણ ક્યારેય સાંભળ્યું નથી. સમાજનો એવો વર્ગ કે જેમનું કામ જ સમાજવિરોધી છે, તેમના હાથમાં જ બંદૂક આપીને ખુલ્લી છૂટ આપવામાં આવી છે. જે ફાસિસ્ટ તરીકે ઓળખાય છે. આવા લોકોનાં બળ ફાવવાનું કારણ આ ગ્રામવાસીઓમાં એકતાનો અભાવ અને સ્વાર્થવૃત્તિ પણ છે. આ બધામાં બેરાર્દો અલગ તરી આવનારો છે કારણ કે તે ખુલ્લી રીતે વિરોધ કરનારો છે. પણ તેનો સાથ આપનાર કોણ? અહીં ફરી બીજું નાટક શરૂ થાય છે અને બંદૂકધારીઓ દ્વારા આ પુરુષોને એક પછી એક પ્રશ્ન પૂછવામાં આવે છે. એના જવાબ પ્રમાણે તેમની નોંધ સરકારના ચોપડે વાંકાબોલો, અરાજકતાવાદી, ઉદારમતવાદી, દેશદ્રોહી, ગુનેગાર, ગુંડો, સામ્યવાદી તરીકે કરવામાં આવે છે. આ નોંધ શા માટે કરવામાં આવી રહી છે તેની પણ આ ગ્રામવાસીઓને ગતાગમ નથી!

આ બધી ઘટનાઓ સાથે બેરાર્દોની પ્રેમકથાનો એક તાંતણો ગૂંથાતો જાય છે. કથક-સ્ત્રી સાથે નજરે જોયેલ બળાત્કારની ઘટના બાદ એલ્વીરા બીમાર પડે છે અને પોતાનું રંગવાનું કામ કરી શકતી નથી, ત્યારે બેરાર્દો તેની મદદ કરે છે. તેનું માત્ર એક જ સ્વપ્ન છે. બહાર જઈ પૈસા કમાવવા અને તેનાથી એક ટુકડો જમીન ખરીદી એલ્વીરા સાથે લગ્ન કરવાં. એલ્વીરા અને બેરાર્દોની કથા સાથે સ્થાનિક ઉદ્યોગો કેવી રીતે પડી ભાંગ્યા તેનું પણ ઝીણવટપૂર્વક આલેખન થતું જાય છે. તો સાથે ભૂમિહીનોને આ સમાજમાં કેવી હીન દૃષ્ટિએ જોવામાં આવે છે તેનો પણ ખયાલ બેરાર્દોની ચિંતા અને પ્રેમ કરતો હોવા છતાં જમીનનો ટુકડો ખરીદ્યા પહેલાં એલ્વીરાને પરણવાની ‘ના’માં જોવા મળે છે.

બેરાર્દો બાદ નવલકથામાં બીજું મહત્ત્વનું પુરુષપાત્ર પેપિનો ગોરિયાનોનું છે. બેરાર્દો પોતાની સ્થિતિ સુધારવા બીજે દેશ જઈ શકતો નથી અને પેપિનો એ સ્વપ્ન સાથે રોમ જઈ પૈસા કમાઈને આવી પોતાની પ્રેયસી સાથે લગ્ન કરી શકે, બન્ને યુવાનોનાં સ્વપ્નો મળતાં આવે છે. પરંતુ બન્નેની સ્થિતિમાં ભેદ છે. અહીંથી નવલકથામાં પેપિનોના ભૂતકાળ કથન દ્વારા રોમમાં પૈસા કમાવાનું સ્વપ્ન લઈ જનાર યુવાનોની વાસ્તવિક સ્થિતિનું આલેખન કર્યું છે... સાથે રોમની રાજકીય વાસ્તવિકતાનું પણ આલેખન થયું છે. પેપિનો પોતાના ગામવાસીઓની સામે

અપરિચિત તરીકે પોતાની સાથે બનેલી ઘટનાનું કથન કરે છે. જે કથનકેન્દ્રની દૃષ્ટિએ ઉપકારક છે. રોમ પહોંચીને પેપિનો અનેક નાનાંમોટાં કામો જેવાં કે – સફાઈકામ, ભીખ માંગવી, રોજગારી અપાવનાર મંડળ ખોલવું, પોપટની મદદથી ભવિષ્ય જોનાર, સ્ત્રીઓની દલાલી, ચોરી વગેરે અજમાવે છે, પરંતુ પેટ પૂરતા કમાવવાનાં પણ ફાંફાં પડે છે. પછી બચાવવાની તો વાત જ ક્યાં રહી! હારી-થાકી દુકાનની લૂટમાં જોડાય છે. ત્યારે લૂંટ જોડા માટે કરી છે એવું કહેતા તેને બેવડી સજા કરવામાં આવે છે અને પોતાનો હેતુ રાજકીય હતો. એવું કહેનારને ઓછી! સજા પૂરી થતાં પોલીસે બતાવેલા માર્ગ પર ચાલવાનું નક્કી કરે છે કે બસ હવે રાજકીય કામો જ કરવાં. જે 'નેત્તી ઝિંદાબાદ! ફ્યુમ મુર્દાબાદ' જેવાં સૂત્રો બોલવાનું અને પોલીસે ચીંધેલા માર્ગે જઈ માર ખાવાનો. જેના માટે તેને રોજ પાંચ લાયર મળતા અને દવાખાને પહોંચતાં પચ્ચીસ લાયર! દોઢ વર્ષ સુધી આ રીતે રાજકીય સેવા કર્યા બાદ પેપિનોનું શરીર જવાબ આપી દે છે, ઢોરમાર ખાઈને તેની શક્તિ ઘટી ગઈ અને રાજકારણ પણ વધુ ઉગ્ર થવા લાગ્યું. હવે પથ્થરો અને દંડૂકાની જગ્યાએ ગોળીઓ મારવામાં આવતી! પાંત્રીસ વર્ષ રોમમાં રહેનાર પેપિનો આ શા માટે નારા લગાવાતા, શા માટે માર મારવામાં આવતો એના વિશે કશું જાણી શકતો નથી. તેની પાસે એક જ જવાબ છે – 'આ બધું જ રાજકારણ' (પૃ. 137). થોડા સમય બાદ માર ખાનાર પેપિનોની નોકરીની ભૂમિકા બદલાય છે. માર ખાવાની જગ્યાએ મારવાનો હક્ક મળે છે અને પાંચની જગ્યાએ રોજના વીસ લાયર! પોલીસના ઇશારે છાપખાના બાળવામાં પેપિનોને ગૌરવ મળે છે. પરંતુ ફાસિવાદીઓના હાથમાં કારભાર આવતાં ફરી તેને બેકાર બનવાનો વારો આવે છે. નવી સરકાર આવતાં રોજ કાયદા બદલાય છે. કેવા છે આ કાયદા – 'કેટલીક વાતો વિશે વાત કરવાની મનાઈ ફરમાવતો કાયદો, દીવાલ પાસે પેશાબ કરવાની મનાઈ કરતો કાયદો. ડાબી બાજુએ ચાલવાની મનાઈ કરતો કાયદો. રાતે ગીત ગાવાની મનાઈ કરતો કાયદો. ટ્રામમાં આગલે બારણેથી દાખલ થવાની મનાઈ કરતો કાયદો, પરણે નહીં, એમને માટે પણ કાયદો...' (પૃ. 141-142)

પેપિનો મુજબ રોમ હવે રહેવાલાયક રહ્યું નથી, તેમાં ગંધ આવે છે અને એ ગંધ સૌથી વધુ પાદરીઓ રહે છે ત્યાં આવે છે – 'કારકુનો રહે છે એ વિસ્તાર પ્રાતીમાં જણાઈ આવે એવી છે, પણ છતાંય ખમી શકાય ત્યાં તો. પણ શહેરની મધ્યમાં, પાદરીઓ રહે છે ત્યાં અને સંત પીટરના દેવળ આસપાસ તો લમણાં ફાટી જાય એટલી અસહ્ય છે.' (પૃ. 142). આ ગંધ રોમમાં પેસેલ ધાર્મિક સડાનો સંકેત છે! આ ગંધ દિવસે દિવસે વધી રહી છે. જે રોમ જેવા અમર શહેરની ધાર્મિક અને રાજકીય અધોગતિને સૂચવે છે!! સત્તાધારીઓ અને પોલીસ દ્વારા જ રોજબરોજ કામદારોની વસ્તી પર છાપા મારવામાં આવે છે. જેના કારણે સામાન્ય માણસ માટે

રોમમાં ચોવીસે કલાક ભયનું વાતાવરણ રહે છે. ભયને કારણે ગુના વધે છે. -ગરીબ માણસથી માંડી પોપ સુધી બધામાં ભય છે. પોપના ભયના કારણે ધર્મ પણ રાજકર્તાઓ દ્વારા ખરીદી લેવાયો છે!! – 'પોપને પણ ભય છે. નવી સરકાર પાસેથી નામદાર પોપે બે અજબ લાયર સ્વીકાર્યા. એમાંથી મોટર ખરીદી. બીનતારી સંદેશાનું યંત્ર મુકાવ્યું. અને નવાઈની વાત એ છે કે એ પોતે કદી મુસાફરી કરતા નથી તોય પોતાના માટે રેલ્વે સ્ટેશન બાંધ્યું. આ ઉપરાંત પણ ઘણીબધી સગવડો વધારી વસાવી. અને આ બધું થયું પછી હવે ભય લાગે છે. (પૃ. 144)

તો દેશાવરથી આવતા લોકો જે ત્રીસ-ચાલીસ વર્ષથી રોમમાં રહે છે તેમને પોલીસ 'જાહેર સલામતી ખાતર' પોતાને ગામ તગેડી મૂકે છે. અને એમ પેપિનોને પણ ફૉન્તામારા તગેડી મૂકવામાં આવ્યો છે અને પાંત્રીસ વર્ષ પેપિનો ગોરિયાનું જે એક સ્વપ્ન લઈને રોમ ગયો હતો તેને ખાલી હાથે પાછો કાઢવામાં આવે છે! રોમમાં બધું ગુમાવનાર પેપિનો ચિત્તભ્રમ થયો હોય એમ જાણે એક જ સવાલ પૂછ્યે રાખે છે – 'કોઈ કહેશો, આપણે શા સારુ જન્મ્યા હોઈશું?' પેપિનોનો આ પ્રશ્ન ધર્મ, રાજકારણ અને સત્તાવાળાનો ભોગ બનેલ સામાન્ય પ્રજાની સ્થિતિને આલેખે છે. પેપિનોની આપવીતી સાંભળીને જનરલ બાલ્દીસેરા પણ બેચેન બની જાય છે. વિકાસની સાથે ખેડૂતોની સ્થિતિ સુધરવાની જગ્યાએ દિવસે દિવસે કથળી રહી છે – ખેડૂત હજુ પણ ધરતી પર લાકડાના હળથી ખેતી કરતો હતો ત્યારે શહેરનો વેપારી વિમાનમાં ઊડતો હતો. હજુ પણ ખેડૂત લાયરના વીસ તાંબિયાની ગણતરી ગણતો અને બને તો એકાદ બચાવવા-સંઘરવાની વાત કરતો. શહેરી તો હજાર લાયરની નોટ સિવાય બીજી કશી વાત ઝીંકતો ન હતો. દિન ઊગે ત્યાંથી માંડીને સૂરજ આથમે ત્યાં લગી ધરતી પર પસીનો પાડતો ખેડૂત ભૂખ્યો રહેતો. ત્યાં શહેરમાં ઘડીના છઠા ભાગમાં માણસને મારવાના પૈસા મળતા!' (પૃ. 147). આ જ સ્થિતિ ભારતના અનેક ભૂમિહીન ખેડૂતોની પણ નથી? ગામડાના લોકોને હાંકી કાઢનાર આવી સરકાર પોતાના પ્રચાર માટે આ લોકોને પુસ્તક આપે છે જેનું લખાણ (ખેડૂત અને ગામવાસીની સ્થિતિ સંદર્ભે) આ સરકારનાં દોગલાં વલણને સ્પષ્ટ કરે છે. પુસ્તકમાંની કવિતામાં નીચે મુજબની સ્થિતિ ખેડૂતોની આલેખવામાં આવી છે. જેનો અંત નોંધું છું –

'ગ્રીષ્મના સૂર્યના પ્રખર તાપમાં
બપોરાં માણતાં ઘેટાં જેવા આ
ધરતીના લાલના કૂબા, ખીણમાં ઊંડાણે
જંપ્યા લાગે છે. અને
નીરવતાને ભેદતો, વાડી ઝાડી અને ઢળતી
ટેકરીઓના ભર્યા ભર્યા પલ્લવને વીંધતો,

મંદ અને મીઠો, ધરતી પર ઢળકતા ધોધવાનો
અવાજ આવે છે. મીઠાશ, તૃપ્તિ, સંતોષની
આવી પળ દોહ્યલી છે. (પૃ. 148-149)

ખરેખર આવી પળનું તો સ્વપ્ન પણ ખેડૂત માટે દોહ્યલું જ છે! આગળ નવી સરકારે ખેડૂતો માટે શું શું કર્યું તે જોઈએ – 'ખેડૂતોને અકસ્માત સામે, બીમારી સામે અને બેકારી સામે રક્ષણ મળ્યું છે. ખેડૂતોને આપવા પડતા લાગા-લેતરીમાં ધરખમ ઘટાડો કર્યો છે. બૅંકો પાસેથી ખેડૂતોને ધીરાણની પૂરી સગવડ મળે છે.' (પૃ. 149)

ચોપડા પરના આ લખાણ કરતાં વાસ્તવિકતા કેટલી વિપરીત છે તે ભાવક તરીકે આપણે જાણીએ છીએ. આ બધી યોજનાઓ માત્ર ચોપડા પરની યોજનાઓ-માત્ર જ છે!! પુસ્તકના અંતનું લખાણ વધુ ચોંકાવનારું છે – 'ટૂંકમાં આજે સત્તા ખેડૂતોના હાથમાં છે. ઇટાલી એ ખેતીપ્રધાન દેશ છે. એની સરકારમાં પણ મોટે ભાગે તો ખેડૂતો છે. ખેડૂતોનું હિત જ સર્વોપરી છે. ખેડૂતો દેશના સાચા પ્રતિનિધિ છે.' (પૃ. 150). આ બધું જાણી બેરાર્દોને પ્રશ્ન થાય છે – ખેડૂતોના નામે જ ખેડૂતોને લૂંટવાનું અને ખેડૂતોનાં ખૂન કરાવવાનાં? શું કામ? આ સરકાર ગરીબો વિરુદ્ધની છે, પણ એ પેપિનો મુજબ ખાસ પ્રકારની છે જે રેલવેમાં કામ કરનાર, ઈંટો વહેરનાર, કારકુનો વગેરેને સાથે લઈને ચાલે છે, કારણ કે આમના ટેકા વગર આ સરકાર પળ ભર પણ ટકી શકે તેમ નથી! તો બીજી બાજુ શાહજાદા તોર્લોનિયા અને બૅંકને પણ એમની જરૂર છે. અને આમ કરી તે ખેડૂત અને મજૂરની છે એમ મનાવવાનો પ્રયાસ કરે છે! પેપિનોની આ વાત ફૉન્તામારાવાસી સમજી શકતા નથી. એટલું જ નહિ, એમને તો એ પણ સમજાતું નથી કે પોલીસની હાજરીમાં, કાયદાને નામે ફૉન્તામારાની સ્ત્રીઓ ઉપર અત્યાચાર કેવી રીતે થઈ શકે!? ફૉન્તામારાવાસીને ત્રીજી ન સમજાતી વાત આ છે – 'ઘણી વાર આ કહેવાતા ફાસિવાદીઓએ કાયદાને જેની સામે કશી ફરિયાદ ન હતી એવા લોકને માર્યા હતા, ઘાયલ કર્યા હતા અને જાનથી મારી નાખ્યા હતા. આમનો એકમાત્ર ગુનો એ હતો એ લોક કંટ્રાટીને એક યા બીજી રીતે હરકતકર્તા લાગતા હતા. અને આ તો સાફ સમજી શકાય એવી વાત હતી. આવું કરનારને સરકારે હંમેશાં ઇનામ આપ્યાં હતાં. અને એ વાત અમને સમજાતી ન હતી.' (પૃ. 152). દેખાવ અને કાર્યમાં રહેલો આ વિરોધ આ ભોળી પ્રજા સમજી શકતી નથી. શું આપણે ત્યાં પણ આજે આવી સ્થિતિ નથી?

આ સરકાર ઉદ્યોગપતિનો સાથ આપનારી છે, ખેડૂતો નહીં, માટે તો કંટ્રાટી ખેડૂતો પાસેથી લણણી પહેલાં જ ઓછા દામે પાક ખરીદે છે અને જરૂરિયાતમંદ આ ખેડૂતો તેને ભવિષ્યના ભાવ વિશે વિચાર્યા વગર ઓછી કિંમતે વેચી પણ દે છે.

પછી ધાન પાકતાં ભાવ ઊંચો જાય છે. એટલે 120 લાયરમાં ખરીદેલો પાક 170 લાયરમાં વેચી હરેક બોજ દીઠ પચાસ લાયરનો નફો! આ નફો કોના ખિસ્સામાં ગયો જેણે એક ટીપું પણ પસીનો પાડ્યો નથી – 'એટલે આ આખો નફો ગયો જેણે એક પણ દાણો પકવ્યો ન હતો તેવા કંટ્રાટીના ખિસ્સામાં. આ ચાસ પાડવા, ખેડવું, વાવવું, સરખું કરવું, ઝૂંપવું, ઝાંખરાં દૂર કરવાં, લણવું, ઊપણવું, એ બધાં જ કામનો સાલભરનો નફો જઈ પડ્યો કંટ્રાટીના ખિસ્સામાં. ખેડૂતોએ ખેતર ખેડ્યું, વાવ્યું, સરખું કર્યું, ખોદ્યું, લણ્યું, ઊપણ્યું અને એ બધું થઈ ગયું પછી કંટ્રાટી આવ્યો અને બસ મલાઈ ખાઈ ગયો. બૅંક આવી અને મલાઈ જમી ગઈ.' (પૃ. 153)

વધારે વક્રતા તો ત્યાં છે કે આ બધું થઈ રહ્યું છે કાયદેસર! તેનો વિરોધ ન થઈ શકે. જે વિરોધ કરે તે ગુનેગાર!!

ખેડૂતોને મજૂર બનાવ્યા, હવે મજૂરોને તો ભૂખે મરવાનો જ વારો આવે એવો નવો કાયદો આ નવી સરકાર લાવી છે. બેરાર્દો અને રાફેલ સ્કારપોની અને કથક ડોન સિર્કોસ્તાન્ઝાની દ્રાક્ષની વાડીમાં મજૂરી કરી પોતાની મજૂરી લેવા જાય છે ત્યારે આ નવા કાયદાના વિરોધનો દેખાવ કરતા ડોન સિર્કોસ્તાન્ઝા પૂર્વે ઠરાવેલ મજૂરી કરતાં નવા કાયદા પ્રમાણે તેમને ચાલીસ ટકા પૈસા કાપીને મજૂરી આપે છે. અને દેખાવ કેવો કરે જાણે તેમને મજૂરોની ચિંતા છે, એમ વર્તી બધો દોષ ફાસીવાદીઓ પર નાખી દે છે – 'કાયદા પ્રમાણે પહેલાં કાપવાના ચાલીસ ટકા. ચાલીસ ટકા એટલે થયાં પાંત્રીસ લાયર, બાકી રહ્યા એકાવન. હવે બેકારીનિવારણના કાયદા પ્રમાણે બાકી રહ્યા એમાંથી કાપવાના પચીસ ટકા. એ થયા તેર લાયર. એટલે બેરાર્દોના બાકી રહ્યા આડત્રીસ લાયર. બેરાર્દો, ભાઈલા, તું ઘણો સારો માણસ છે અને મને આ વાતનો દિલમાં રંજ પણ છે. પણ ભાઈલા, દોષ પેલા ફાસીવાદીઓનો છે.' (પૃ. 157). નવી સરકારના બધા જ નવા કાયદા મજૂરો, નાના ખેડૂતો અને ગણોતિયાઓની વિરોધમાં તથા જમીનમાલિક, કંટ્રાટી અને ઉદ્યોગપતિઓની તરફેણના છે! એવું કરી સરકારે ગરીબોને લૂંટવા જાણે ખુલ્લો દોર આપી દીધો છે. ગણોત ઉપરાંત જમીનમાલિકોની ગણોતિયાઓ પાસેથી ઈંડાં, મધ વગેરેની વસૂલી તો ખરી જ!

હજુ અહીંથી અટકતું નથી. પાદરી પ્રાર્થના કરવા આવે તેનો ભાવ પણ વધી ગયો! ઉપરથી જેટલા દિવસ ગામમાં રહે તે પણ પ્રજાના જ ખર્ચે! હાથમાં સફેદ રોટી ધારણ કરનાર ઈસુનું ચિત્ર જાણે કહે છે, આ સફેદ રોટી ખડૂતો માટે તો જાણે સ્વપ્ન જ છે. તેના ભાગમાં તો છે મકાઈના જાડા ભાખરા! જે સફેદ રોટીને પામે છે તે જ ઈસુને પામી શકે. પછી તો આ ભાખરા ખાનાર કેવી રીતે ઈસુને પામી શકે! જેનાથી આ સફેદ રોટી બને છે તેનો પકવનારો જ તેને ખાઈ શકતો નથી, એટલું જ નહિ, સ્થિતિ તો એવી છે કે તેનું સપનું જોવું પણ મુશ્કેલ છે કારણ કે

છેલ્લે જે ખેડૂતને રોટી નસીબ થઈ એને ચારસો વરસ થયા! વાસ્તવિકતા તો આ રીતની છે – 'દેવના પુત્રનો દેહ. અને એટલે જ સત્ય. એટલે જ જીવન. એનો કહેવાનો અર્થ જ હતો : 'જેની પાસે સફેદ રોટી છે એ તો મને પામી જ ગયો છે.' જેની પાસે સફેદ રોટી નથી, જેની પાસે મકાઈના ભાખરા છે એ દેવના કૃપાવર્તુળની બહાર છેઃ એ ઈશ્વરને જાણતો નથી, એ સત્યને પિછાનતો નથી. એને કશું જીવન નથી. જેની પાસે સફેદ રોટી નથી એની પાસે માત્ર મકાઈના ભાખરા છે અને એથી તો એમ લાગે કે જાણે ઈસુ આ ધરતી પર જન્મ્યો કે જીવ્યો ન હતો અને એવાને માટે કયામત તો હોય જ ક્યાંથી?

અને પરસેવો પાડી પકવેલા ઘઉં, આખા વરસની કાળજી અને જહેમત કરીને પકવેલા ઘઉં, હજુ તો કણસલામાં જ હતા ત્યાં બૅંકે જપ્ત કર્યા તે અમને યાદ કેમ ન આવે? મોતીના દાણા જેવો પરસેવો કપાળેથી ટપક ટપક ટપક્યો હતો એ ઘઉંનું વાવતાં અને ઉગાડતાં પણ અમારે એ ચાખવાનાય નહીં. એ જવાનો બધોય કસ્બા અને શહેરમાં. ત્યાં બધાંય હોંશે હોંશે આરોગશે. શહેરનાં કૂતરાં અને બિલાડાંનેય એનો સ્વાદ મળશે. પણ એમને એની ગંધ પાણી નહીં મળે. અમારે તો ખાવાના આ ઘરઆંગણે ઊગેલી મકાઈના ભાખરા.' (પૃ. 160)

ઉપર આલેખ્યું તેમ ભાખરી ખાનાર આ ખેડૂતોનો તો ઈશ્વર પણ નથી. પછી તો એની સ્થિતિ શહેરનાં કૂતરાં-બિલાડાં કરતાં જાય એમાં નવાઈ શું? આ રીતે શોષાતા-પીડાતા ગામવાસીઓને આશ્વાસનમાત્ર ચર્ચાઓ અને ઝઘડાઓ દ્વારા મળે છે. તેમાં પણ આગળ જોયું તેમ ચર્ચા કરવાનો હક સરકારે છીનવી લીધો, રહ્યું માત્ર ઝઘડાઓ કરવાનું. અહીં ફરી ઝઘડા નિમિત્તે પાણીના ઝરણાની વાત આગળ વધે છે. જે નિર્ણય તે સમયે થયો હતો તે પ્રમાણે પાણીની વહેંચણી કેવી રીતે થશે? એનું ફૉન્તામારાવાસીને કુતૂહલ છે. ત્યારે ડોન સિર્કોસ્તાન્ઝા આ પ્રજાની ફરિયાદ લઈ કંટ્રાટી પાસે જાય છે. આ પ્રજાની મુશ્કેલી જણાવી અમુક મુદત પછી આ પાણી ફૉન્તામારા એકલાને મળે એવી આજીજી કરે છે પણ એ મુદત કેટલી છે? તેની આજીજીને સાંભળી કંટ્રાટી પચાસ વર્ષની મુદત આપે છે પરંતુ તેના પર તો ગામવાસીઓની હોહા અને અમને કાપી નાખી, જેલમાં પૂરી દો એવા અવાજો ઊઠે છે ત્યારે આ પ્રજાની તરફેણ કરનાર ડોન સિર્કોસ્તાન્ઝા દરખાસ્ત મૂકે છે. એ દરખાસ્ત છે દસ ચમકની!! અને એ માન્ય બને છે. આ દસ ચમક એટલે કેટલો ગાળો થાય તેની કોઈ ફૉન્તામારાવાસીને ખબર નથી અને તેના એકરારનામા પર બન્ને પક્ષની મહોર વાગે છે!! એટલે શોષણ પણ કાયદેસર! આવા અપરિચિત શબ્દો દ્વારા પ્રજાના કહેવાતા સેવકો જ તેમને મરણને માર્ગે ધકેલી રહ્યા છે!! તેનું ઉદાહરણ ડોન સિર્કોસ્તાન્ઝાનું પાત્ર છે.

જનરલ બાલ્દીસેરા અને પેપિનો મુજબ દસ ચમક એટલે સો વર્ષ. આ

મુજબ તો પ્રજાના આગેવાન અને હિતેચ્છુઓ કંટ્રાટી કરતાં પણ ક્રૂર છે. આ નિર્ણયને કારણે જે થોડાંઘણાં ખેતરોને ઝરણા દ્વારા પાણી મળતું હતું તે તો બંધ થયું જ, પરંતુ ઈશ્વર પણ જાણે રૂઠ્યો હોય તેમ વરસાદ પણ પડતો નથી. એટલે તરસે મરતા ફૉન્તામારાને હવે ખેતરો સુકાવાને કારણે ભૂખે મરવાનો વારો આવ્યો! આ રીતે બેહાલ પ્રજા પોતાના જ આગેવાન દ્વારા વિશ્વાસઘાતનો ભોગ બને છે, તો આ મુશ્કેલીમાંથી નીકળવાનો માર્ગ કોણ બતાવે તે માટે પણ દિશાહીન છે. જેની વેદના પાત્રમુખે પ્રગટ થઈ છે – 'આ દસ ચમકની શેતાની વાત, ત્રણ ચતુર્થાંશના પ્રપંચ પછી આવી. પણ એને કારણે ભદ્રલોકમાં અમારો જે વિશ્વાસ હતો તે સાવ નષ્ટ થઈ ગયો. બન્ને વાર એવું બન્યું કે જેના ખોળામાં માથું મૂક્યું એણે જ ગરદન કાપી. જેનામાં વિશ્વાસ મૂકી શકીએ એવું કોઈ હતું નહીં. કોના આગળ જઈને ફરિયાદ કરવી?' (પૃ. 168)

આ અભણ અને ભોળા ખેડૂતોનું કોઈ પણ સરકારી અથવા ધાર્મિક કામ કોઈ વકીલ કે અધિકારીની ઓથ અથવા પ્રમાણપત્ર વગર ન થાય. એટલે પોતાનું નાનું અમથું (જન્મનો દાખલો કઢાવવા) જેવું કામ કરાવવા માટે પણ સિર્કોસ્તાન્ઝાની મદદ લેવી પડે! માટે જ આવા અધિકારીઓ અને વકીલો આ ખેડૂતો અને ગામ પર દબદબો ભોગવે! એટલે કે આખું ગામ એના હસ્તક. એવા દરેક ગામ પર આવા અધિકારીની સત્તા ચાલે – "એ રીતે ફૉન્તામારા પર ડોન સિર્કોસ્તાન્ઝાનો કબજો. કોલ્લાર્મેલે તો કે' ડોન કુક્કાવસિયોનું, ઓર્તાના ડોન સિક્કોનીનું, બીસેગ્ના તો કે' ડોન તરન્દેલાના ગજવામાં. અને સાન બેને દત્તો, ડોન પોમ્પોનીઓની હથેળીમાં. પોલીસ બદલાય, અમલદાર પણ બદલાય. શિરસ્તેદાર બદલાય. પણ જે નવો આવે એ આ ટોળકીને નમીને ચાલે, નહીં તો અહીંથી દૂર થાય." (પૃ. 172). એની આ ટોળકીઓની સત્તાની લડાઈમાં ભોગ બને ગરીબ ગામવાસીઓ અને ખેડૂતો! જાન અને માલનું નુકસાન તો એમને જ વેઠવાનું! એટલું જ નહીં, કંટ્રાટી પાસે પોતાનું ન ચાલતાં આવા પ્રજાના કહેવાતા હિતેચ્છુઓ ખેડૂતોને ભડકાવી તેમના વિરુદ્ધ તેમનો હથિયાર તરીકે ઉપયોગ કરે!

આ રીતે પ્રજાના સેવકો જ ગરીબો અને ખેડૂતોની આ સ્થિતિ માટે જવાબદાર છે એવું હવે અનેક અનુભવ પછી આ ફૉન્તામારાવાસીઓને સમજાવવા લાગ્યું છે. આવા અધિકારીઓની કૃપાને કારણે જ તેમની વર્તમાન સ્થિતિ આવી છે – 'જુઓ તો આપણી દશા થઈ છે તે! ખેડૂતો પાસે ખાવાની ભાખરી નથી. જોડા સીવનાર ઉઘાડે પગે ફરે છે. દરજીનાં કપડાં ફાટેલાં છે. અને મકાન ચણનાર કડિયાને માથે છાપરું નથી.' (પૃ. 174). ન્યાય માંગવા પણ કોની પાસે જાય? કાયદો તો આ અધિકારીઓના ખિસ્સામાં છે અને એક એક મુકદ્દમો સો સો વરસ લગી ચાલે! પાક સુકાઈ જતાં પહેલી વાર કદાચ આ પ્રજા રોષે ભરાય છે. પણ રોષ પણ કોની

પર કાઢવો એટલી આ પ્રજા લાચાર છે! જનરલ બાલ્દીસેરાને પણ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા હવે તો એક જ રસ્તો સૂઝે છે – 'જે માણસ પોતે રસ્તો કાઢીને પોતે આગળ વધે એને ઈશ્વર પણ મદદ કરે છે.' (પૃ. 175). જનરલ બાલ્દીસેરાને કદાચ પહેલી વાર બેરાર્દોનો રસ્તો સાચો લાગે છે. પરંતુ પહેલાંનો વિરોધ કરનારો બેરાર્દો હવે પહેલાં જેવો રહ્યો ન હતો. હવે જાણે તે આ બધા વિશે તદ્દન ઉદાસીન બન્યો હતો. બસ તેને તો હવે રોમ જઈ મજૂરી કરી પૈસા કમાવવા હતા. ગમે તેમ કરી ઉધાર પૈસા લઈ બેરાર્દો શહેરમાં જાય છે. શહેરમાં જતાં પહેલાં ગામના યુવકો કંટ્રાટીનાં કારખાના બાળવાની વાત કરે છે, શાંતિથી જીવવાની વાત કરે છે. જાણે નવલકથાના આરંભમાં શાંતિથી સહન કરનારા લોકોનું સ્થાન અત્યારે બેરાર્દોએ લીધું છે અને બેરાર્દોનું ગામવાસીઓએ. બેરાર્દોના પાત્રમાં આવેલું આ મહત્ત્વનું પરિવર્તન છે, એની પાછળનું કારણ છે મરણપથારીએ પડેલી એલ્વીરા અને તેની જવાબદારી. બેરાર્દોના પરિવર્તનને કારણે જાણે ફૉન્તામારાના યુવાનોની શક્તિ પણ હણાઈ જાય છે. એલ્વીરા તેના આ પરિવર્તનનો વિરોધ કરે છે અને પોતાને તો પહેલાંના બેરાર્દો સાથે જ પ્રેમ થયો હતો એ સાંભળતાં ગુસ્સે થઈ તે ત્યાંથી ચાલ્યો જાય છે. રાત્રે બે વાગ્યે દેવળનો ઘંટ વાગે છે ત્યારે દરેક સાંભળતા હોવા છતાં ત્યાં શું બની રહ્યું તેના વિશે ત્યાં જઈ જાણવાનો પ્રયત્ન સુધ્ધાં કોઈ કરતું નથી. જેનાથી સ્પષ્ટ થાય છે આ લોકોમાં ભેગા મળી અન્યાય સામે લડવા એકતાનો અભાવ છે.

આ બધી ઘટનામાં બીજી મહત્ત્વની ઘટના બને છે તીઓફિલો પૂજારીના આપઘાતની. એ ઘંટારવનું કારણ પૂજારીનો દેહ આખી રાત તે ઘંટ પર લટકવાનું હતું. પાદરી પૂજારીનાં અંતિમ સંસ્કાર કરાવવાની પણ ના પાડી દે છે. સ્કારપોની બેરાર્દોને આ બધું જણાવી રહ્યો છે ત્યારે પણ તે ઉદાસીન જ રહે છે, આ આપઘાતની તપાસ કરવા સિપાહીઓ આવવાના એવું કહી સ્કારપોની બેરાર્દોને રોમ ન જવાનું કહે છે પણ બેરાર્દો પોતાનો નિર્ણય બદલતો નથી. રોમમાં બેરાર્દોની સાથે સાથે કથકનો દીકરો પણ જાય છે અને માટે જ અહીંથી નવલકથાનો કથક પણ દીકરો છે. તે પોતાના મુખે પોતાના રોમના અનુભવની વાત કરે છે. જેના કારણે ઘટનાનું કથન વધારે પ્રતીતિકરતાનો અનુભવ કરાવે છે. બીજા દિવસથી શરૂ થાય છે બેરાર્દો અને દીકરા કથકના કામ શોધવાના પ્રયાસોની કથા. ત્રણ દિવસ તો એક પછી એક દફ્તરમાં માત્ર લાઇનમાં બેસી એક જગ્યાએથી બીજી જગ્યાએ ધક્કા ખાવામાં જ પસાર થયા. ચોથા દિવસે એક દફ્તરમાં તેમની પાસેથી કાગળિયાં માંગવામાં આવે છે. જેના વિશે આ બન્ને અજાણ હોવાથી કાગળિયાં બનાવવા માટે તેમની પાસે પાંત્રીસ લાયર માંગવામાં આવે છે. અને જાણે પાંત્રીસ છરીના ઘા થતા હોવા છતાં લાચારીને કારણે બેરાર્દોને આપવા પડે છે.

છતાં એક આશા જીવંત છે – મજૂરી મળતાં બમણી મજૂરી કરી તે કમાવાની. આ દરમ્યાન કથક અને બેરાર્દોની આંખે રોમનું વર્ણન કરવાની તક સર્જકે લીધી છે. તેમાં પણ બે હેતુ સધાયા છે. એક રોમનું બાહ્ય વર્ણન અને બીજો, દેવળોનું સ્થાન લેતી બૅન્કની વધતી સંખ્યા. જે રોમ શહેરમાંથી જાણે ધર્મને દેશવટો મળ્યો હોય તેનો સંકેત કરે છે. પાંચમા દિવસે કામ માટે જતાં તેમને પોતાનું ઠેકાણું પૂછવામાં આવે છે અને કામ માટેની અરજી પણ એલ્વીરાના દફતરમાં જ કરવી પડે એવો જવાબ મળતાં બેરાર્દો પોતે જ્યાં રહ્યા તે સરાઈમાં રહેતા એક વકીલ પાઝીએનેઝાની સલાહ લે છે. એ સલાહના પણ દસ લાયર! દરેક અસીલ દીઠ દસ લાયર. બીજા દસ લાયર આપવા પડ્યા. વધ્યા માત્ર ચૌદ લાયર, અને વકીલે તો ચોખ્ખું કહી દીધું કે આટલામાં તો કામ ન થાય. વધુ પૈસા મંગાવી શકો? એવા પ્રશ્નના જવાબમાં બેરાર્દો હા પાડે છે ત્યારે તેની યાદી તો લાંબી થતી જાય છે. જેમાં મરઘી, પનીર પોતાની ઉધરસ માટે મધ વગેરે જોડાય છે. આ બધું મંગાવવાનો તાર બેરાર્દો પોતાના પિતાને નામે કરાવે છે જે હયાત જ નથી! એટલે બેરાર્દો પણ આ વકીલનો ઇરાદો જાણી ગયો છે. અને વકીલ એ તારની યાદી કામ મેળવવાના દફતરમાં લઈ જઈ અફસરને એ યાદી બતાવી, સમજાવી મનાવે છે અને ત્યારે બેકારોની યાદીમાં નામ નખાવવા માટે જનમનો દાખલો, પોલીસમાંનાં કાગળિયાં હોય તો એ અને સારી ચાલચલગતનું પ્રમાણપત્ર આપવાં પડે! એવું જાણવા મળે છે. આટલું કર્યા પછી પણ કામ મળવાની કોઈ ખાતરી તો નહીં જ!! આ બધુ થતાં બેરાર્દો અને કથક પાસે રહ્યા છે માત્ર ચાર લાયર. આ વિધિ બાદ એક તરફ બેરાર્દો કામ મળવાના સમાચારની રાહ જોઈ રહ્યો છે તો વકીલ તાર પ્રમાણે મંગાવેલ પૈસા અને અન્ય સામગ્રીની! રાહ જોતા ત્રણ દિવસના લાંઘણ કરવા છતાં કામના કોઈ સમાચાર આવતા નથી, ત્યારે બેરાર્દો ઉગ્ર બને છે તો બીજી તરફ વકીલ પણ મનીઑર્ડરમાં વાર થતાં બેરાર્દોના બાપને ગાળો ભાંડે છે. પણ એટલામાં તો વકીલ આનંદના સમાચાર લઈને આવે છે કે મનીઑર્ડર આવી ગયું!? ત્યારે બેરાર્દોની સાથે ભાવક પણ આશ્ચર્યમાં ગરકાવ બને છે પિતા તો હયાત નથી તો મનીઑર્ડર મોકલ્યું કોણે? પણ જ્યારે બેરાર્દો તાર વાંચે છે અને તેના હાવભાવ જોઈ કથક સમજી જાય છે કે ફૉન્તામારામાં કોઈનું મરણ થયું છે. અને તેને મનીઑર્ડર કરનાર તો ફૉન્તામારામાં એક જ છે – એલ્વીરા. આ ઘટના બેરાર્દોના પાત્રમાં પરિવર્તન લાવનાર પરિબળ બને છે.

આ ઘટના બાદ એ સાંજે વકીલ આવે છે અને ફાસિવાદી નોકરી અપાવનાર મંડળનો જવાબ સંભળાવે છે – 'ફાસીવાદી નોકરી અપાવનાર મંડળના અધિકારી હમણાં જ મને મળી ગયા. તમારાં કાગળિયાં આવી ગયાં. પાદેસ્તાએ તમારા કોગળ પર લખ્યું છે : 'ચાલચલગત, રાષ્ટ્રીય દૃષ્ટિબંદુથી અત્યંત ખરાબ!' આવા

પ્રમાણપત્ર પર તે કામ શી રીતે મળે? કોઈ દા'ડો નહીં મળે! અને એ ઉપરાંત એમણે પોલીસને ખબર આપી છે.' (પૃ. 199-200). આ ફરમાન આવતાં જ પાંચ મિનિટમાં તેમની પાસેથી ભાડાની ખોલી પણ ખાલી કરાવવામાં આવે છે. આ રીતે નિરાધાર બનેલા બન્ને સ્ટેશન તરફ જાય છે જ્યાં તેમને ફરી એક વાર આવેઝ્ઝામાં મળેલો હથિયાર અપાવવાનો વાયદો કરનાર યુવાન મળે છે. જે બન્નેને પોતાના પૈસે ખવડાવે છે! ત્યારે એ યુવાનને બેરાર્દો પૂછે છે – 'આ બધા સિપાઈઓ અને લશ્કરીઓ અહીં શું કરે છે?'

– 'રહસ્યમૂર્તિની શોધ ચાલે છે.' (પૃ. 201-202)

રહસ્યમૂર્તિ એક એવું વ્યક્તિત્વ છે જેનું અદાલતના એકેએક મુકદ્દમામાં નાનું જોડાયેલું છે, જે ખાનગીમાં પતાકડા છાપીને લોકોમાં વહેંચી તેને જાગ્રત કરવાનું કામ કરે છે, જે કારખાનાથી માંડી વિશ્વવિદ્યાલયો સુધી ફેલાયેલો છે. તે જે ગામમાં જાય ત્યાંના ખેડૂતો બળવો કરે છે તેના કારણે સરકાર તેને શોધી રહી છે. આ શોધમાં 600 લોકોને પકડવામાં આવ્યા છે પણ હજુ રહસ્યમૂર્તિનો પત્તો લાગ્યો નથી. એટલામાં જ કોઈ ટોળા દ્વારા નાખવામાં આવેલું પોટલું બેરાર્દો અને કથકની બાજુ મળતાં તપાસ્યા વગર જ બધાને પકડી લેવામાં આવે છે. અને પેલા ભાઈની સાથે બન્નેને જેલમાં પૂરી દેવામાં આવે છે. આ સમયે પણ બેરાર્દો માથે છાપરું અને જેલમાં ખાવા મળશે એ વિચારી હાશકારો અનુભવે છે. કોટડીના અન્ય યુવાનો સામે મોટા અવાજે દલીલ કરતો બેરાર્દો અન્ય યુવાનોનું ધ્યાન ખેંચે છે અને તેના શબ્દોમાં સરકાર સામે ખુલ્લો વિરોધ છે. આવેઝ્ઝાના યુવાનને તેનામાં પોતાનું પ્રતિબિંબ દેખાય છે. રોમમાં કમાઈને જમીન ખરીદવાની એક આશા હતી એ પણ આવેલા કાગળિયા દ્વારા નાશ પામે છે. પરિણામે પહેલાંનો ઝનૂની બેરાર્દો પાછો જાગે છે. અને સ્વતંત્રતા વિશે દૃઢતાથી પોતાનો અભિપ્રાય આપે છે. ઉપરાંત શાહજાદા તાર્લોનિયા વિશે બેરાર્દો હકીકત જણાવે છે જેમાં તાર્લોનિયા શાહજાદા બન્યો એ પહેલાં સટોડિયો હતો, આડેધડ લૂંટીને તે કમાયો અને તેમાંથી ડ્યૂક બની શાહજાદો બને છે. આ બધું સાંભળનારને બેરાર્દોની વાતોમાં વિશ્વાસ આવે છે અને દરેકે તેનામાં વિશ્વાસ રાખવો જોઈએ એવું કહી આખા ઇટાલીમાં એના જેવો બીજો કોઈ ખેડૂત નથી એમ માનતો થાય છે. આ બધી ચર્ચા બાદ પોલીસ પાસે જ્યારે ત્રણે યુવાનોને લઈ જવામાં આવે છે ત્યારે બેરાર્દો પોલીસ સમક્ષ પોતાને રહસ્યમૂર્તિ તરીકે સ્વીકારી કાગળનું પોટલું પોતાનું હોવાનો સ્વીકાર કરે છે!! આ સાંભળતા યુવાનોની જેમ વાચક જાણે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

આખરે રહસ્યમૂર્તિ પકડાય છે. એ છે ગામડાનો એક ખેડૂત. શહેરનાં તમામ લોકોની તો નોંધ થયેલી છે, જ્યારે ગામડામાં વસનારા આ ખેડૂતની નોંધ રાખનારું કોણ છે? – 'પોલીસ તો એને માટે શહેરમાં શોધ ચલાવતી હતી. પણ એમ જોઈએ

તો એક પણ શહેરી વિશે આ પોલીસને કશી ખબર ના હોય એવું બને ખરું? એક શહેરી વિશેની હકીકત તો લખાયેલી એમની પાસે હતી. એના ઉપર રબ્બરના સિક્કા લગાવેલા હતા. બરાબર ઠેકાણે બધું ગોઠવાયેલું હતું. પાકી નોંધ હતી, એક એક ઉપર ચોકી રહેતી. અવરજવર નોંધાતી. પણ ખેડૂતને વિશે? કોણ ઓળખે છે... ખેડૂતને? આ ઇટાલી દેશમાં ખેડૂતને ઓળખતી હોય એવી સરકાર કદી આવી છે? અને એમના વિશે કદી નોંધ હોય ખરી? જેના ઉપર રબ્બરના સિક્કા માર્યા હોય, તપસીલવાર ગોઠવેલી હોય, બરાબર ચોંકી રહેતી હોય, અવરજવર નોંધાતી હોય એવી?'

આ વાસ્તવિક સ્થિતિ છે ઇટાલીના ખેડૂતોની! રહસ્યમૂર્તિ તરીકે બેરાર્દો પકડાય છે ત્યારે પોલીસ પૂછપરછમાં તેને મારી મારી તેનો હોઠ તોડી નાખે છે, બરડો લોહીલુહાણ કરી નાખે છે. પરંતુ કોઈ જવાબ મળતો નથી. આખરે બેરાર્દો પોતાનું બયાન ખોટું છે એમ કહે છે ત્યારે વધુ માર મારવામાં આવે છે. તો બીજી તરફ આ બધી ઘટનાઓ છાપાં સુધી પહોંચી ગઈ છે. તેમાં ફૉન્તામારામાં બનેલી એક એક ઘટનાની નોંધ છે એટલું જ નહીં, પૂજારીના આપઘાત અને એલ્વીરાના મૃત્યુના પણ સમાચાર છે. આ જાણી બેરાર્દો મનોમન નિશ્ચય કરી લે છે અને તેને આ પરિસ્થિતિમાંથી તમામ ખેડૂતોને બહાર લાવવાનો એક જ માર્ગ મળે છે – 'એકતા'. બેરાર્દોના આ મંથન બાદ સવારે પોલીસ ખબર આપે છે કે બેરાર્દોએ આપઘાત કર્યો! અને કથકને પોલીસના કહેવા પ્રમાણેની કેફિયત પર સહી કરતા છોડી દેવાની લાલચ આપવામાં આવે છે! પરંતુ વાચક જાણે છે કે બેરાર્દોનો આપઘાત એક ષડ્યંત્ર છે, ખેડૂતોના અવાજને દબાવવાનું! કથક દ્વારા કેફિયત પર સહી કરી દેતાં તેને છોડી મૂકવામાં આવે છે,

અહીંથી કથનનો દોર પિતાના હાથમાં આવે છે અને તેમને કઈ રીતે રહસ્યમૂર્તિ દ્વારા છાપવાનું મશીન મળ્યું અને બધા મળી કેવી રીતે તેઓ આ છાપું છાપે છે તેની વાત કરે છે. બધા મળી છાપાનું નામ આપે છે – 'ત્યારે આપણે કરીશું શું?' (પૃ. 219). છાપાનું આ નામકરણ જ ખેડૂતોને સાચી દિશી, જાગૃતિ તરફ લઈ જનારું છે. પ્રથમ લેખ જ તેમના જાગવાનો જબરદસ્ત સંકેત છે – 'તમે બેરાર્દો વાયેલાનું ખૂન કર્યું છે? ત્યારે આપણે કરીશું શું? દરેક લેખમાં પુનરાવર્તન પામતું છાપાનું નામ ખેડૂતોના અન્યાય સામે અવાજ ઉઠાવવાના દઢ નિશ્ચયને પ્રગટ કરે છે – 'પણ એક વાર આવ્યું એથી શું થયું? આપણે વારંવાર એ જ કહેવું જોઈએ. આપણે વારંવાર ના કહીએ તો નામનો અર્થ જ રહેતો નથી. એકએક લેખમાં 'ત્યારે આપણે કરીશું શું?' આવવું જોઈએ. એમણે અમારી વાણી ઝૂંટવી લીધી ત્યારે આપણે કરીશું શું? સમજ્યા? પાદરી અમારા સ્વજનનાં મળદાં પણ દાટતો નથી. ત્યારે આપણે કરીશું શું? આ લોકો અમારી બેન-દીકરીની ઇજ્જત લૂંટે

છે, ત્યારે આપણે કરીશું શું? આ ડોન સિર્કોસ્તાન્ઝા તો હરામની ઓલાદ છે. ત્યારે આપણે કરીશું શું? સમજ્યા?' (પૃ. 220). ફૉન્તામારાવાસી જાણે આ છાપાનો આધાર લઈ પોતાના પર થયેલા એક એક અન્યાય અને અત્યાચારનો હિસાબ માગે છે. હવે જાણે તેમને સમજાઈ ગયું છે જ્યાં સુધી એક બની અવાજ નહીં ઉઠાવીએ ત્યાં સુધી આ સ્થિતિમાંથી પોતાના સિવાય અન્ય કોઈ ઈશુ કે સરકાર ઉગારનાર નથી!

બધા મળી આસપાસનાં ગામના ખેડૂતોમાં આ છાપાંની નકલો પહોંચાડવાનું સ્વીકારી લે છે. એ નકલો પહોંચાડી કથક પરિવાર પાછો ફૉન્તામારા ફરતો હોય છે ત્યારે અચાનક બંદૂકની ગોળીઓનો અવાજ સંભળાય છે. અને એ ફૉન્તામારા તરફથી જ આવી રહ્યા હતા. એક વ્યક્તિ દ્વારા જાણ થાય છે કે કંટ્રાટીએ ફૉન્તામારાના લોકો સામે લડાઈ આદરી છે! કથક જ્યારે ફૉસ્તામારાથી ભાગતા લોકોને પૂછે છે કે શા માટે લડાઈ? ત્યારે જવાબ મળે છે – લડાઈ! લડાઈ! ખેડૂતો સામે લડાઈ! છાપા સામે લડાઈ!' (પૃ. 222). આ દરમિયાન કથક દ્વારા પુછાતા પ્રશ્નો મહત્ત્વના છે તે એક પછી એક વ્યક્તિ વિશે પૂછે જે વિરોધ કરતા છાપામાં જોડાયેલા હતા. તેમાંથી કેટલાક ફૉન્તામારા છોડી ભાગી ગયા અને કેટલાક જેવા કે સ્કારપોની, વેનેદી સાન્તો, જનરલ બાલ્દીસેરા વગેરે લડાઈમાં ખપી ગયા! આમાંથી બચવા કથક પરિવાર પણ ખેતરમાં જતા રહે છે. પછી ફૉન્તામારાનું શું થાય છે એના વિશે કથક પાસે કહેવાલાયક કોઈ સમાચાર નથી! રહસ્યમૂર્તિએ તેમને દેશ છોડી પરદેશ રહેવામાં મદદ કરી છે! પણ ત્યારે પણ પ્રશ્ન તો ઊભો જ છે, પરદેશમાં કેમ કરી રહવું? અને ન રહીએ તો કરીએ શું? કથક દ્વારા અંતે પુછાતા પ્રશ્નો માત્ર ઇટાલીના ખેડૂતોના જ નથી પણ આપણા પણ છે – કેટલો વિખવાદ, કેટલો ક્લેશ, કેટલો કંકાસ, કેટલાં આંસુ અને કેટલી વેદના? કેટલા ઘા અને કેટલું લોહી? કેટલાં વેરઝેર અને કેટલી નિરાશા?

અમે પૂછીએ છીએ : ત્યારે અમે કરીશું શું?' (પૃ. 223)

એનો જવાબ પરિસ્થિતિનો સામનો કરવા સિવાયનો અન્ય કોઈ માર્ગ અન્યાયમાંથી ન ઉગારી શકે એવો મળે છે. જે સર્જકના આશાવાદી સૂરને પ્રગટ કરે છે. મનુષ્ય પર રહેલી અપાર શ્રદ્ધાને નિર્દેશે છે.

પાત્રાલેખનની દૃષ્ટિએ વાત કરીએ તો મોટાભાગનાં પાત્રોનું બાહ્ય આલેખન ખૂબ જ ઝીણવટપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. તો તેના આંતરિક આલેખનમાં તેની લાક્ષણિકતાઓ, તેના સ્વભાવ અને તેનાં કાર્યોનો આલેખ પણ કથક દ્વારા આપવામાં આવે છે. જેના ઉ.દા.માં બેરાર્દો, જનરલ બાલ્દીસેરા, પેપિનો, સિર્કોસ્તાન્ઝા, ડોન અબાસિયો, કંટ્રાટી, એલ્વીરા વગેરેને લઈ શકાય, જે સર્જકની પાત્રાલેખનકળાનો પરિચય કરાવે છે. સમગ્ર નવલકથામાં બેરાર્દો આગળ તરી આવતું પાત્ર છે.

તેનું ઝનૂનીપણું તેનું મિજાજી વ્યક્તિત્વ, એલ્વીરા પ્રત્યેનો તેનો મૂંગો પ્રેમ, તેનાં સ્વપ્નોને કારણે વાચક પર પોતાની આગવી છાપ છોડી જાય છે. તો સામે પક્ષે મીઠી વાણી, ચાલાકી, તેના બેવડા વર્તનને કારણે સિર્કોસ્તાન્ઝાનું પાત્ર પણ ખલપાત્ર તરીકે યાદગાર બન્યું છે.

કથનકેન્દ્રની દૃષ્ટિએ આ નવલકથા વિશેષ અભ્યાસ માંગી લે તેમ છે. સર્જકે અહીં ત્રણ જુદા જુદા કથકોનો પ્રયોગ કથાકથનમાં કર્યો છે. પ્ર. પુ.ના કથનકેન્દ્રમાં પતિ, પત્ની અને પુત્ર એમ ત્રણ કથક કથાનું કથન કરે છે. કૃતિની આંતરિક જરૂરિયાતને કારણે આ ત્રણે જે તે સમયે ઘટના બને છે તે સમયે હાજર છે અને સાક્ષીભાવે એ ઘટનાનું કથન તેમની દ્વારા થયું છે, પરિણામે વિશ્વસનીયતા તથા પ્રતીતિકરતા અનુભવાય છે. બીજું કથકની પસંદગી ભાવાત્મક રીતે પણ અનુકૂળ છે. જેમ કે ફૉન્તામારાની સ્ત્રી સાથે થયેલી બળાત્કારની ઘટનાનું કથન સ્ત્રી-કથક દ્વારા થયું છે. કારણ કે સ્ત્રી સાથે બનેલી આ ક્રૂર ઘટનાનું કથન એક સ્ત્રી જ ઉત્કટ રીતે અનુભવી અને આલેખી શકે. તો બેરાર્દો સાથે રોમમાં જે ઘટનાઓ બને છે તેનું કથન તેની સાથે ફૉન્તામારાથી સાથે આવનાર કથકનો પુત્ર કરે છે. બન્ને ઉત્સાહથી, સ્વપ્નોથી ભરેલા યુવાનો છે. જે રોમમાં આવી ધન કમાઈ પોતાનાં સ્વપ્નો પૂરાં કરવા માંગે છે. પરંતુ તેમની સાથે જે ઘટનાઓ બને છે તેનું કથન બેરાર્દો સાથે આવેલ પાત્ર દ્વારા અસરકારક રીતે થાય છે. રોમમાં જે કંઈ બને છે તેનો કથક સંપૂર્ણ સાક્ષી અને સહભાગી પણ છે. જેના કારણે આત્મીયતાનું તત્ત્વ પણ પ્રવેશે છે.

અંતે આ પ્રકારની કૃતિઓના અનુવાદો જુદા જુદા ભૂભાગોમાં વસતા માનવીઓને પાસે લાવી ભૌગોલિક અંતર ઘટાડવાનું કાર્ય કરે છે. કારણ કે માનવીની પીડા, તેની વેદના માનવને જોડવાનું કામ કરે છે. જયંતિ દલાલ પાસેથી આપણને આવી અનેક વિદેશી કૃતિઓના સક્ષમ અનુવાદો પ્રાપ્ત થયા છે, તેનો આનંદ છે.

સંદર્ભ : 'ફૉન્તામારા', બી. આ. 2010, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. (અનુ. ડૉ. સુશીલા વાઘમશી, મદદનીશ પ્રાધ્યાપક, દીવ કૉલેજ, દીવ)

નવલિકા

અંતરાલ : ભી ન વણકર, 2019, 516, ગાયત્રી સોસાયટી સેકટર-27, ગાંધીનગર, પૃ. 152, રૂ. 200 **સેક્ન્ડ અર્થ** : ગુણવંત ઠાકોર, 2021, મોટો ઠાકોર વાસ, મુ. કહોડા, તા. જિ. મહેસાણા, 10+120, રૂ. 150.

નવલકથાનો નવતર પ્રયોગ / કનુ વસાવા

['સોનાના પિંજરનાં પંખી' : ઉત્પલ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ૨૦૨૧, પૃષ્ઠ 143, મૂલ્ય રૂ.]

ઉત્પલભાઈ પટેલ મૂળ તો વિવેચકનો જીવ, સર્જનાત્મક સાહિત્યમાં આ તેમનો પ્રથમ પ્રયોગ. સોનાના પિંજરના પંખીને સર્જક દીર્ઘ કથા તરીકે ઓળખાવે છે. તેમના કહ્યા પ્રમાણે આ કથામાં કિશોરકથા અને પ્રશિષ્ટકથા એમ બંન્નેનાં બિંબ-પ્રતિબિંબ દેખાય છે. પાંચ પ્રકરણોમાં વિભાજિત આ કથામાં કિંવદંતિનો સફળ વિનિયોગ જોવા મળે છે. ધૈર્ય અને શૌર્યનાં પાત્રોને કેન્દ્રમાં રાખી જુદા જુદા પ્રસંગો અને જુદી જુદી પરિસ્થિતિઓને જોડીને કથાને અસરકારક રીતે મૂકી આપી છે. વાર્તાની અંદર વાર્તા ફૂટે છે. એક પછી એક કડીઓ એમાં જોડાતી જાય છે. કથામાં એક પછી એક આખું માનવજીવન ભાવક સામે ઊઘડતું જાય છે. કૃતિના અંતે ભાવકને સર્જકની ઘડેલી સૃષ્ટિમાં જીવી આવ્યાનો આનંદ થાય છે.

સર્જકની પ્રથમ સર્જનાત્મક કથાકૃતિ 'સોનાના પિંજરનાં પંખી'માં બે રીતિઓનો અન્વય કરવામાં આવ્યો છે. એક લોકવાર્તાકથન રીતિ અને બીજી નવલકથાઆલેખન રીતિ. લોકવાર્તાની કહેણી, કથન, વર્ણન, પાત્રાલેખન, વગેરે વાર્તાના પ્રવાહને રસમય બનાવે છે. એ માટે તેમની શબ્દપસંદગી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'હાંભળો છોરાં ... વર્ષો પહેલાની બની ગયેલી આ વાત છે. ... ચાર લીલાડુંગરાની વચમાં વસેલું રતનગઢ નામનું એક રજવાડું. આપણા આ ગામ કરતાંય મોટું, ત્યાં ઉદયસિંહ નામે રાજા, બે માળનો, બારી-ઝરૂખાવાળો રાજમહેલ બાંધી રહેતો હતો. એ ભલો ને એનો રાજકારભાર ભલો.' (પૃષ્ઠ : ૧૫). આ કથનથી વાર્તાની શરૂઆત થાય છે. ખરેખર કથા તો બે રાજકુમારોની જ છે. આરંભથી અંત સુધી, પાંચ પ્રકરણમા તેમની સક્રિય ઉપસ્થિતિ છે. કથામાં ઉપસાવવામાં આવેલી પરિસ્થિતિઓ ભાવકને રાજકુમારો સાથે લાગણીથી જોડી આપે છે. આ લાગણી જ ભાવકને રાજકુમારો સાથે પાંચમાં પ્રકરણ સુધી જકડી રાખે છે.

રતનગઢ રાજ્યનો ઉત્તમ રાજ્યવહીવટ, રાજા ઉદયસિંહ અને રાણી પદ્માવતીનું વિધિનેય ઈર્ષ્યા પ્રેરે તેવું દામ્પત્યજીવન, રાજ્યની સમૃદ્ધિ, દેવે દીધેલા

અણમોલ બે દીકરાઓ, વગેરેનાં મધુર આલેખનથી વાર્તા વિકસે નહીં. કથામાં સંઘર્ષ ઊભો થવો જોઈએ. તેથી સર્જકે ડાકુ જગ્ગુમલ અને દગ્ગુમલને રાજાએ ફરમાવેલી સજા, અંત સમયે રાણી દ્વારા ફાંસીની સજામાંથી માફી અપાવવી, એટલું જ નહીં, બંન્નેને પોતાની મહેલ નજીક રહેવા માટે આવાસ અપાવે છે. એ રીતે ગુનેગારોને સેવા તથા આજીવિકા માટે તેમને મોકો પણ આપે છે. આ બધી ઘટનાઓથી કથા વિકસતી રહે છે. આ ઘટના પછી સર્જક લખે છે, ‘એ પછી રાત્રિ રાજમહેલને ઘેરી લઈને આખાય રતનગઢને ભેંકારનો કાળોડામર પછેડો ઓઢાડવા માંડી.’ (પૃષ્ઠ : ૨૦). અહીં હવે પછી કથામાં આવનારી પરિસ્થિતિના એંધાણ મળી જાય છે.

રાજ-રજવાડાંનું જીવન ઘણું સુખી હોવા છતાં ચકલા-ચકલીની ઘટના રાણી પદ્માવતીમાં ધ્રાસકો પ્રેરે છે. વળી પોતાના રાજકુમારોની માયામાં ઓતપ્રોત હોવાથી ભિક્ષુકનું આગમન રાણીના ધ્યાન બહાર જાય છે. ‘અભિજ્ઞાન શાકુન્તલ’ની જેમ અહીં પણ ભિક્ષુક નજરઅંદાજ થયો એ ઘટના વસ્તુવિકાસમાં મહત્ત્વની કડી બને છે. રાણી પદ્માવતીને અમંગળનો પૂર્વાભાસ થતાં તે રાજા પાસેથી વચન લઈ લે છેઃ પોતાનું મૃત્યુ થાય તો રાજા રાજકુમારો ખાતર બીજાં લગ્ન નહીં કરે. એ માટે રાજા ગંગાજળ હાથમાં લઈ રાણીને વચન પણ આપે છે. પરંતુ સર્જક વિધુર રાજાને પ્રજા અપશુકન માને છે, એ પ્રસંગને મૂકી કથામાં વધુ એક કડી જોડી આપે છે. આ લોકાપવાદ ટાળવા રાજા આબુગઢની રૂપવતી રાજકુમારી ફુલકુંવર સાથે લગ્ન કરે છે. લગ્ન કરતી વખતે ગંગાજળ રાજાને ચેતવે પણ છે, પરંતુ એ વખતે રાજા રાજકુમારીના રૂપમાં મોહી પડ્યો હોય છે. એ રૂપનું વર્ણન કરતાં લેખક કહે છે, ‘કુંવરીનું રૂપ તો જાણે ભાદરવા મહિનાના આભમાં થતી વીજમાં જેવું ચળકાટભર્યું.’ આ સોનાના પીંજરમાં રાજા પુરાય છે. લગ્ન પછી શરૂઆતમાં તો નવી રાણીયે રાજાને વિશ્વાસમાં લેવા માટે બંન્ને રાજકુમારોને અપાર પ્રેમ કરે છે. રાજા વિશ્વાસમાં આવી ગયો હોવાની ખાતરી થતાં જ નવી રાણી પોતાનાં લક્ષણો પ્રગટાવવાં વાર લગાડતી નથી. પોતાના સ્વાર્થના કારણે અપરમાની ભેટ સ્વરૂપે રાજકુમારોને નગરવટો મળે છે. રાજા પેલા જગ્ગુમલ–દગ્ગુમલને નવી રાણીને પ્રસન્ન રાખવા સારુ પોતાના બંન્ને દીકરાઓને મારી નાખવાનું કામ સોંપે છે. તે સમયે જંગલમાં વરાહી દેવીનું રૂપ ધારણ કરી દિવંગત રાણી પદ્માવતી પોતાના દીકરાઓને બચાવે છે. એ ઘટના કૃતિના વિકાસમાં અત્યંત મહત્ત્વની બની રહે છે.

‘રતનગઢ’, ‘અપરમા’, ‘નગરવટો’ એ ત્રણ પછી ચોથું પ્રકરણ ‘જંગલ’ છે. સર્જક ઉત્પલ પટેલ બે રાજકુમારોને કેન્દ્રમાં રાખી તેમાં શ્વસતાં પાત્રો – પાણતી, કુંભાર, પૂજારી, ડોસો, નાગ, જળપરી, ઘો, રાક્ષસો, કદરૂપા માણસો (જે હડકાયા બકરાનું માંસ સહજપણે ખાતા હતા), વૃક્ષો, ખેતરો, કોતરો સાથે જંગલનું સુંદર

આલેખન કરે છે. એ આલેખનના કારણે તેમના તમામ વનરઝળપાટ તેમજ વનવાસનાં અઢળક દુઃખો સાથે ધૈર્ય અને શૌર્ય જીવંત બની રહે છે. નાગ અને જળપરી તરફથી શૌર્યને એકેક છીંકે પાંચ પાંચ સાચાં મોતી ને પોતાના ભાઈને રાજપાટ અને રૂપાળી કન્યા સાથે લગ્ન, રાક્ષસોને છેતરીને મેળવી લીધેલ નંદાકોથળી, બોલતું જંતર, ખૂનીખંજર, લાલિયો વાંકો, અને પવનપાવડી, આ બધાંને લીધે હાથવગું બનેલ ધન અને ઊડવાની સુવિધા – આ ચમત્કૃતિને લીધે વન વધુ બિહામણું બને છે. અહીં વનવર્ણનમાં સર્જકનો અરણ્યસંસ્કૃતિ પ્રત્યેનો લગાવ દેખાઈ આવે છે. અહીં વિગતોથી ભરપૂર અને કાવ્યશૈલીના વનઆલેખનમાં સર્જક પૂરેપૂરા ખીલે છે. જાતજાતનાં અને ભાતભાતનાં વૃક્ષોની આખી સૃષ્ટિ ખડી કરી આપી છે. અહીં કૃતિનું વાતાવરણ જેટલું જીવંત બને છે, તેટલું જ હૃદયસ્પર્શી પણ બની રહે છે. દા.ત. 'ધૈર્ય અને શૌર્ય વનવગડામાં એકલા ઊભેલા ઘટાદાર વડને જોવા લાગ્યા. વડલો જોયો હોય તો કોઈ અઘોરી બાવો, જાણે સમાધિ લગાવીને બેઠો ન હોય! વડવાઈઓ જટાજૂટ દાઢીની જેમ લબડતી હતી. તેનું થડ હાથીના ચારપગ ભેગા કરીએ એટલું પહોળું પહોંચતું હતું. નીચે પુષ્કળ સૂકાં પાંદડાં પડયાં હતાં. ...આસપાસનું કશુંય દેખાય એવું કાળા મંકોડા સમું અંધારું ઊતર્યું. .. વડલાની ડાળ-પાંદડે વડવાઈઓમાંથી સન્નાટો ફરવા માંડ્યો હતો. વડ પોતે જ અંધારનો ઢગલો. માળા પરથી નીચે જમીન જણાતી નહોતી. આકાશ પણ દેખાતું બંધ. આસપાસની વગડાઉ સૃષ્ટિ રતાંધળી. પોતાની ચામડીય કાળીમેસ. પાછલી રાતનો ચંદ્ર ઊગવાથી થોડીક રાહત થઈ. ચંદ્ર અધ્ધર ચડવા માંડતા ઊગમણું આભલું ચમકીલું બન્યું. ચંદ્રના અજવાળાથી આખો વિસ્તાર દૂધ જેવો ઊજળો બન્યો.'પૃષ્ઠ : ૯૦-૯૨). અહીં વર્ણનનો ઉત્તમ નમૂનો તો દેખાય જ છે. પરંતુ આ વર્ણન પ્રતીકાત્મક પણ બની રહે છે. દુઃખરૂપી ભયંકર અંધકાર પછી સુખરૂપ ચંદ્રનો શીળો પ્રકાશ પણ આવે છે.

તમે કેવી કલ્પનાઓ કરી શકો છો – માનવી ન માનવી એ વાત એક બાજુ મુકી દો. આ કલ્પનાઓ જ સર્જકની સર્જકતાની સિદ્ધિ નજીક લઈ જાય છે. રાજકુમાર શૌર્યને મળેલાં વરદાનો પૈકી એક તો તેના મોટા ભાઈ ધૈર્ય રાજકુમારીને પરણવા સાથે રાજા પણ બને છે, બંન્ને ભાઈઓની છૂટા પડવાની કલ્પના પણ વાસ્તવિકતાની નજીક લઈ જાય છે. વડલામાં માળા પર બે ભાઈઓ રાતવાસો કરે, બંનેના રક્ષણાર્થે વારાફરતી જાગે, નાગને મારી નાખવા બદલ તેની નાગણ શૌર્યને ડંખે, તે મૃત્યુ પામે અને ધૈર્ય એનું શબ કપડામાં બાંધી, વડ ડાળે લટકાવીને તે મરનાર ભાઈ શૌર્યના અગ્નિદાહ માટે લાકડાં એકઠાં કરવા જાય, એ દરમિયાન રાજા બની જવું, રાજા બન્યા પછી પેલી અગ્નિદાહવાળી વાત ભૂલી જવું, આ બધાંના કારણે કથા વધુ જટિલ બનતી જાય છે. તેથી કથા વધુ ને વધુ રસિક બનતી

જાય છે.

શૌર્યના મૃત્યુથી ભાવકને આઘાત ચોક્કસ લાગે તેમ છે. પરંતુ લેખક એ આઘાતમાંથી ભાવકને બહુ જલદી બહાર કાઢે છે. લાલવાદી અને ફૂલવાદી નામના બે વાદી નાગણને શૌર્યનું ઝેર ચૂસવા મજબૂર કરે છે તેનાથી શૌર્ય જીવતો થઈ જાય છે. રાક્ષસો પાસેથી યુક્તિથી મેળવેલી પવનપાવડીમાં ઊડીને તે સોનગઢમાં ઊતરે છે. સોનગઢમાં તેને પદ્માવતીની યાદ અપાવે તેવી મા ગંગામા મળે છે. અને અંતે શૌર્ય બાળપણની રતનગઢની સખી ભદ્રા પણ પામે છે.

હુકમચંદ, ધરમચંદ અને સોમચંદ નામના વાણિયાનાં પાત્રોને પણ અલગ અલગ ઘાટ આપી ઉપાસાવ્યાં છે. સોમચંદ અને તેની પત્ની ચંપા ખલપાત્રો તરીકે શૌર્યની કસોટી કરે છે. આ પ્રસંગ કરુણસભર બની રહે છે. સોમચંદ વાણિયાના લકવાગ્રસ્ત દીકરા ગુંડિયા માટે કન્યા મેળવવા શૌર્ય ભાડૂતી વરરાજા બનીને ભદ્રા સાથે લગ્ન કરે છે. બંને એકબીજાને ઓળખે છે. ભદ્રા ગુંડિયાની હત્યા કરી નાખે છે. એ આલેખન બેનમૂન બને છે. બંન્ને રાજકુમારો તમામ દુખોમાંથી પાર ઊતરીને રાજા બને છે. રાજપાટના સર્વ સુખો ભોગવે છે. ખાધું-પીધું અને રાજ કર્યુંવાળો અંત ભલે ભાવક ધારી લે પરંતુ અહીં એ પ્રકારનો અંત આવતો નથી. છૂટા પડેલા બંન્ને ભાઈ મળે છે. બંન્નેને મનપસંદ પત્નીઓ પણ મળે છે. છતાં બંન્નેના જીવનના રસ્તાઓ નિરાળા બનવા નિર્માયા છે. નવલખી વાવમાં પાણી લાવવા શૌર્ય અને ભદ્રા બલિદાન આપે છે. વાવમાં પાણી થાય એવી વરસોવરસની ગંગામાની આરત પૂરી થાય છે. કથાનો અંત એક રીતે કરુણ છે તો બીજી રીતે મંગલ પણ છે. લોકહિતાય બલિદાન હોવાથી એ ઘટના મંગલમય બની રહે છે.

કથાનો સમય છે કંઈક દૂરના રજવાડી કાળનો અને તેમાં સામંતી યુગ અને સામંતી જીવનવ્યવસ્થામાં જીવતાં પાત્રો, પ્રાણીઓ, સાપ–ઘો યોનિના જીવો, તે સમયનાં ગાઢ જંગલો, જળપરી, નાગ અને રાક્ષસોની કલ્પના, ચમત્કારની ઘટનાઓ ઇન્દ્રિયસ્પર્શી બનાવે છે. એ કથામાં આવતાં બીજા પાત્રો પણ એ સમયના રજવાડી વાતાવરણને જીવંત બનાવે છે, જે તે સમયના યુગના વાતાવરણને આલેખવા માટે સર્જકની લોકકથાની કથનશૈલી યથોચિત બની રહે છે. આમ લોકવાર્તાની કથનશૈલીવાળી કથા લોકગીતનાં કથાનાં પાત્રોની જેમ બલિદાનને લેખે લગાડી વિરમે છે. અણધાર્યો છતાં ઉચિત અંત.

રચનારીતિના કારણે આ કૃતિને કયા સ્વરૂપમાં મૂકવી તે વિવેચક માટે મૂંઝવણ ઊભી કરે તેવી કૃતિ છે. આ કૃતિમાં કિશોરકથાનાં ઘણાં લક્ષણો જોવા મળે છે. કથામાં સાહસ છે, રોમાંચ છે. સાહસકથામાં પરિસ્થિતિનો સામનો કરવો પડે. ભૂખ્યા રહેવું પડે. મરવું પણ પડે. છતાં કિશોરના આ ભાવને સંતોષે તેમ છે. કલ્પનાની કોઈ ઊણપ નથી. શ્રોતાઓને ઊઠવાનું ન ગમે તેવી કહેણી અને કથની

લેખકે આલેખનમાં અજમાવી છે. પરંતુ કેટલાંક વર્ણનો, ભાષાશૈલી, વસ્તુસંવિધાન આ કથાને કિશોરકથા બનતી અટકાવે છે. અહીં વાર્તાને ખપે તેવું વસ્તુસંકલન છે. તો નવલકથાલેખનને આવશ્યક એવું વસ્તુસંવિધાન પણ છે. વાર્તાનાં પાત્રો નવલકથાનાં પાત્રોમાં ઢળતા જાય છે. તેમની ઉપસ્થિતિ, મનોસ્થિતિ, અનુભૂતિ, તેમનાં વાણી-વર્તન, કાર્ય વાર્તા નિમિત્તે નવલકથાનાં થતાં જાય છે. કિશોરકથાનો સમન્વય હોવાના કારણે અહીં સાયન્સ ફિકશન અને સાયન્સ ફેન્ટસીના પ્રશ્નો જરૂર ઊભા થાય છે. તેમ છતાં સાહિત્યિક સ્વાદ ચખાડીને કિશોરોને સાહિત્યિક સ્વરૂપલક્ષી કૃતિઓ તરફ લઈ જવામાં જરૂર ઉપયોગી બને તેમ છે. નવલકથાને લોકવાર્તાની ફ્રેમમાં કળાત્મક રીતે મઢવી એ નવલકથાક્ષેત્રે નવતર પ્રયોગ છે. એ રીતે વિવેચકો માટે પણ આ કૃતિ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

❑

નવલિકા

પ્રાચીના અવાઝના : મીનાક્ષી વખારિયા, 2021, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. 198, રૂ. 225 **બક્ષિસ** : પ્રફુલ્લ કાનાબાર, 2021, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, પૃ. 152, રૂ. 200 **પ્રતિબિંબનો પડછાયો** : હરીશ થાનકી, 2020, હર્ષ પ્રકાશન, અમદાવાદ 16+152, રૂ. 180 **બ્રાહ્મમુહૂર્ત** : વીરુ પુરોહિત, 2021, ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર, મુંબઈ, 10 + 110, રૂ. 235 **લંબચોરસ લાગણીયો** : ગિરીમા ઘારેખાન, 2021, અમોલ પ્રકાશન, અમદાવાદ, પૃ. 128, રૂ. 150 **અમારી તમારી આપણી કહાણીઓનો અમૃતાભિષેક** : મનુભાઈ એસ. પટેલ, 2021, સંગીત સાધના કેન્દ્ર, વડોદરા, 4 + 80, રૂ. 150 **રંગરેખા** : ડૉ. હસન લુણત, 2020, તૃષા પ્રકાશન, આલીપોર, 8 + 92, રૂ. 175 **ખમીર અને ખાનદાની** : પુરુષોત્તમ સોલંકી, 2021, હર્ષ પ્રકાશન, અમદાવાદ, 10 + 166, રૂ. 220 **વાર્તાનો વરસાદ ભા-6** : વિજયરાજ હંસસૂરીશ્વરજી, 2022, શ્રુત જ્ઞાન સંસ્કારપીઠ, અમદાવાદ, 8 + 200, રૂ. 130 **કથાકુસુમ ભાગ-4** : વિજયરાજ હંસસુરીશ્વરજી, 2022, શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ, અમદાવાદ, 8 + 152, રૂ. 100.

અને છેલ્લે....

'ઝટ ડહોળી નાંખો મંજળ થિર થયેલાં' (નર્મદ)

(આંતરવિદ્યાકીયતા વિશે....)

ભરત મહેતા

સાહિત્ય કોઈ એક પરિમાણીય વિદ્યાશાખા નથી કે જેને કોઈ એકાદ દૃષ્ટિકોણથી જ જોઈ શકાય. એમાં સર્જક, ભાવક સિવાયના એકાધિક સંદર્ભોનો મેળાવડો હોય છે. જે એને બહુપરિમાણી બનાવે છે. તેથી સાહિત્યકૃતિને જોવા માટે પણ વિવિધ વિદ્યાશાખાનો લાભ લેવો હોય તો સહજપણે લઈ શકાય. જેનાથી સાહિત્ય વિશેનું સંજ્ઞાન પણ વિવિધ પરિમાણી અને સઘન બની શકે. બાકી, સાહિત્યને તમે એકાદ અભિગમથી, એકાદ જ વિદ્યાશાખાથી તપાસશો તો 'અંતતોગત્વા અંધહસ્તિ ન્યાય!' જેવું થશે! વાંઝિયો પ્રયત્ન પુરવાર થશે.

આંતરવિદ્યાકીય અભિગમ એ સાહિત્યના શિક્ષકો અને વિદ્યાર્થીને, સાહિત્ય-કાર્ય અને મૂલ્યો વિશે નવી રીતે વિચારવાની ફરજ પાડે છે. તેથી એની જરૂરિયાત આજે અનેકગણી વધી છે. એનું ભયસ્થાન એક છે કે સાહિત્યનું સાહિત્યપણું સમૂળગું જ બાજુ પર મૂકી દઈને અન્ય વિદ્યાશાખાઓ પોતાનો આતંક પણ પ્રસરાવી શકે. એ ભયસ્થાનને નજરઅંદાજ કર્યા વિના નવી સંભાવનાઓ અને શક્યતાઓ ભરપૂર ઊભી થઈ છે. પશ્ચિમ એનો ઉત્સવ આજે મનાવી રહ્યું છે.

સાહિત્યની આ આંતરવિદ્યાકીયતા પોતે જ આંતરવિદ્યાકીય અભિગમ નિમંત્રે છે! અને જો એ બેઉનો સુમેળ રચાય તો સાહિત્યસંશોધનની નવી દિશાઓ ઉઘાડવાની પૂરી શક્યતાઓ છે. આ માટે આપણે શુદ્ધ સાહિત્યના, સાહિત્યની પવિત્રતાનાં દબાણોમાંથી બહાર આવવું પડે. અસ્પૃશ્યતા આંતરવિદ્યાકીય ધર્મનું કલંક છે. સૌંદર્યશાસ્ત્રીય અભિગમથી સાહિત્યકૃતિ તપાસવી એ કાંઈ નાનીસૂની વાત નથી, પણ જ્યારે નવી સંભાવનાઓ તરફ ગતિ કરવી હોય તો ભલે એને સમૂળગું બાજુ પર ન મૂકીએ તોપણ એની પ્રચુર સત્તાવાહી માત્રા સંયમિત તો કરવી જ પડે.

સાહિત્ય એ કેવળ સૌંદર્યશાસ્ત્રીય નીપજ નથી. સાહિત્યકૃતિના સૌંદર્યશાસ્ત્રીય પરિમાણમાં અન્ય કંઈ કેટલાય વિષયોનું ગુંફન હોય છે. જેની પરિણતિ સૌંદર્યબોધમાં થઈ હોય છે. તેથી સંશોધનમાં જો આંતરવિદ્યાકીય અભિગમ અખત્યાર થાય તો તરણા ઓથે ડુંગર છે કે પછી ડુંગર ખોદીને ઉંદર નીકળે છે એની પ્રતીતિ થશે.

વિદ્યાર્થીઓની રુચિ કેળવી, એમને સાહિત્યતત્ત્વ લગી પહોંચાડવાનું કામ અઘરું થઈ પડ્યું છે. આવા સંજોગોમાં આંતરવિદ્યાકીય અભિગમ આપણી મદદે આવે છે. આવાં અભિગમ આવા વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરશે, ઉત્તેજશે અને સાહિત્યમાં આનંદ ઉપરાંત પણ કશુંક છે એની પ્રતીતિ કરાવશે. વિષય પરત્વે એને આકર્ષણ જન્મશે. આ અભિગમથી સાહિત્યપદારથની એની ગ્રહણશીલતા વધશે.

આંતરવિદ્યાકીય અભિગમ એ વિવિધ વિદ્યાશાખાઓ વચ્ચેનો સંવાદ છે વિવિધ વિદ્યાશાખાનાં દૃષ્ટિબિંદુઓ અને માપદંડનો વિનિયોગથી સાહિત્યસમજનું વિસ્તરણ થશે. બદલાતી ક્ષિતિજ, અભિજ્ઞાન શાકુંતલ, જિંદગીનામા જેવી કૃતિઓ ઉદાહરણરૂપે આવા અભિગમથી સમજવાની મજા કંઈ ઓર છે. તેથી કહી શકાય કે આ એક પ્રભાવક શૈક્ષણિક અભિગમ છે. જેના કારણે સાહિત્યિક અભિગમથી હાંસલ થતી બાબતો કરતાં કંઈક આરૂઢ નીપજશે. સોનલ શુક્લ, ઇલા પાઠક, હર્ષદ દેસાઈ જેવાં ગુજરાતી વિવેચકોને આ સંદર્ભે યાદ કરી શકાય.

આંતરવિદ્યાકીય સંશોધન એક પ્રક્રિયા છે. ધવલ મહેતાએ 'આંગળિયાત' કે ગુજરાતી સર્જકોની કેફિયત પર કરેલ કામ, વસુધા દાલમિયાએ 'પરીક્ષાગુરુ' નવલકથા કે ભારતેન્દુ પર કરેલું કામ, સુધીરચંદ્રના ગુજરાતી-હિન્દી સાહિત્યનાં કામો, એમનો ગ્રંથ The Oppressive Present આંતરવિદ્યાકીય સંશોધનનાં ઉત્તમ ઉદાહરણો છે. આવા અભિગમથી સાહિત્યસંશોધનમાં આવેલી સ્થગિતતા હટશે. સંશોધક અનિવાર્યપણે નૂતન નિપજાવશે. સાહિત્યસંશોધનના નામે શબ્દભેદે એકના એક વિષયોની હારમાળામાંથી આપણે છૂટીશું. આ અભિગમ સંશોધકને અંગત, સ્વાયત્ત કૃતિનું અર્થઘટન કરવાની મોકળાશ પૂરી પાડશે. સંશોધકની સર્જકતાને પણ અવકાશ મળશે. આંતરવિદ્યાકીયતાનો લાભ મળવાથી અંધહસ્તિન્યાયમાંથી બહાર નીકળી, બધાનો સમન્વય કરી હસ્તિસંજ્ઞાન સાચકલું હાથવગું બનશે.

સાહિત્યકૃતિઓ એટલે કેવળ સ્વરૂપ અને વસ્તુજગત એવાં બે જ દ્વંદ્વ, સ્તર નથી હોતાં. સાહિત્યકૃતિઓનો કેવળ એક જ અર્થ નથી હોતો. એમાં અર્થોનું જાળું હોય છે. રોલાં બાર્થ કહે છે તેમ સાહિત્યકૃતિનું અર્થઘટન કરવું એટલે વત્તેઓછે ન્યાયી અર્થ આપવો એમ નથી બલકે એનાથી વિપરીત એમાં જે બહુલતા પડી છે એને પ્રશંસવી. સાહિત્યકૃતિના અર્થોની બહુલતા સાથે બાથ ભીડવી હોય તો કેવળ એક જ વિદ્યાશાખાથી નહીં થાય. અનિવાર્યપણે આંતરવિદ્યાકીય ઉપક્રમ રચવો પડે. એલિયટ જ્યારે એવું કહે છે કે સાહિત્યકૃતિનું મૂલ્યાંકન ભલે સાહિત્યિક માપદંડથી કરીએ પરંતુ સાહિત્યકૃતિ મહાન છે કે નહીં એ નક્કી કરવા અન્ય માપદંડોની પણ જરૂર પડે. અહીં હાલ પૂરતું આપણે મહાનતાનું છોગું ભૂલી જઈએ અને ઉમેરીએ કે સાહિત્યકૃતિનું મૂલ્યાંકન જેમ સાહિત્યિક ધોરણે થાય છે

એમ અન્ય વિદ્યાશાખાના માપદંડથી પણ થઈ શકે, એનાથી કૃતિબોધ બહુલતાસભર બનશે. ગાયત્રી ચક્રવર્તીએ 'ડેથ ઑફ અ ડિસિપ્લિન' પુસ્તક લખ્યું છે. એમાં કોઈ એક વિદ્યાશાખાના મૃત્યુની વાત જ નથી. હકીકત એ છે કે એ વ્યાખ્યાનમાળામાં એ કહે છે કે હવે આંતરવિદ્યાશાખાઓ, વિવિધ વિદ્યાશાખાઓથી જ કામ કરવું પડશે. આ વાત માત્ર સાહિત્યસંશોધન-વિવેચનને જ લાગુ નથી પડતી પરંતુ તમામે તમામ વિદ્યાશાખાને લાગુ પડે છે. મનુષ્ય અને જગતને સમજવા માટે કોઈ એક જ વિદ્યાશાખા પર્યાપ્ત નથી. તેથી અરસપરસ જોડાઈને જ સમૃદ્ધિ આવે. ઉદાહરણરૂપે કોરોનાના પ્રભાવ પર તમારે સંશોધન કરવું હોય તો એના પર કેટલી કવિતા લખાઈ? એમાં કયું માનવપરિમાણ ઝિલાયું? વાંચી જોજો રાજુ સોલંકીની કોરોનાકુંવર રચના. રાજનીતિ, મનોવિજ્ઞાન, દાક્તરી વિદ્યા, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આ સહુ ભેગાં મળીને કોરોનાનો પ્રભાવ આંકી શકે. અરસપરસ મદદ લેવી જ પડે. આંકડાશાસ્ત્રથી માંડી ઠઠ્ઠાચિત્રોએ કોરોનાની પીડાની અભિવ્યક્તિ કરી છે.

આમ, સંશોધનને શક્યતમ સર્વાંગી બનાવવા વિવિધ વિદ્યાશાખાના માપદંડોનો વિનિયોગ જરૂરી છે. ઇતિહાસ, મનોવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન, ભૂગોળથી માંડી શુદ્ધ વિજ્ઞાનોની જરૂર પડે તો એ પણ લઈ શકાય. દા.ત. કોઈ વ્યક્તિ પુરાકલ્પન પર કામ કરતો હોય ને નૃવંશશાસ્ત્રને અડે જ નહીં એ હવે નહીં ચાલે. કોઈ વ્યક્તિ કલ્પન પર કામ કરતો હોય તો મનોવિજ્ઞાની યુંગના કામથી પરિચિત ન હોય એ પણ નહીં ચાલે. બીજી તરફ તમે જુઓ કે ફ્રોઇડે સ્વપ્નજગતનું જે વિશ્લેષણ આપ્યું એની પાછળ એમનું દોસ્તોએવ્સ્કીની નવલકથાઓનું પરિશીલન કારણભૂત હતું. ગોલ્ડમાને 'સોશિયૉલૉજી ઑફ નૉવેલ' લખવા માટે સમાજશાસ્ત્રની વિધિવત્ તાલીમ લીધી હતી. આપણે ત્યાં આ કે તે લેખકોની નારીચેતનાની, નારીવેદનાની વાર્તાઓ, સ્ત્રીસંવેદના વગેરે પર સેંકડો સંશોધનો હાથવગાં બન્યાં છે પરંતુ ક્યાંય મેં સંશોધનોમાં નીરા દેસાઈ, ઇલા પાઠક કે સોનલ શુક્લનું નામ સુધ્ધાં જોયું નથી! હકીકતે તો એ વિદ્યાર્થીઓએ જેન્ડર સ્ટડીનો શૉર્ટટર્મ કોર્સ કરવો જોઈએ... તો જ વિષયને સાચો ન્યાય આપી શકશે. નહિતર વાર્તાઓની રંગદર્શી વાર્તાઓ જ વિવરણરૂપે રજૂ થશે!

સાહિત્યનો આંતરવિદ્યાકીય અભ્યાસ રજૂ થાય ત્યારે અન્ય વિદ્યાશાખા સાહિત્યકૃતિના વિષયવસ્તુ સાથે પનારો પાડે ત્યારે જે તે વિદ્યાશાખા એકલી કેવળ પૂરતી નથી. પોતાનું સૈદ્ધાંતિક માળખું અને પદ્ધતિશાસ્ત્રનો ધીરજથી અને ઉચિત વિનિયોગ કરવો પડે. સંશોધકના હાથમાં સાહિત્યકૃતિનું હોવું એ એક કલાકારે આલેખેલી મનુષ્યની રામકહાણી છે એ એને ખબર હોવી જોઈએ. આ આલેખન જેટલું અંદર છે એટલું બહાર પણ છે. કૃતિબહારનું જગત સર્જકના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, નૃવંશશાસ્ત્રીય સંદર્ભે છે. જે જાણે-અજાણે સર્જકે ખપમાં

લીધાં છે કે ટાળ્યાં છે. કૃતિનું આંતરજગત એ એની પોતીકી રમણભૂમિ છે, જે સુરક્ષિત છે અને ચતુરાઈભરેલી પણ હોય શકે. એ આંતરજગતનો તાળો મેળવવા સર્જક્ના મનોવિજ્ઞાનમાં ગતિ કરી શકાય. સુરેશ જોષીની કૃતિઓમાં મરણનો આટઆટલો ઓથાર શા માટે છે? એ જાણવા સંશોધકે અચકાયા વિના સર્જકની આંતરકથામાં જવું જોઈએ. આમ, જ્યારે સંશોધક કૃતિનું આંતરજગત કે બાહ્ય જગતને પામવા ખાંખાંખોળા કરશે તો એનું સંશોધન વધુ પ્રસ્તુત, વધુ રસિક અને વધુ મૂલ્યવાન બનશે. તેથી જ કૃતિનો કેવળ સૌંદર્યશાસ્ત્રીય અભ્યાસ પૂરતો નથી; એમાં વિવિધ વિદ્યાશાખાનો પણ લાભ લેવો જોઈએ. અન્ય વિદ્યાશાખાઓનું મેળવણ કેવળ યાંત્રિક ધોરણે નથી કરવાનું, એનો અનુબંધ સાહિત્યકૃતિ સાથે સર્જવો પડે. તો કૃતિની અર્થબહુલતા લગી પહોંચી શકાય.

❑

નવલિકા

નવલા યુગે : મીનાક્ષી ચંદારાણા, 2021, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. 136, રૂ. 200 **પુષ્પક** : ધર્મેન્દ્ર ત્રિવેદી, 2021, સ્પર્શ પબ્લિકેશન, સુરત, પૃ. 102, રૂ. 150 **ખેલ** : જાગ્રત વ્યાસ, 2021, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. 78, રૂ. 150 **શૂદ્રપર્વ**: પ્રવીણ ગઢવી, 2020, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, 26 + 150, રૂ. 200.

નવલકથા

સોનાના પિંજરનાં પંખી : ઉત્પલ પટેલ, 2021, ‘કવચ’, 13, રામેશ્વર સોસાયટી, હિમ્મતનગર, પૃ. 143, રૂ. 180 **આમન્યા** : ઐશ્વર્યા વત્સલ, 2021, ઇન્કલાબ પ્રકાશન, ઉત્તરાખંડ, પૃ. 415, રૂ. 600 **અંતિમ વળાંક** : પ્રફુલ્લ કાનાબાર, 2021, અમોલ પ્રકાશન, અમદાવાદ, પૃ. 112, રૂ. 140 **વાયા રાવલપિંડી** : ગિરીમા ઘારેખાન, 2020, હર્ષ પ્રકાશન, અમદાવાદ, 14+178, રૂ. 230 **ગાઈડ** : (આર. કે. નારાયણ) અનુ. હરેશ ધોળકિયા, 2021, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, 8 + 200, રૂ. 235.

પરિષદવૃત્ત

સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

આપણો કવિતાવારસો અંતર્ગત

ક. લા. સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા. 10-11-2022ના ગુરુવારના બપોરે 1-30 કલાકે. સભાખંડ, ગુજરાતીવિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરમાં 'સર્જક સાક્ષાત્કાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે ભૂમિકા બાંધી હતી અને આવકાર આપ્યો હતો. શ્રી રાજેશ પંડ્યાએ 'દિલીપ ઝવેરી' વિશે વક્તવ્ય આપ્યું હતું. અને કવિશ્રી દિલીપ ઝવેરીએ કાવ્યપાઠ કર્યો હતો. સ્થાનિક સંયોજક મહેન્દ્રસિંહ પરમારે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

પાક્ષિકી અંતર્ગત

તા. 12-11-2022ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-00 વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત રેણુકા દવેએ એમની વાર્તા 'શુભ સંધ્યા'નું પઠન કર્યું હતું. વાર્તા વૃદ્ધાશ્રમની સ્ટોરી માટે આવેલી મેધાવી, એની ચાર વર્ષની દીકરી મિશા અને સાસુ વનિતાબહેનની આસપાસ આકારિત થાય છે. મિડિયામાં નોકરી કરતી મેધાવીને ચીફ એડિટર કમલ જોષી એક વૃદ્ધાશ્રમની સ્ટોરી માટે અઠવાડિયું ત્યાં રહી, જાત-અનુભવ કરી લખવા માટે જણાવે છે. નાની મિશા અને સાસુને કારણે ત્યાં રહેવા માટે અશક્તિ દર્શાવે છે. તે સૌને સાથે લઈને કામ કરવા કહે છે. પતિ નમન અઠવાડિયામાં પોતાના માર્કેટિંગના કામે બહાર હોય છે. એટલે મેધાવી મિશા અને સાસુ સાથે વૃદ્ધાશ્રમમાં આવે છે. અહીં રોકાઈને જાતઅનુભવ કરી, મૅનેજર વિજયભાઈની મુલાકાત લઈ અઠવાડિયામાં એક સરસ સ્ટોરી બનાવે છે મેધાવી.પરંતુ છેલ્લા દિવસે પરત ફરવાનો સમય આવે છે ત્યારે વનિતાબહેન વૃદ્ધાશ્રમમાં જ રોકાઈ જાય છે. અને વાર્તા પૂરી થાય છે.

આ વાર્તા વિશે ચર્ચા કરતાં પ્રફુલભાઈ રાવલે જણાવ્યું હતું કે વાર્તામાં હજુ ઘણો અવકાશ છે. વાર્તાને સઘન કરવા માટે ખૂટતાં વિવિધ પાસાંઓની સટિક ચર્ચા તેમણે કરી હતી. આ ચર્ચામાં દીનાબહેન પંડ્યા, ચેતન શુક્લ, ચિરાગ ઠક્કર, યોગેશ ભટ્ટ, નિર્મળાબહેન, ભારતી સોની, મલય દવે, પ્રજ્ઞા મહેતા વગેરેએ રસપૂર્વક ભાગ લીધો હતો. પાક્ષિકી કાર્યશાળાનું સંચાલન પાક્ષિકીના સંયોજક જયંત ડાંગોદરાએ કર્યું હતું.

તા.26-11-2022ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે 5-00 વાગ્યે'પાક્ષિકી' અંતર્ગત

વાર્તાકાર રામ જાસપુરા દ્વારા એમની વાર્તા 'બોન્સાઈ'નું પઠન કરવામાં આવ્યું હતું. વાર્તાકથક જાનીભાઈ અને ક્લાર્ક પરમાર એક ઑફિસમાં નોકરી કરે છે. એક દિવસ જાનીભાઈ ઑફિસમાં નવા બૂટ પહેરીને આવે છે. એ બૂટ સંદર્ભે સ્ટાફમાં વાત થતી હોય છે. ત્યારે એક સાથી કર્મચારી ક્લાર્ક પરમારની ખાલી ખુરશી તરફ આંખ મીંચકારી મંદિરમાં જૂતાં ન હોય એવો ગર્ભિત ઇશારો કરે છે. જાનીભાઈ હ્યુમેનિસ્ટ હોઈ તેમને આ ગંદી રમત ગમતી નથી. તેઓ પરમારના પક્ષે રહી પેલા કર્મચારીને પરમાર પ્રત્યેના ભેદભાવને સ્પષ્ટતાથી નકારે છે.

એ પછી રાત્રે સૂતી વખતે એમની નજર સામે પરમાર જ ફરક્યા કરે છે. એમ કરતાં આંખ ઘેરાય ન ઘેરાઈ ત્યાં કંઈક ગણગણાટ સંભળાય છે. તપાસ કરતાં ખબર પડે છે કે ખાનામાં રહેલાં બૂટ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. માનવજાતિ દ્વારા કરાતો એમના પ્રત્યેનો વ્યવહાર એને દુઃખી કરે છે. ચામડાંનું શરીર કે ચામડાંમાંથી બનેલાં નગારાંને મંદિરમાં સ્થાન મળે. પણ એ જ ચામડાંમાંથી બનેલા બૂટને નહી! દુઃખી બૂટને પ્રેમથી પંપાળી સૂવા જાય છે. ત્યાં એક બોન્સાઈ કોઈ અપેક્ષાએ તાકી રહેતું લાગે છે. હ્યુમેનિસ્ટ જાનીભાઈની વ્યથા સમજી જાય છે. બોન્સાઈને કૂંડામાંથી ખુલ્લી જગ્યામાં રોપે છે. બોન્સાઈ આવી મુક્તિ મળવાથી મરક મરક હસી ઊઠે છે. વાર્તા અંહીં પૂરી થાય છે.

આ વાર્તામાં બૂટ અને બોન્સાઈ કચડાયેલા વર્ગના પ્રતીકરૂપે ઊભરી આવે છે. જાનીભાઈ અને પરમારભાઈ બે અલગ અલગ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. વાર્તામાં માનવતાવાદી અભિગમનું બખૂબી નિરૂપણ થયું છે. એક પ્રતિબદ્ધ વાર્તાનો સુંદર નમૂનો એ રીતે રામ જાસપુરા દ્વારા મૂકી આપવામાં આવ્યો હતો.

આજની કાર્યશાળામાં પધારેલા જાણીતા વાર્તાકાર દીવાન ઠાકોર દ્વારા વાર્તાને હજુ વધુ સરસ રીતે કહી શકાય એવાં ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત રેણુકા દવે, દીના પંડ્યા, રમણ વાઘેલા, ચિરાગ ઠક્કર, ચેતન શુક્લ, પાર્થ ભટ્ટ, યોગેશ ભટ્ટ, રમેશ દરજી, વિક્રમ ડોડિયા તેમજ અન્ય સહૃદય સુજ્ઞ ભાવકો દ્વારા સંવાદ રસપૂર્ણ બની રહ્યો હતો. આ પાક્ષિકી કાર્યશાળાનું સંચાલન પાક્ષિકીના સંયોજક જયંત ડાગોદરાએ કર્યું હતું.

વ્યાખ્યાનમાળા અંતર્ગત
સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના

સંયુક્ત ઉપક્રમે સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી અદિતી દેસાઈએ તા. 24-11-2022ના રોજ ગુરુવારે બપોરે 12-00 કલાકે ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં 'નાટક સ્વરૂપ અને શર્વિલક' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સ્થાનિક સંયોજક ડૉ. કાંતિ માલસતરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી જે. કે. શાહ તથા શ્રી કે. ડી. શાહ કૉમર્સ કૉલેજ, વ્યારાના સંયુક્ત ઉપક્રમે વિશ્વનાથ મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી નરેશ શુક્લએ તા. 26-12-2022ને સોમવારના રોજ સવારે 11-00 કલાકે શ્રીમતી આર. પી. ચૈહાણ આર્ટ્સ કોલેજ, વ્યારા જિ. તાપીમાં, કૉલેજના આચાર્ય ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાની ઉપસિથિતિમાં 'સાહિત્યિક પત્રકારત્વની વિભાવના' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સ્થાનિક સંયોજક ડૉ. મેરુ વાઢેરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ભાનુમતી પી. દેસાઈ વ્યાખ્યાનમાળા

સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે વ્યાખ્યાન

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગથી તા. 29-11-2022ને મંગળવારના રોજ જાણીતા સર્જક-વાર્તાકાર શ્રી રવીન્દ્ર પારેખનું 'ટૂંકી વારતા સ્વરૂપ' વિશે વ્યાખ્યાન યોજાઈ ગયું. આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મંત્રી ડૉ. ધ્વનિલ પારેખે ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ પ્રવૃત્તિઓનો ટૂંકો પરિચય આપ્યો હતો. કૉલેજના પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીએ ઉપસ્થિત મહેમાનશ્રીઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. જી. સી. સોઢાએ તથા આભારદર્શન વા. પ્રિ. ડૉ. જે. એમ. ચાવડાએ કર્યું હતું. કૉલેજમાં અભ્યાસ કરતા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી વિષયના વિદ્યાર્થીઓની બહોળી સંખ્યાએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

બુધસભા

દર બુધવારે ગુજરાતી સાહિત્ય પરિષદમાં બુધસભા ભરાય છે. તેમાં કવિઓ પોતાની કાવ્યરચના લઈને આવે છે. આ કાવ્યોનો પાઠ કરવામાં આવે છે. અને આ પાઠ પૂર્ણ થયા બાદ એ કૃતિ વિશે અભિપ્રાય અપાય છે. જો કૃતિ યોગ્ય જણાય તો

તે ‘કુમાર’ કે ‘કવિલોક’માં પ્રસિદ્ધ થાય છે. કાવ્યપાઠ કરતી વેળાએ કવિનું નામ પહેલાં કહેવામાં આવતું નથી. ચર્ચા પૂર્ણ થયા પછી કવિનું નામ જાહેર કરવામાં આવે છે. 1932થી ‘કુમાર’ કાર્યાલયમાં રાયપુર ખાતે બુધસભા ભરાતી ત્યારે પ્રારંભે બચુભાઈ રાવત બુધસભાનું સંચાલન કરતા. આઠમા દાયકામાં બચુભાઈ સાથે ધીરુભાઈ પરીખ રહેતા. જ્યારે બચુભાઈ રાવતે ગુજરાતી સાહિત્ય પરિષદને બુધસભા સોપી ત્યારે બુધસભાનું સંચાલન ધીરુભાઈ પરીખે કર્યું. તેમની સાથે પ્રારંભે પિનાકિન ઠાકોર હતા. 2005 પછી ધીરુભાઈ પરીખ સાથે, પ્રફુલ રાવલ પણ જોડાયા. હાલ બુધસભા પ્રફુલ રાવલ નિયમિત સંભાળે છે. આ બુધસભા દર બુધવારે સાંજે 7-00થી 8-00 દરમિયાન યોજાય છે. તા. 2, 9, 16, 22 અને 30 નવેમ્બર 2022ના રોજ પણ બુધસભા યોજાઈ હતી. આ બુધસભામા કવિઓ અને કાવ્યરસિકોને નિમંત્રણ છે.

‘રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં વિવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. ગ્રંથાલયમંત્રી શ્રી મનીષ પાઠકના આયોજન મુજબ ‘રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ’ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અન્વયે તા. 14 નવેમ્બરથી 20 નવેમ્બર, 2022 (સોમવારથી રવિવાર) દરમ્યાન બાળપુસ્તક મેળો અંતર્ગત બાળપુસ્તક પ્રદર્શન અને વેચાણનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિવિધ પ્રકાશકો જેવા કે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, નવસર્જન પબ્લિકેશન, અવંતિકા પ્રકાશન, પ્રિન્ટ બોક્સ, ડિવાઇન પબ્લિકેશન, રન્નાદે પ્રકાશન, આદર્શ પ્રકાશન, કુસુમ પ્રકાશન, અક્ષરા પ્રકાશન વગેરે પાસેથી મળેલાં પુસ્તકોનું 30%ના આકર્ષક વળતરથી વેચાણ કરવામાં આવ્યું હતું. બાળકો, વાલીઓ તેમજ ગ્રંથાલયના રોજિંદા વાચકોએ આવકાર સાથે પ્રદર્શનને બિરદાવ્યું હતું અને બાળપુસ્તકોની ખરીદી કરી હતી. ચી. મં. ગ્રંથાલયનાં દીપ્તિ શાહ, સ્નેહલ ચૌધરી અને યજ્ઞેશ ચૌધરીએ આ પુસ્તકપ્રદર્શન-વેચાણની કામગીરી સંભાળી હતી.

તા. 14-11-2022ના રોજ ‘રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ’ અન્વયે ધો. 3થી 8ના વિદ્યાર્થીઓ માટે 11થી 3-00 દરમ્યાન ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્રકલા સ્પર્ધામાં વિવિધ સ્કૂલો સાર્થક પ્રાથમિક શાળા (ગુજરાતી), સાર્થક પ્રાઇમરી ઇંગ્લિશ સ્કૂલ, પૂના ઇન્ટરનૅશનલ ઇંગ્લિશ સ્કૂલ, સુમન પ્રાઇમરી સ્કૂલ, પંકજ પ્રાથમિક શાળા, ઉદ્‌ગમ સ્કૂલ ફૉર ચિલ્ડ્રન, દીવાન બલ્લુભાઈ સ્કૂલ અને એચ. બી. કાપડિયાએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધો. 3થી 8નાં બાળકોએ સુંદર ચિત્રો દોર્યાં હતાં. ચિત્રસ્પર્ધામાં ધો. 3થી 5 અને ધો. 6થી 8 એમ બે વિભાગ

રાખવામાં આવ્યા હતા. એમાં શ્રી હસમુખ બોરાણિયા, શ્રી મણિલાલ શ્રીમાળી અને પ્રશાંત રાવલે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

પ્રથમ વિભાગમાં ધો. 3 થી 5ના કુલ 34 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બીજા વિભાગમાં ધો. 6 થી 8ના કુલ 37 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બંને વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ અને એક આશ્વાસન ઇનામ આપવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના અંતે નિર્ણાયકોએ નિર્ણય જણાવ્યા બાદ ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રીશ્રી સમીર ભટ્ટે બાળકોને બાળપુસ્તકો ઇનામમાં આપ્યાં હતાં. અને નિર્ણાયકોનું પણ પુસ્તકોથી સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે પ્રાસંગિક વક્તવ્યમાં એક સુંદર ગીત 'બા જરા જો તો ખરી કે મને રૂપિયો જડ્યો' બાળકોને સાથે રાખીને ગવડાવ્યું હતું.

મહામંત્રી શ્રી સમીરભાઈ ભટ્ટ, ગ્રંથાલયમંત્રી મનીષ પાઠક, સંયોજક નટવર પટેલ અને નિર્ણાયકો દ્વારા દરેક બાળકને ભાગ લીધા બદલ પ્રમાણપત્ર, પ્રોત્સાહન પૂરું પાડવા માટે કંપાસ, પેન્સિલ, રબર, સંચો અને ફૂટપટ્ટી તેમજ ચૉકલેટ અને બિસ્કિટની એક કીટ આપવામાં આવી હતી. દીપ્તિ શાહે કાર્યક્રમના અંતે સૌનો આભાર માન્યો હતો.

તા. 15-11-2022ના રોજ 11 થી 3 દરમ્યાન બાળવાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળવાર્તાકથનમાં પંકજ પ્રાથમિક શાળા, સાર્થક પ્રાઇમરી સ્કૂલ (ગુજરાતી), સાર્થક પ્રાઇમરી ઇંગ્લિશ સ્કૂલ, કેન્દ્રીય વિદ્યાલય (વસ્ત્રાપુર), વિજયનગર પ્રાથમિક શાળા, શેઠ સી. એન. બાળવિદ્યાલય, ઉદ્‌ગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને સુમન પ્રાઇમરી સ્કૂલે ભાગ લીધો હતો.

બાળવાર્તાકથન સ્પર્ધામાં ધો. 3 થી 5 અને ધો. 6 થી 8 એમ બે ભાગ રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ વિભાગમાં ધો. 3 થી 5ના 10 વિદ્યાર્થીઓએ અને બીજા વિભાગમાં ધો. 6 થી 8ના 18 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આરતી કરોડે, શ્રી હિમાલી મજમુદાર, શ્રી જીગીષા પાઠક, આરતી શેઠ, શ્રી નટવર પટેલ અને શ્રી મનહર ઓઝાએ સેવાઓ આપી હતી. બંને વિભાગમાં 1 થી 3 અને 1 આશ્વાસન ઇનામ તરીકે બાળપુસ્તકો આપવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના અંતે નિર્ણાયકોએ નિર્ણય કર્યા બાદ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રફુલ રાવલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું અને એમના હસ્તે બાળકોને બાળપુસ્તકોનાં ઇનામ આપવામાં આવ્યાં હતાં. વળી નિર્ણાયકોને પણ પુસ્તકોથી આવકાર આપી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક વાત કરતાં જણાવ્યું હતું કે જીવનમાં બધું જ ભુલાય પણ બાળપણ અને પ્રાથમિક

શાળાના શિક્ષકનું નામ તો દરેકને યાદ રહે છે. ત્યાર બાદ બાળવાર્તાકથનમાં ભાગ લીધેલ તમામ બાળકોને કંપાસબૉક્સ, પેન્સિલ, રબર, સંચો, ફૂટપટ્ટી, ચૉકલેટ અને બિસ્કિટની એક કીટનું વિતરણ પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રફુલ રાવલ, શ્રી મનીષ પાઠક અને સાથે રહેલા સંયોજક શ્રી નટવર પટેલ અને નિર્ણાયકો દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે ગ્રૂપ ફોટો પાડી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

– મનીષ પાઠક
ગ્રંથાલય મંત્રી

❑

સાહિત્યવૃત્ત

સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

કુમારપાળ દેસાઈને બ્રિટનના મિનિસ્ટર બેરોનેસ સ્કૉટ દ્વારા અપાયેલો અહિંસા અવૉર્ડ

બ્રિટનની પાર્લામેન્ટના વિલ્સન હૉલમાં બ્રિટનના મિનિસ્ટર ઑફ ફેઈથ બેરોનેસ સ્કૉટ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને 16 નવેમ્બર, 2022ના રોજ અહિંસા અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે પાર્લામેન્ટના સભ્ય અને સંસ્થાના ચેરમેન શ્રી ગેરથ થોમસ અને ડેપ્યુટી ચેરમેન પદ્મશ્રી અને પાર્લામેન્ટના એમ. પી. બોબ બ્લેકમનની સાથે બર્મિંગહામ યુનિવર્સિટીના પ્રોફેસર, વિવિધ ફેઈથના અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મિનિસ્ટર બેરોનેસ સ્કૉટે કહ્યું કે, અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા, અને આચાર્ય મહાપ્રજ્ઞ જેવી વ્યક્તિઓને અપાયેલો આ અવૉર્ડ વૈશ્વિક સંવેદના અને કમ્પેશન વધારવાનું કામ કરનાર ડૉ. કુમારપાળ દેસાઈને આપતાં આનંદ અનુભવું છું. શ્રી કુમાર શાહે અવૉર્ડના સાયદેશનું પઠન કરતાં કહ્યું કે પ્રત્યેક ક્ષેત્રમાં માનવીય મૂલ્યોને દૃષ્ટિમાં રાખીને કાર્ય કરનારની બહુમુખી પ્રતિભાને અમે આજે વધાવીએ છીએ. સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ફિલૉસૉફી, અને એન્સાઇક્લોપીડિયાના કાર્ય દ્વારા એમણે મેળવેલી યશસ્વી સિદ્ધિ યાદગાર બની રહી છે. જ્યારે આ અવૉર્ડ સ્વીકારતાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે અહિંસા એ માત્ર આધ્યાત્મિક શક્તિ નથી, પણ સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રને પ્રભાવિત કરતી શક્તિ છે. વર્તમાન વિશ્વના માનવઅસ્તિત્વ માટે અહિંસા આવશ્યક છે. ક્યાં તો માનવજાતિ અને

સમગ્ર બ્રહ્માંડ નષ્ટ થઈ જશે અથવા તો એ અહિંસા દ્વારા વૈશ્વિક એકતા અને માનવબંધુતાનું સર્જન કરશે. અગાઉ વિશ્વશાંતિ માટે કાર્ય કરનાર નેલ્સન મંડેલા, આચાર્ય મહાપ્રજ્ઞજી, કિંગ્સ ચાર્લ્સ ધ વર્લ્ડની હરોળમાં મળેલા આ અવૉર્ડનો આનંદ સાથે સ્વીકાર કરું છું. જોકે હકીકતમાં એનાથી હું નવી પ્રેરણા અને મોટિવેશન અનુભવું છું. જ્યારે ઉપસ્થિત શ્રમણી પ્રતિભા મહાપ્રજ્ઞજીએ કહ્યું કે કુમારપાળ દેસાઈનું સન્માન એ જ્ઞાનના પ્રકાશનું સન્માન છે. આ સમયે બર્મિંગહામ યુનિવર્સિટીમાં ધર્મનાથ સ્વામી ચેર ઇન જૈન સ્ટડીઝનું એમ.ઓ.યુ કરવામાં આવ્યો. કાર્યક્રમનું સંચાલન ડૉ. મેહુલ સંઘરાજકાએ કર્યું હતું. અને આભારવિધિ શ્રી જયસુખભાઈ મહેતાએ કરી હતી.

સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધા-2022નું પરિણામ

અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધા 2022નું પરિણામ નીચે મુજબ છે.

નવલિકા સ્પર્ધામાં નવસારીના શ્રી ધર્મેશ ગાંધીની વાર્તા ‘જીર્ણોદ્ધાર’ વાર્તાને પ્રથમ ઇનામ પ્રાપ્ત થાય છે.

બાળવાર્તા સ્પર્ધામાં અમદાવાદના શ્રી મનહર ઓઝાની બાળવાર્તા ‘હિરુ અને મિરુ’ને પ્રથમ ઇનામ પ્રાપ્ત થાય છે.

કાવ્યલેખન સ્પર્ધામાં હાલોલના જાગ્રત વ્યાસની કવિતા ‘મુખવટો’(સૉનેટ)ને પ્રથમ ઇનામ પ્રાપ્ત થાય છે.

નવલિકા સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી કિરીટ દૂધાત, બાળવાર્તા સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી ધર્મેન્દ્રકુમાર પટેલ અને કવિતાલેખન સ્પર્ધાના નિર્ણાયક તરીકે કવિ શ્રી મુકુલ ચોકસીએ સેવા આપી હતી.

દર વર્ષે સ્મિતા પારેખ સ્પર્ધામાં પ્રથમ વિજેતા કૃતિને દરેક વિભાગમાં રૂ.5000 રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. દરેક વિજેતાને તા.17મી ડિસેમ્બર શનિવારના રોજ સાંજે 4-00 કલાકે સુરત ખાતે આવેલ સંસ્થાના કમળાબા અમીચંદ હૉલમાં સ્મિતા પર્વ સમારોહમાં પારિતોષિક અર્પણ કરવામાં આવશે,

મહેશ ચંપકલાલનું સનમાન

ડો.મહેશ ચંપકલાલને ભારતીય સંગીત નાટક અકાદમી દ્વારા નાટ્યક્ષેત્રે પ્રદાન માટે સન્માનિત કરાયા.

અભિનંદન.

‘દર્શક ફાઉન્ડેશ’ ઍવૉર્ડ અર્પણ કાર્યક્રમ : સાહિત્ય અને ગ્રામસેવા પોંખાયા

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરુત્થાનના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ 2021નો ઍવૉર્ડ શ્રી દિનકર જોશીને સાહિત્ય ઍવૉર્ડ તેમના સમગ્ર સર્જનાત્મક સાહિત્યલેખન માટે તથા ગ્રામસંગઠન અને લોકજાગૃતિ માટે વિશિષ્ટ કાર્ય કરનાર 'પ્રયાસ' સંસ્થાના શ્રી મહેન્દ્ર – ભારતીને મંગળવાર, તારીખ 15મી નવેમ્બર, 2022ના રોજ સાંજે પાંચ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષ શ્રી મધુકરભાઈ પારેખ અને અતિથિવિશેષ શ્રી શિરીષભાઈ પંચાલ હતા.

સમારંભની શુભ શરૂઆતમાં ભદ્રાબહેન સવાઈએ રવીન્દ્રનાથનું ગીત ગાયું. સમારંભનું સંચાલન મનસુખભાઈ સલ્લાએ કર્યું અને તેમણે 'દર્શક' ફાઉન્ડેશનની વિવિધ પ્રવૃત્તિઓ – ઍવૉર્ડ, વિદ્યાર્થી શિબિરો, ગ્રંથગોષ્ઠિ, પુસ્તકપ્રકાશન – અંગે ખ્યાલ આપ્યો. પ્રકાશભાઈ શાહે જણાવ્યું કે 'દર્શક' બાઈબલનું આ વાક્ય વારંવાર યાદ કરતા કે, 'તમારી પાસે દીવો હોય તેને ટેકરી પર મૂકો અને તેને ઢાંકો નહીં જેથી લોકો પ્રકાશ પામી શકે.' રમેશ તન્ના, પ્રફુલભાઈ રાવળ, સુનીતા ચૌધરી તેમજ અજય રાવલે મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

દિનકરભાઈએ જણાવ્યું કે 'દર્શક'ના નામ સાથે સંકળાયેલા ઍવૉર્ડ મળે એટલે આનંદ અને ગૌરવની લાગણી થાય છે. ભારતીબહેને જણાવ્યું કે શ્રી વિનોબાની પ્રેરણાથી નર્મદાકાંઠે માંગરોળ ખાતે 'પ્રયાસ' સંસ્થા સ્થાપવાની પ્રેરણા થઈ. સંસ્થાની બધી જ પ્રવૃત્તિઓમાં ગાંધી-વિનોબા વિચાર છે. દિનકરભાઈના સાહિત્યસર્જનના વિવિધ પડાવો વિશે મહેન્દ્રભાઈ પરમારે અભ્યાસપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા. તેમણે 'પ્રકાશનો પડછાયો'ના ઉદાહરણ વડે – હરિલાલ ગાંધી અને કસ્તૂરબાના પ્રસંગને સરસ રીતે મૂકી આપ્યો ને ચરિત્રાત્મક નવલકથામાં દિનકરભાઈના સર્જનવિશેષનું મૂલ્ય પ્રમાણી આપ્યું. 'પ્રયાસ' સંસ્થાના પ્રમુખ શિલ્પીનભાઈ મજુમદારે 'પ્રયાસ' સંસ્થા, તેમણે વિકસાવેલી ગ્રામ ટેક્નૉલૉજીથી આસપાસના સમાજની મદદથી વિકાસના કામો કરે છે તેમ જ મહેન્દ્રભાઈ અને ભારતીબહેનની સામાજિક નિસ્બત અંગે વાત કરી હતી. 'પ્રયાસ' સંસ્થાની બહેનોએ 'જીવવું મારે મલકાતાં મલકાતાં, જગ આખું યાદ કરે હરખાતાં હરખાતાં' ગીતની સુંદર રજૂઆત કરી જેને સભાગૃહે હરખાતાં હરખાતાં ઝીલી.

રઘુવીર ચૌધરીએ જણાવ્યું કે સાતમા-આઠમા દાયકામાં મુંબઈમાં દિનકરભાઈ જોશી તથા ચંદુલાલ સેલારકા વાર્તાકાર તરીકે ખ્યાતિ પામ્યા. તેમની નવલકથા 'પ્રકાશનો પડછાયો' પુરસ્કૃત થયું અને તેમાં કસ્તૂરબાનું પાત્રાલેખન પ્રભાવક રહ્યું. આ નવલકથા પરથી નાટક અને ફિલ્મ પણ બન્યાં. ગાંધી અને બુદ્ધ વિશેનું તેમનું કામ આદર જગાવે છે. શિરીષભાઈ પંચાલે દિનકરભાઈ જોશીના સ્વાધ્યાયની તેમ

જ મહાભારત વિશેના તેમના પ્રકલ્પની પ્રશંસા કરી. 'પ્રયાસ' જેવી સંસ્થાઓ પોતાનું પુણ્ય સામાન્ય માણસ – ગરીબ અને શ્રમજીવીમાં વહેંચે છે.

મધુકરભાઈએ જણાવ્યું કે, માનવજાતિએ વિકાસ કર્યો એમાં ભૌતિક વિકાસ મુખ્ય રહ્યો. સુખ મળ્યું પણ શાંતિની અપેક્ષા ઊભી રહી. સાહિત્ય અને ગ્રામ પુનરુત્થાનના પ્રયાસો આ દિશામાં વધુ ને વધુ થતા રહે તેવી શુભેચ્છા. સમારંભની આભારવિધિ અજય રાવલે કરી હતી અને તેમણે સહુ વક્તાઓના મુદ્દાઓ તારવ્યા હતા.

આ સમારંભમાં જાણીતા સાહિત્યકારો સર્વશ્રી રતિલાલ બોરીસાગર, રજનીકુમાર પંડ્યા, માધવ રામાનુજ, પ્રફુલ રાવલ, ભાગ્યેશ જ્હા, રાજેન્દ્રભાઈ ખીમાણી, કેશુભાઈ દેસાઈ, મોહન પરમાર, જયદેવ શુક્લ, ઉષા ઉપાધ્યાય, યોગેશ જોશી, બિંદુ ભટ્ટ, ડંકેશ ઓઝા, હર્ષદ ત્રિવેદી, મનુભાઈ શાહ, ચંદ્રિકાબહેન પંચાલ, ભીખેશ ભટ્ટ, વિવેક દેસાઈ, સંજય મકવાણા, પરીક્ષિત જોશી, સુખદેવ પટેલ, મીતા અને કુમુદબહેન ઝવેરી, દૃષ્ટિ પટેલ, દિલીપસિંહ લાલુભા ચૌહાણ વગેરે મહાનુભાવો તેમજ સાહિત્યરસિકો તથા ભાવકો હાજર રહ્યા હતા.

❑

બાળસાહિત્ય

પંખીઓના દેશમાં : ગિરીમા ઘારેખાન, 2020, દિશા પ્રકાશન, પૃ. 64, રૂ. 140 **રમકડાં પાર્ટી** : ગિરીમા ઘારેખાન 2019, અમોલ પ્રકાશન, અમદાવાદ, પૃ. 72, રૂ. 100 **બિલ્લીબેન ચાલ્યાં મોલમાં** : ધનસુખલાલ પારેક, 2021, 101, મેહલ એપાર્ટમેન્ટ, નાની મહેતવાડ, વલસાડ, 6+42, રૂ. 80 **રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી સન્માનિત બાળ બહાદુરોની યશગાથાઓ** : નટવર હેડાઉ, 2021, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 8+112, રૂ. 130.

નાટક

અકૂપારાતરાપી : (નવલયુગ્મનો નાટાવતાર), ધ્રુવ ભટ્ટ, 2021, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. 136, રૂ. 150 **નો નાટક** : અરુણા ઠાકર, 2021, મંગલ સ્મૃતિ ઘટિયા ફળિયા, રીંગ રોડ, ભૂજ-370001, 4+80, રૂ. 180.

'કોષાધ્યક્ષ'ની કલમેથી...

પરિષદના 'નાણા'કોષના વિકાસ માટે
આપના અમૂલ્ય 'અભિપ્રાયો'રૂપી દાનની અપીલ

માનનીય તેમજ પ્રિય
સાહિત્યપ્રેમીશ્રીઓ,

કોરોનાની મહામારીમાં પણ આપશ્રી શારીરિક તેમજ માનસિક તંદુરસ્ત હશો. કોરોનાની પહેલી, બીજી અને ત્રીજી લહેર(?)માં આપશ્રીની કલમ કટાઈ ન જાય અને વધુ ધારદાર બને તેવી મા સરસ્વતી પાસે પ્રાર્થના. કોરોનાના કપરા કાળમાં પણ અનેક સાહિત્યિક સર્જકો સાહિત્યના વિવિધ પ્રકારની કૃતિઓ રચી ચૂક્યા છે...

જોકે આજે વાત 'સાહિત્યિક' કોષને બદલે 'અર્થ'(નાણા)કોષની કરવી છે. આપણા સૌની પ્રિય એવી 125 વર્ષ જૂની ગુજરાતી સાહિત્યના ઘેઘૂર વડલા સમાન 'ગુજરાતી સાહિત્ય પરિષદ' છેલ્લાં કેટલાંક વર્ષોથી આર્થિક પ્રશ્નો – પડકારો સામે ઝઝૂમી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'નું બદલાયેલું સ્વરૂપ તેમજ પાછલાં વર્ષોનાં અંદાજપત્રો (બજેટ) તેની સાક્ષી પૂરે છે.

પરિષદના 'કોષાધ્યક્ષ' તરીકે મારું કાર્ય પરિષદના આવક-જાવકના પ્રશ્નો અને તમામ હિસાબો પર દેખરેખ રાખવાનું છે. ઉપરાંત પરિષદના બંધારણમાં જણાવ્યા મુજબ અંદાજપત્ર (બજેટ) તૈયાર કરી મધ્યસ્થ સમિતિમાં બહાલી મેળવવાનું તેમજ પરિષદનું કાયમી ભંડોળ વધારવાના સઘન પ્રયત્ન કરવાનું પરિણામલક્ષી કાર્ય પણ મારે હાથ ધરવાનું છે. આગામી માસમાં અંદાજપત્ર (બજેટ) તૈયાર થાય તે પહેલાં હું આપનો સાથ-સહકાર મેળવવા માગું છું.

જી ના... મારી અપેક્ષા આપની પાસેથી આર્થિક 'દાન' મેળવવાની નથી. મારા અલ્પ જ્ઞાન અને ટૂંકા અનુભવોને આધારે મારા મતે મોટી રકમનું આર્થિક ઉપાર્જન જ છે. આથી હું આપની પાસે, મોટા-કીમતી-આર્થિક 'દાન'ને બદલે નાના-અમૂલ્ય 'અભિપ્રાયોરૂપી દાન'ની યાચના કરી રહ્યો છું. આથી આપ સૌ પરિષદની આર્થિક સ્થિરતા કમ સધ્ધરતા માટે સલાહ-સૂચન, માર્ગદર્શન, અભિપ્રાય તેમજ આદેશો મોકલી આપો તેવી આશા અને અપેક્ષા બન્ને છે. પરિષદના આર્થિક વિકાસ માટે હું દાતાશ્રીઓ, નિષ્ણાતો, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો વગેરેની એક 'અર્થ કોષ વિકાસ સમિતિ'ની રચના કરવાનું આયોજન પણ ગંભીરપણે વિચારી રહ્યો છું.

પરિષદના આર્થિક વિકાસ, આગામી બજેટ, સંભવિત 'અર્થકોષ વિકાસ સમિતિ'ની રચના વગેરે અંગેનાં સૂચનો તેમજ માર્ગદર્શન આપ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના સરનામે લેખિતમાં અથવા +91 93270 14077 નંબર પર મૌખિક રીતે પણ જણાવી શકો છો.

આપના સહકારની અપેક્ષા સહ,
રાજેન્દ્ર ઉપાધ્યાયના વંદન.

આ અંકના લેખકો

અબ્દુલ ગફાર કાઝી : મેમનચોક, જુમ્મા મસ્જિદ પાસે, ધ્રોલ-361210 જિ. જામનગર
ઇતુભાઈ કુરકુટીઆ : વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, C/o. ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ-380009
કનુ વસાવા : ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, મુ. સાદરા, જિ. ગાંધીનગર-382320
કેશુભાઈ દેસાઈ : 13, ઐશ્વર્ય-1, પ્લૉટ-132, સૅક્ટર-19, ગાંધીનગર-382021
ગુરૂદેવ પ્રજાપતિ : રામજી મંદિર પાસે, જૂના બજાર, કરજણ
ગૌરાંગ ત્રિવેદી : વૃંદાવન પાર્ક-1, બ્લૉક નં. 8, ઉમવાડા ચોકડી પાસે, ગોંડલ-360311 જિ. રાજકોટ
જગદીશ : C/o. વિનોદભાઈ જાંબુચા, પ્લૉટ નં. 1758, 'ઓમ સાંઈ કૃપા', પ્રભાત સોસાયટી, સરદારનગર, ભાવનગર-364002
જયંત કોરડિયા : અક્ષર એવન્યૂ એપા. બી/102, શીતલનગર સામે, મધુરમ, વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-362015
નીલા જોશી : 2/એ, પુષ્પદંત ઍપાર્ટમેન્ટ, સુયોજન ટાવર સામે, નવરંગપુરા, અમદાવાદ-380009
પરાગ ત્રિવેદી :
પીયૂષ ઠક્કર : 103, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતા મંદિર પાસે, ઓધવપુરા, રોડ ઇલોરાપાર્ક, વડોદરા-390023
પ્રકાશ ન. શાહ : બી/302, સંસિતા, પ્રથમ મહારાષ્ટ્ર સોસાયટી, મંગલવિદ્યાલય સામે, મીઠાખળી, અમદાવાદ - 380006
પરીક્ષિત જોશી : 6, તપસ્વી જલારામ સોસાયટી, રામતીર્થ સોસાયટી પાસે, જ્ઞાનદા બસ સ્ટેન્ડ, જીવરાજ પાર્ક માર્ગ, વેજલપુર, અમદાવાદ-380051
બ્રીજેશ પંચાલ : panchalbrijesh02@gmail.com
ભરત મહેતા : 'મન્દાર', બી/97, યોગીનગર ટાઉનશિપ, રામાકાકાની દેરી પાસે, છાણી, વડોદરા-391740
મનસુખ સલ્લા : સી/403, સુરેલ એપાર્ટમેન્ટસ, દેવાશિષ સ્કૂલ સામે, જજીસ બંગલા, આંબાવાડી, અમદાવાદ-380015
મનીષ પરમાર : મુ. વાવડી(ગઢ), પો. ધરોઈ કૉલોની-384360
મંગળ રાવળ : મુ. પો. અંબાલા, તા. બહુચરાજી, જિ. મહેસાણા-384415
યુસુફ મીર : રહેમાની સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ, જુહાપુરા, અમદાવાદ-380055
રમણ વાઘેલા : 652/2, સેક્ટર-8, સિદ્ધાર્થપાર્ક, ગાંધીનગર-3820007
રાજેન્દ્ર ઉપાધ્યાય : 3/બી, જીવનસ્મૃતિ સોસાયટી, મીરામ્બિકા સ્કુલ પાસે, નારણપુરા, અમદાવાદ-380013
વજેસિંગ પારગી : નવજીવન ટ્રસ્ટ,ગુજરાત વિદ્યાપીઠ પાછળ, અમદાવાદ-380014
વારિજ લુહાર : એ/105, આલાપ ઍવન્યૂ યુનિ. રોડ, રાજકોટ-360005
સિકંદર મુલતાની : માળીવાડ, જગન્નાથજી મંદિર પાસે, ગ્રીનચોક, લીંબડી-363421
શકીલ કાદરી : ડી/114, મધુરમ સોસાયટી, તાંદલજા રોડ, વડોદરા-390012
શિરીષ પંચાલ : 233, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા-390007
સુશીલા વાઘમશી : મદદનીશ પ્રાધ્યાપક, દીવ કૉલેજ, દીવ.
હર્ષ બ્રહ્મભટ્ટ : 74/9, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-380008

મોહમ્મદ માંકડનાં પ્રાપ્ય પુસ્તકો



વાર્તાસંગ્રહ

ચોટ	180
મોહમ્મદ માંકડની વાર્તાઓ ભા. 2	560
ડાઇનિંગ ટેબલ (સંપા. અસ્મા માંકડ)	230

નવલકથા

હવામાં કોની સુગંધ	50
દંતકથા	55
બંધનગર-1	80

લઘુનવલ

વંચિતા	18
ભદ્રા	21
ધુતારા	21
એક છોકરી, એક સ્ત્રી	16

જીવનપ્રેરક લેખસંગ્રહ

ઉજાસ	500
પ્રાર્થનાઃ પોતાની જાતને પામવાનો સરળ માર્ગ	175
ચાલતા રહો, ચાલતા રહો	150
નિરાશા સામે	150
જીવનના કોઈપણ ક્ષેત્રમાં તમે 'સફળતા' પ્રાપ્ત કરી શકો છો	280

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1.
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, 98252 68759
email : gurjarprakashan@gmail.com, website : www.gspbooksmall.com

રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

નવલિકા-વાર્તાસંગ્રહો

હરીશ નાગ્રેચા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
એક ક્ષણનો ઉન્માદ	૧૩૫.૦૦
હેલો, સૂર્યા!	૧૦૫.૦૦
અને છતાં પણ	૧૦૨.૦૦

માવજી કે. સાવલા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મુગ્ધ અબોધ પ્રેમની અનોખી દાસ્તાન (અનુવાદિત વાર્તાસંગ્રહ)	૨૦૦.૦૦
સ્વપ્ન : એક બુદ્ધુનું (દોસ્તોયવ્સ્કીની The Dream of a Ridiculous Manનો OLGA SHARTSE દ્વારા અંગ્રેજીમાં અનૂદિત થયેલ વાર્તાનો ગુજરાતી અનુવાદ)	૩૫.૦૦

મહેશ યાજ્ઞિક

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મહેશ યાજ્ઞિકની ૫૧ વાર્તાઓ	૩૬૫.૦૦
મહેશ યાજ્ઞિકની ૫૦ વાર્તાઓ	૩૭૫.૦૦
કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૪૦ વાર્તાઓ	૩૪૦.૦૦
કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૩૫ વાર્તાઓ	૩૪૦.૦૦
મહેશ યાજ્ઞિકની ૨૬ વાર્તાઓ	૨૯૫.૦૦

રમેશ શાહ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
વાર્તાપચીસી	૭૫.૦૦
અચલ	૨૭.૦૦

કનુ આચાર્ય

પુસ્તકનું નામ	કિંમત રૂ.
પિયાલો	૧૩૦.૦૦
ગાંધીનો દીકરો થા મા	૧૨૫.૦૦
આંતર-બાહ્ય	૧૦૫.૦૦

સાંકળચંદ પટેલ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સદાચાર ખોવાયો છે	૧૦૦.૦૦
ભારતીય ભાષાઓની પ્રથમ **૧૫ વાર્તાઓ** (અનુવાદિત વાર્તાસંગ્રહ)	૭૦.૦૦

સુમંત રાવલ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
કોરા કેનવાસના રેખાચિત્રો	૧૩૨.૦૦
વાર્તાક્રમણ	૯૫.૦૦

અરૂણ ત્રિવેદી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અષાઢની એક મેઘલી રાત	૯૫.૦૦
અલ્પવિરામ	૧૩૦.૦૦

પન્ના ત્રિવેદી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સાતમો દિવસ	૧૬૦.૦૦
રંગ વિનાનો રંગ	૭૫.૦૦
આકાશની એક ચીસ (ટૂંકી વાર્તાઓ) (એજન્સી)	૩૫.૦૦

કનુ આચાર્ય

પુસ્તકનું નામ	કિંમત રૂ.
પિયાલો	૧૩૦.૦૦
ગાંધીનો દીકરો થા મા	૧૨૫.૦૦
આંતર-બાહ્ય	૧૦૫.૦૦

રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009

ઇમેઇલ rangdwar.prakashan@gmail.com, વેબ સાઇટ : http://www.rangdwar.com

નવાં પ્રકાશનો

અદ્યતન કવિતા	રઘુવીર ચૌધરી	વિવેચન	500
ગિરનાર	સંજય ચૌધરી	પ્રવાસ	200
કિલીમાન્જારો	જયંત પાઠક	નિબંધ	120
સોમતીર્થ	રઘુવીર ચૌધરી	નવલકથા	300
લાવણ્ય	રઘુવીર ચૌધરી	નવલકથા	360
શુક્લપક્ષ	જયદેવ શુક્લ	વિવેચન	300
ઑસ્ટ્રેલિયાનો પ્રવાસ	કાલિન્દી પરીખ	પ્રવાસ	130
કુદરતની હથેલી	રઘુવીર ચૌધરી	કાવ્ય	120
મહાજન	રઘુવીર ચૌધરી	નાટક	120
દર્શકના દેશમાં	રઘુવીર ચૌધરી	વિવેચન	300
વિસામા વિનાની વાટ (રઘુવીર ચૌધરીની વાર્તાઓ) સં. રમેશ ર. દવે			200
માનસથી લોકમાનસ	રઘુવીર ચૌધરી	ચરિત્ર	300
દૂરથી સાથે	રઘુવીર ચૌધરી	વાર્તાસંગ્રહ	120
ઉપરવાસ, સહવાસ, અંતરવાસનો સેટ - રઘુવીર ચૌધરી નવલકથા			700
સરવંગા	નરોત્તમ પલાણ	વિવેચન	150
ઉપરવાસ વિશે	સં. સંજય ચૌધરી	વિવેચન	200
કાવ્ય અને પ્રયોગ	ધીરેન્દ્ર મહેતા	વિવેચન	200
વિરહિણી ગણિકા	રઘુવીર ચૌધરી	વાર્તાસંગ્રહ	200
સાદ ભીતરનો	કંદર્પ દેસાઈ	વાર્તાસંગ્રહ	160
રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ સં. પારુલ-કંદર્પ દેસાઈ વાર્તાસંગ્રહ			200
લાગણી	રઘુવીર ચૌધરી	નવલકથા	100
ગોકુળ, મથુરા, દ્વારકાનો સેટ	રઘુવીર ચૌધરી	નવલકથા	520

સુખદ કદિક જોતાં શ્યામ એકાંત રાત્રે
અવનિ ઉપર નીલું આભ શીળું તરે છે
ગત અનુભવ તાજા થાય, તન્દ્રા વિષે શું
મુજ શિર પર છાનો હાથ માનો ફરે છે.

સિંધુના શુભ લક્ષ્યમાં સરિતની જાતે વડાઈ નથી.
અદ્રિના જળપોષણે વહી-વહી શક્તિ મળે છે નવી.
આદર્શે વહતાં મળે સફળતા ત્યાં કૈં જ મારું નથી.
માબાપે મુજ પ્રાણ સંસ્કરણમાં આપ્યું ફળે છે મથી.

જગન્માતર મારે જનમ-મરણે કૈંક ફરવું
તમારા ખોળામાં પડખું અહીંથી ત્યાં બદલવું.
અખૂટ્યા વાત્સલ્યે અમૃતપયપાને વિલસવું.
મને શી ચિન્તા જ્યાં જનનિ તવ અંકે ઉછરવું?

માના અંક સમાન વિશ્વભરમાં પર્યંક બીજો નથી.
ખૂંદે હેત કરે વિશેષ જનની, એ લ્હાવની વૃત્તિથી
શય્યા શેષ તણી તજી, શિશુ બની વિષ્ણુ સ્વયં જેમને
ધાવ્યા અંક વિષે, નમું જનનિ! તે માતા યશોદા તને.

જનો સ્પર્શે પામે સુરસરિતનો પાર ન છતાં
તરે ગંગાસ્નાને ભવજલધિને એ સહજમાં
તવૈશ્વર્યે તેવો અબુધ તવ નામ સ્મરણથી
જનેતા, હું શાતા વિમલ ગ્રહું અંતઃકરણથી.

રહી છેટે બિન્દુ જલનિધિ તણું બિમ્બ ગ્રહતું.
પડે જો સિન્ધુમાં જળમય થતાં લુપ્ત બનતું.
તથૈવ સ્તોત્રે છો તવ ગુણકથા વર્ણવી શકું,
છતાં વાણી તૂટે જ્યહિં જનનિ! હું તન્મય બનું

- સ્વ. મુકુન્દરાય વિ. પારાશર્ય

પીયૂષ પારાશર્ય
મો. 9825187007

માય ડિયર જયુની પોત્તાની પ્રકાશન-વ્યવસ્થા

લટૂર પ્રકાશન

'અવનિલોક', 3 શાંતિનગર સોસાયટી, 2273 હિલ ડ્રાઇવ, ભાવનગર-1

વસાવો - વાંચો - વખાણો

• શીર્ષસ્થ વાર્તાકારોના તાજા વાર્તાસંગ્રહો •

- તુંહિ તુંહિ : ગિરીશ ભટ્ટ : કિં. રૂ. 225/-
- કાલની ઘડી ને આજનો દિ' : નવનીત જાની : કિં. રૂ. 200/-
- ઓતાર : ગોરધન ભેંસાણિયા : કિં. રૂ. 160/-
- પડથારો : ગોરધન ભેંસાણિયા : કિં. રૂ. 180/-
  [નવી બીજી આવૃત્તિ]
- કમઠાણ : સંજય ચૌહાણ : કિં. રૂ. 180/-
- મને ટાણા લઈ જાવ! : માય ડિયર જયુ : કિં. રૂ. 200/-
  [નવી બીજી આવૃત્તિ]
- દેવીપૂજક : માય ડિયર જયુ : કિં. રૂ. 150/-
- અજવાળાં ઓઢીને ઊભા શ્વાસ : ભાર્ગવ ભટ્ટ : કિં. રૂ. 180/-
  [સત્યઘટના પર લઘુનવલકથા]

અન્ય ગુજરાતના જાણીતા કવિઓના 12 કાવ્યસંગ્રહોની કિં. 1605/- થાય છે. આખો સેટ ખરીદનારને રૂ. 1000/-માં ઘેર બેઠાં પહોંચાડીશું.

તમારા બુકસેલર પાસેથી મળશે. સીધો સંપર્ક કરો : વિશેષ વળતરથી ઘેર બેઠાં પહોંચાડીશું.

માય ડિયર જયુ : 9898 9696 26 – 9426160209

અવનીન્દ્ર : 962469 5646 – 9377115646

ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો

ક્રમ	પુસ્તકનું નામ	કિંમત
1.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 1	225/-
2.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 2/1	300/-
3.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 2/2	250/-
4.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 3	525/-
5.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 4	550/-
6.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 5	425/-
7.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 6	450/-
8.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 7	450/-
9.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 8/1	560/-
10.	ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 8/2	620/-

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ,
નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હૉટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

શ્રી ભાણદેવજી કૃત અધ્યાત્મ જગતનાં અદ્વિતિય પુસ્તકો

શ્રી ભાણદેવજી આપણા સિદ્ધિમન્ત, સુકૃત અને પ્રતિભાવંત અધ્યાત્મપુરુષ છે. અધ્યાત્મ-જગતના ઉચ્ચ આયામે બિરાજતા આવા અસ્તિત્વની આ છે જ્ઞાનગંગા

હિમાલયના ચાર ધામની યાત્રા	૧૬૦	જીવનનું સાચું દર્શન	૧૨૫
શ્રીરઘુનાથ કથામૃત	૮૫૦	શ્રીઅરવિંદનું આધ્યાત્મિકદર્શન	૧૬૦
શ્રીરામપ્રેમની ગંગા	૨૯૦	ભારતના ઘડવૈયા	૨૮૦
શ્રીમદ્ ભાગવતનું રસદર્શન	૧૩૦	વેદ દર્શન	૧૫૦
શ્રીકૃષ્ણનું અધ્યાત્મદર્શન	૨૭૫	યજુર્વેદ દર્શન	૧૮૦
મહાભારતમાં અધ્યાત્મવિદ્યા	૨૭૫	અથર્વવેદ દર્શન	૧૮૫
સંત કબીરનું અધ્યાત્મદર્શન	૩૦૦	સામવેદ દર્શન	૧૮૫
અધ્યાત્મગંગા	૪૦૦	ઋગ્વેદ દર્શન	૩૦૦
હિમાલયના રહસ્યોની કથા	૩૫૦	મીરાનું અધ્યાત્મ દર્શન	૪૦૦
શ્રી કૃષ્ણજીવનનું સત્ય	૨૨૦	હિમગિરિ વિહરણ	૨૫૦
શ્રી કૃષ્ણાવતાર ચિંતન	૩૦૦	અધ્યાત્મ-કથાઓ	૪૦૦
મહાપ્રાજ્ઞ જ્ઞાનીભક્ત ઉદ્ધવજી	૨૦૦	જીવનનાં રહસ્યો	૧૭૫
કિન્નરોના દેશમાં	૨૪૦	ભાગવત વિદ્યા (ભાગ : ૧-૨)	૭૦૦
શ્રી કૃષ્ણલીલાનાં રહસ્યો	૨૪૦	યોગવિદ્યા	૫૨૫
વજ્રયાન	૨૭૫	ગંગાસતીનું અધ્યાત્મદર્શન	૨૦૦
હિમાલયની ભીતરમાં	૧૪૦	શિક્ષકનું દર્શન	૧૨૫
સંપૂર્ણ નાથસંપ્રદાય	૪૦૦	ઉપનિષદવિદ્યા	૫૦૦
શ્રીમદ્ભાગવત રહસ્ય	૧૭૫	હિમાલય દર્શન	૭૫૦
દેવાધિરાજ હિમાલય	૨૪૦	આપણો વહાલો હિન્દુ ધર્મ	૩૨૫
હિમાલયના સંતો	૧૯૦	ભોગ અને યોગ	૧૩૦
શિક્ષણદર્શન	૧૨૫	ઉપનિષદની કથાઓ	૧૧૦

ભાણદેવજીના આશરે અન્ય ૧૫૦ પુસ્તકો પણ છે.

સૂચિપત્ર માટે સ્કેન કરો

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ
website : www.pravinprakashan.com
e-mail : pravinprakashan@yahoo.com
92650 44262

નોબેલ પ્રાઇઝ વિજેતા બટ્રાન્ડ રસેલનું 'ગેઇટ્સ ઑફ વિઝડમ' પુસ્તક ખાસ વાંચવા જેવું છે. બુદ્ધિશાળી વાચકોના આ પ્રિય લેખક છે. વિશ્વશાંતિ માટે એ સદાય ચિંતિત રહેતા. તેઓ બુદ્ધિવાદી અને રેશનાલિસ્ટ હતા. પોતે જેવું લખે તેવું જ જીવતા.

– યાસીન દલાલ

શેષેન્દ્ર શર્માની 'ના દેશમ્ ના પ્રજલુ' કૃતિનો નાયક એક સામાન્ય ખેડૂત છે. એની જીવનકથા એ આ મહાકાવ્યનું વિષયવસ્તુ છે. કવિ ખેડૂતજીવનના માધ્યમથી સમગ્ર મનુષ્યજાતિનો વિચાર કરે છે. ખેતરની જમીનના માધ્યમથી સૃષ્ટિનો વિચાર કરે છે. આખુંય મહાકાવ્ય સંબોધનશૈલીમાં લખાયેલું છે. કવિ કહે છે : આ કૃતિમાં મારું રક્ત વહે છે. એમાં મેં મારું આયુષ્ય, પાંડિત્ય, પ્રતિભા, અનુભવ અને સર્વસ્વ નિચોવીને એને શબ્દોથી કંઠમાં ઉતારીને આ બ્રહ્માંડનું નવનીત પ્રગટ કર્યું છે.

– ડૉ. કુમારપાળ દેસાઈ

ડિક્શનેરીનો ઇતિહાસ હજારો વર્ષ પુરાણો છે. ઈસવીસન પૂર્વે 2300માં મેસોપોટેમિયાના અક્કાડિયન સામ્રાજ્યમાં સુમેરિયન અને અક્કાડિયન ભાષા વચ્ચે સેતુ બનાવવાના ભાગ રૂપે વિશ્વની સૌપ્રથમ ડિક્શનેરી બનાવવામાં આવી હતી. સૌપ્રથમ સંસ્કૃત ડિક્શનેરીની રચના ચોથી સદીમાં અમરસિંહા દ્વારા કરવામાં આવી હતી અને તેને 'અમરકોશ' તરીકે ઓળખવામાં આવે છે. લોકવાયકા પ્રમાણે અમરસિંહા વિક્રમાદિત્યના દરબારમાં નવરત્ન પૈકીના એક હતા. 10 હજાર શબ્દો ધરાવતા 'અમરકોશ'નો અનુવાદ ચાઇનીઝ અને તિબેટિયન ભાષામાં પણ કરાયો છે.

– ચિંતન બુચ

માત્ર પંદર મિનિટ જુદી કાઢીને 'ગાંધીજીની આત્મકથા'ની પ્રસ્તાવના વાંચવાની ભલામણ છે. ગુજરાતી ગદ્યની તાકાત એમાં અનુભવવા મળશે. કદાચ આંખ ભીની થશે. આંખ માણસને બહારનું જોવા માટે મળી છે; પરંતુ એ જ્યારે ભીની થાય ત્યારે માણસ પોતાની ભીતર જોઈ શકે છે.

– ગુણવંત શાહ

સ્થાન-સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

વિહાર

બારી-બારણાં-ભીંત-વંડી વિનાના, પ્રકાશના ખુલ્લા ચંદરવા નીચે ચાલવાનું મળે એ વિહાર છે. દિગ્-દિગંત સુધી વિસ્તરેલી આ અસીમ વસુધા પર ચાલવાનું હોય છે. આ વિહારમાં ચારે બાજુથી વહી આવતા શુભ વિચારોને ઝીલવાની તક સાંપડે છે. તે ઝિલાય પણ છે. પશુ ચરે છે, પક્ષી વિચરે છે અને માણસ વિચારે છે. કુદરતના સાંનિધ્યમાં વિચરતાં વિચારવાનું પૂર્ણપણે સાંપડે છે. ત્યારે વેદની પ્રાર્થનાનો મર્મ ઊઘડતો લાગે છે.

વિહાર એ ચેતોવિસ્તાર સાધવાની પ્રક્રિયાનો ભાગ છે. અન્નમય કોશ, પ્રાણમય કોશને ઓળંગીને મનોમય કોશ - વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશનાં ઉન્નત શૃંગો તરફ દોરી જતી કેડી છે; ચેતનાના ઊર્ધ્વારોહણના સોપાનની શ્રેણી છે.

આવો વિહાર જે માણે તે જ જાણે.

(પાઠશાળા) - **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

વિહારમાં

ઊજળા તડકાથી શોભતી શિયાળાની બપોર હતી. સહેજ પણ ધુમાડાની સેર ન હોવાથી આકાશ સ્વચ્છ, નિરભ્ર અને આસમાની હતું. ખેતરો પણ વધુ સોહામણાં લાગી રહ્યાં હતાં. અમારી કેડી ખેતર વચ્ચેથી જતી હતી. ક્યારેક, બે ખેતર વચ્ચેની વાડમાંથી જવાનું આવતું. રાઈડાના છોડ પર આવેલાં સોનેરી-પીળાં ફૂલોનું જાણે તળાવ. વળી, એને ચમકાવતો કુમળો તડકો ચારેકોર પથરાયો હતો. તેમાંયે ઠંડો શિયાળુ વાયરો હીંચકાનું કામ કરતો હતો. લયબદ્ધ હિલોળા લેતાં એ ખેતરોને આંખો ભરીને જોયાં અને મન ભરીને માણ્યાં. પગ એ જ લયમાં ગતિ કરતા હતા. મન તૃપ્ત થતું હતું, તાજું થતું હતું. જાણે અમે આગળ વહેતા હતા!

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

નિમેષભાઈ ડગલી

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

એકત્ર ફાઉન્ડેશન

એકત્ર વતીથી, **રમણ સોની સંપાદિત સમયદર્શી સાહિત્ય સંદર્ભ કોશ (ગ્રંથ-૧ : કર્તાસંદર્ભ)**ની, સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. એમાં, જેમનું ઓછામાં ઓછું ૧ પુસ્તક પ્રકાશિત થયું હોય એવા, આજ સુધીના લેખકોની વિગત આવરી લેવાશે.

નીચેની લિંક ખોલવાથી લેખકોની કક્કાવારી ક્રમે યાદી ખૂલશે. એમાં આપનું નામ ન હોય તો નીચેના નમૂના મુજબની વિગતો અમને જણાવવા વિનંતી.

https://wiki.ekatrafoundation.org/wiki/SSS

▼

અટકથી શરૂ થતું પૂરું નામ જન્મતારીખ

પ્રથમ પ્રકાશિત પુસ્તક(મૌલિક/અનુવાદ/સંપાદન–કોઈપણ વિષયનું), પ્રકાશનવર્ષ

ઉ.ત.

ટોપીવાળા, ચંદ્રકાન્ત અમૃતલાલ ૭-૮-૧૯૩૬

મહેરામણ ૧૯૬૨

વિગતો ramansoni46@gmail.com કે atulraval@gmail.com પર મોકલશો.

▼

(સૂચિમાં આપનું નામ અને જન્મવર્ષ હોય, પણ એમાં કોઈ ભૂલ હોય તો એ પણ જણાવશો.)

– અતુલ રાવલ
એકત્ર વતી